જગદ્ગુરુ અખંડભૂમંડલાચાર્યવર્ય

શ્રીમદ્ વલ્લભાચાર્યજી

શ્રી મહાપ્રભુજી વિરચિત

# ષોડશગ્રંથ ભાગ પહેલો



પુસ્તક પ્રકાશન ગ્રંથમાળા પુષ્પ-૧

વિવેચક, અનુવાદક-પૂ. શાસ્ત્રીજી ચિમનલાલ હરિશંકર

પ્રકાશક : મધુસૂ[illegible] શાસ્ત્રી

મૂળભૂત કીંમત

નફા વગરની
ન્યોછાવરી
૨૦

નફા વગ[illegible] ૦
ન્યોછાવ[illegible]
૨૦

### શ્રી કૃષ્ણઃ

## અખિલ ભારતીય શ્રી બાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભા
## મોટામંદિરની પોળ. સુરતની પરીક્ષાઓ (સ્થાપનાસં. ૧૯૮૨)

ગુજરાતી, હિન્દી અથવા સંસ્કૃત ભાષાના ગ્રન્થો દ્વારા સામ્પ્રદાયિક જ્ઞાનનો પ્રચાર વૈષ્ણવોમાં થય, એ હેતુથી આ મહાસભાએ સંવત ૧૯૮૨ની સાલથી આ પરીક્ષાઓ શરૂ કરી છે આ નિઃસ્વાર્થ પ્રવૃત્તિથી સામ્પ્રદાયિક સિધ્ધાંતજ્ઞાનનો પ્રચાર લગભગ છાપન [૫૬] વર્ષોથી સુંદર–સંગીન રીતે થઈ રહ્યો છે. સામાન્ય ભણેલા યુવકો અને બહેનો આ પરીક્ષાઓમાં ભાગ લે છે. આ પરીક્ષામાં બેસવા માટે છેલ્લી પદવીની પરીક્ષામાં પાંચ રૂપિઆ, પ્રવેશ ફી, તેમજ પૂર્વ પ્રથમાથી ચતુર્થી સુધી ૨ (બે) રૂપિયા પ્રવેશ ફી છે. ગુજરાતી ચાર ધોરણ પાસ કરનાર, કોઈ પણ ઉંમરના સ્ત્રી-પુરુષ આ પરીક્ષામાં બેસી શકે છે. પ્રતિવર્ષ સરાસરી ૩૦૦૦ પરીક્ષાર્થી ભારતમાં લગભગ ૧૫૧ કેન્દ્રોમાંથી બેસે છે આ ઉપરથી એક [વિદ્યાપીઠ] ચાલતી હોય તેવો લાભ આ પરીક્ષાઓથી સમસ્ત મનુષ્યમાત્રને થઈ રહ્યો છે. ખાનગીમાં અથવા પાઠશાળામાં અભ્યાસ કરી, આ પરીક્ષાઓ પોતપોતાના ગામમાં નિરીક્ષકોની દેખરેખ નીચે આપી શકાશે. માટે પરીક્ષાઓ આપો.

### તમોને મહાસભા વિનંતી કરે છે કે-

આ ધાર્મિક પરીક્ષાઓમાં તમો કઈ રીતે ઉપયોગી થઈ શકો છો ? તે વિચારી જૂઓ પરીક્ષાર્થી તરીકે પરીક્ષક તરીકે પ્રચારક તરીકે અધ્યાપક તરીકે, દ્રવ્ય સહાયક તરીકે, તદુપરાંત તમારા અથવા તમારા વડીલના નામે ઈનામોની જાહેરાત કરીને, ધાર્મિક પુસ્તકો છપાવી આપીને, પરીક્ષાના ધાર્મિક પુસ્તકો તમારા ગામમાં પરીક્ષાર્થીને મફત વહેંચીને, કઈ રીતે તમો 'મહાસભા'ને મદદ કરી શકો છો કે નહીં ? તે વિચારી જુઓ. અવશ્ય આ સંસ્થા અથવા તેના કેન્દ્રને. તમો ગમે તે સ્થિતિમાં હો, તો પણ ધારો તો તમે ઉપરની ગમે તે રીતે મદદ કરી શકો તેમ છો. આજે જ ઉપરને શરનામે પત્રવ્યવહાર કરી, પોતાનો મનોરથ પૂરો કરો. [આજેજ ફોર્મ ભરી સુરત મોકલો]

પુસ્તક પ્રકાશન ગ્રંથમાળા–પુષ્પ–૧

શ્રીમદ્ જગદ્‌ગુરુ શ્રીવલ્લભાચાર્યજી શ્રી મહાપ્રભુજી વિરચિત

# ષોડશગ્રંથ ભાગ પહેલો

—: અનુક્રમણિકા :—


| | | |
|---|---|---|
| ૧ | મંગળાચરણ | ૪ |
| ૨ | શ્રી સર્વોત્તમ સ્તોત્ર (અર્થ સહિત) | ૭ |
| ૩ | શ્રી યમુનાષ્ટક (અર્થ–વિવેચન સહિત) | ૧૫ |
| ૪ | શ્રી બાલબોધ (અર્થ–વિવેચન સહિત) | ૩૨ |
| ૫ | સિધ્ધાંત મુક્તાવલિ સાર | ૪૬ |
| ૬ | સિધ્ધાંત મુકતાવલિ (અર્થ–વિવેચન સહિત) | ૪૮ |
| ૭ | સિધ્ધાંત રહસ્ય (અર્થ–વિવેચન સહિત) | ૬૬ |
| ૮ | સિધ્ધાંત રહસ્યનું સ્વારસ્ય | ૮૨ |
| ૯ | શ્રીકૃષ્ણાશ્રયં (અર્થ–વિવેચન સહિત) | ૮૪ |
| ૧૦ | શ્રીકૃષ્ણાશ્રયનું રહસ્ય | ૮૯ |
| ૧૧ | ચતુઃશ્લોકી (અર્થ–વિવેચન સહિત) | ૯૧ |
| ૧૨ | ચાર પુરુષાર્થ વિચાર | ૯૫ |
| ૧૩ | તમોને મહાસભા વિનંતિ કરે છે કે | ૯૬ |


*


અનુવાદક તેમજ વિવેચક

**પ.ભ. પૂજ્ય શ્રી ચિમનલાલ હરિશંકર શાસ્ત્રીજી**



પ્રકાશક : ( પુન : પ્રકાશનના સર્વહક્ક સ્વાધીન છે. )

**મધુસૂદન ચિમનલાલ શાસ્ત્રીજી**

૧૦–૩૧૦ મોટામંદિરની પોળ–સુરત. ૩૯૫૦૦૩

મૂળભૂત કીંમત ... ોછાવર

રાહ

નફા વગરની ન્યોછાવરી ૨૦ | નફા વગરની ન્યોછાવરી ૨૦

પુસ્તક પ્રકાશન ગ્રન્થમાળા–પુષ્પ-૧ ષોડશગ્રન્થ-ભાગ : પહેલો

શ્રીમદ્ જગદ્‌ગુરુ શ્રી વલ્લભાચાર્યજી શ્રી મહાપ્રભુજી વિરચિત અનુવાદક તેમજ વિવેચક પ. ભ. વે શા સં. પૂજ્ય શ્રી ચિમનલાલ હરિશંકર શાસ્ત્રીજી શુદ્ધાદ્વૈત શિરોમણિ સત્ સિદ્ધાન્ત વિશારદ, મહામહોપદેશક વ્યાખ્યાન માર્તણ્ડ,

આ અમૂલ્ય પુસ્તક ષોડશગ્રન્થ ભાગ પહેલો ( પુષ્પ-૧ ) પ્રકાશિત કરતાં અમોને આનંદ થાય તે સ્વાભાવિક છે. આ પુસ્તક પચાસ વર્ષ પહેલાં સં. ૧૯૮૨માં પૂજ્ય શ્રી શાસ્ત્રીજી ચિમનલાલ હરિશંકરે અનુવાદિત કરેલો હતો. આજે પણ તેના જેવી સમન્વયાત્મક સહેલી ટીકાવાળો ગ્રન્થ નથી, કે જે દ્વારા ગામડાની જનતા સમજી શકે, તેમજ નાના–નાના બાળકો શ્રીમહાપ્રભુજીના મહામૂલા પ્રભુપ્રાપ્તિ માટેના સિદ્ધાંતો સમજી શકે. સંપ્રદાયમાં પ્રવેશ કરવા માંગતા બ્રહ્મસંબંધિ જીવો કે જેઓ બ્રહ્મસંબધ લીધા પછી કે તે પહેલાં શું વાંચવું ? વિચારવું ? તેમના હાથમાં પણ આ સુફળ ગ્રંથ આપી શકાય. મહાસભાની પરીક્ષા આપતા નાના મોટાભાઈ બહેનો સમજી શકે તેવી સરળ શૈલીમાં પૂજ્ય શાસ્ત્રીજી એ આ પ્રયાસ કર્યો છે.

આ પ્રાચીન મહામુલો ગ્રંથ હવે ત્રણ ભાગમાં સરળ શૈલીમાં પ્રકટ થાય છે, આ પહેલા ભાગમાં (૧) મંગલા ચરણ ૨)સર્વોત્તમ સ્તોત્ર (૩) શ્રી યમુનાષ્ટક (૪) બાલબોધ (૫) સિધ્ધાન્ત મુક્તાવલિ (૬) સિધ્ધાંત રહસ્ય (૭) શ્રી કૃષ્ણાશ્રય (૮) ચતુઃશ્લોકી છે. આમ સોળ ગ્રંથોમાંથી ૬ ગ્રંથોનો આ પહેલા ભાગમાં સમાવેશ છે. બીજા બે ભાગ હવે પછી પ્રકાશિત થશે, તેમાં ષોડશગ્રંથના બાકીના ૧૨ ગ્રંથોનો સરળ અર્થ તેમજ સરળ વિવેચન સહિત સમામેશ છે.

ધર્મજીજ્ઞાસુ તેમજ પ્રભુ પ્રાપ્તિ માટે મથતા, તેમજ પૂજ્ય ગોસ્વામિ બાળકો પાસે બ્રહ્મસંબંધ લેવા માંગતા પ્રત્યેક જીવ માટે, શ્રીમહાચાર્યચરણના આ સોળ ગ્રંથો વાંચી વિચારી અમલમાં મૂકવાથી પ્રભુને પ્રત્યક્ષ કરવા માટે અવશ્ય સહાયભૂત થશે. દ્રવ્ય સહાય કરનારને ધન્યવાદ.

૧૦-૩૧૦ મોટામંદિર, શ્રીમદ્ વલ્લભચરણાનુરાગીદાસાનુદાસ
સુરત, તા. ૩૦–૪–૮૧ મધુસૂદન શાસ્ત્રીના સદૈન્ય ભગવત્સ્મરણ

॥ श्रीवल्लभ शरणम् ॥

## ઉદ્દાહાર

**ષોડશગ્રંથ એટલે**—શ્રીમહાપ્રભુજીએ નિર્ગુણ સ્વતંત્ર શુધ્ધ દુર્લભ ભકિતમાર્ગના રહસ્યમય સૂક્ષ્મ સિધ્ધાંતોને સૂત્રરૂપે દર્શાવવા રચેલા સોળ ગ્રંથોને આપણે ષોડશગ્રંથ કહીએ છીએ. ( સ. નિબંધની કા. ૧૯૬માં ) કહે છે કે નિબંધમાં નિર્ગુણ ભકિતમાર્ગ કહેવામાં આવ્યો નથી. શ્રીભાગવતમાં છે. પણ મિશ્ર છે.

આ ષોડશગ્રંથ સંસ્કૃત ટીકાઓ વિના ન જ સમજાય. શ્રીતેલીવાલાએ સંસ્કૃત સર્વ ટીકા પ્રકટ કરવાનો સફલ યત્ન કર્યો. તેમાં પાંચ છ ગ્રંથની સર્વ સંસ્કૃત ટીકા અને તેના આધારે ગુજરાતી અનુવાદ મારા ( ચીમનલાલ શાસ્ત્રીજીના ) કરેલા છે, ટીકાઓમાંથી ઉપયુકત સારલઇ રહસ્યાર્થ રૂપે અત્રે લેવામાં આવેલો છે.

## અનુવાદનું કારણ

અન્વયાર્થ સાથેના ષોડશગ્રંથોની અપેક્ષા આ મહાસભાની શુધ્ધાદ્વૈત પરીક્ષા માટે હતી. જેથી પરીક્ષાર્થી અને નિત્ય પાઠકને પણ રહસ્ય સમજવાનું સારલ્ય થાય. યદ્યપિ અનેકરૂપે આના અનુવાદ પૂર્વે છવાયા છે. મુંબઈના મારા મિત્ર દાદાભાએ પચાશ હજાર ષોડશગ્રંથ મફત વાંટયા. તે હવે નથી મળતા. અમે માનીએ છીએ કે અનેક ગીતાના અનુવાદોની માફક ષોડશના સિધ્ધાંતો ભિન્નભિન્ન શૈલીથી સમજાવવામાં આવે તો તે ભૂષણ છે. દૂષણ નથી. પરંતુ સર્વે અનુવાદકોનું દષ્ટિબિંદુ પ્રાચીન સંસ્કૃત ટીકાને અનુલક્ષીને હોવું જોઈએ. તો જ મધપુડામાંથી નિચોવેલા શુધ્ધ મધ જેવો સર્વગુણ રહસ્યાર્થ મળે. મનસ્વી વિચારો મૂકવાથી છબડકો વળે. શ્રી છગનલાલશાસ્ત્રીજી અને શ્રી નૃસિંહલાલજી મહારાજ શ્રી વિઠ્ઠલેશરાયજીમહારાજશ્રીએઅને મેં(ચી.હ.શાસ્ત્રી)લ. છ. દેશાઇને ષોડશ

લખી આપેલા, વિગેરેનું એજ દષ્ટિબિંદુ હતું. શ્રી મોહનલાલ વિ. ગાંધીએ જે શૈલીથી લખ્યા. તેનાથી પણ ઘણો ઉપકાર થયો છે. જપ પાઠ કરવાના નિત્ય નિયમમાં ઘણા વૈષ્ણવો ષોડશના પાઠ કરે છે. પરંતુ રહસ્યાર્થ સમજીને કરનારાની સંખ્યા સ્વલ્પ છે. શ્રીમહાપ્રભુજીએ ષોડશમાં પદે પદે સૂત્રરૂપે સિધ્ધાંત ભારોભાર ભરેલા છે. ષોડશપર વ્રજભાષામાં શ્રીહરિરાયજીઆદિની ટીકાઓ છે. ષોડશ પર હજુ પણ અપ્રસિધ્ધ ધોળપદ પણ છે. આ સર્વ છપાવવું જોઇએ.

ગો. વા. પ. ભ. **ઈશ્વરલાલ** મ. શાહે અન્વયાર્થ સાથે લખવાની મને પ્રેરણા કરી. તેઓ સામ્પ્રદાયિક સાહિત્યના માર્મિક અભ્યાસી હતા. મહાસભાના કાર્યાલયમાંથી પચીશ ત્રીશ ગ્રંથો પ્રકટ કરવામાં તે સહયોગી રહયા હતા. ઇશ્વરભાઈનો બ્રહ્મવાદ અને માયાવાદ નામનો ગ્રંથ માર્મિક અભ્યાસનો આદર્શ છે. સન્નિષ્ઠા અને અનન્યતાના ગુણોથી તેમના સમાગમમાં પ. ભ. રમણલાલ મલ્લ અને પ્રભુદાસ માસ્તર પણ સામ્પ્રદાયિક સાહિત્યાનુરાગી થયા છે. શ્રી રમણલાલે પ્રો. શ્રી જેઠાલાલભાઈ નો **ગીતા સંદેશ** છપાવી વિતરણકર્યો. એ તેમનો સાહિત્ય પ્રેમ બતાવે છે.

આમુખ લખતી વખતે શ્રી. શાહે મને કહ્યું. કે પૂજ્ય શાસ્ત્રીજી શ્રી મગનલાલભાઈના સ્મારકમાં હાલમાં જ ષોડશગ્રંથ શ્રી ગોવિંદલાલ ભટ્ટે પ્રકટ કર્યો છે. પરંતુ આદાનપ્રદાનના વ્યવહારમાં મને ભાઇશ્રી ગોવિન્દલાલભાઇ તરફથી હવે મળશે. આ ગ્રંથનું ન્યોછાવર પડતર ભાવે અમે રૂા. ૬-૦૦ રાખ્યું. છે તેમાંથી પણ વિના મૂલ્ય ઘણાં વિતરણ થાય. એવી અમારી ભાવના છે.

## સંગતિ

પુષ્ટિમાર્ગોપદેશિકા ભા. ૨ના ૧૮ માં પાઠમાં ષોડશગ્રંથની સંગતિ મેં છાપી છે, તેમાં શ્રી દ્વારકેશજી અને નિબંધકારિકા ૨૫૬ના

આવરણભંગમાં શ્રીપુરુષોત્તમજીએ ષોડશસંગતિ અને શેષશેષી ભાવ દર્શાવ્યો છે. તેલેખ પણ તેમાં છે. તેથી પુનઃ અત્રે આપ્યો નથી. કોષ્ટકમાં સેવાફળમાં, (૧) પંચપદ્યમાં, (૫) જલભેદ (૩) પુ. પ્ર. મ. માં (૪) સિ. મુ. માં (૨) બાલબોધમાં (૧) એમ પંદર સોળ-ષ્ટક આપી ગ્રન્થ સમજવામાં યથાશક્ય સરલ કર્યું છે.

## આભાર દર્શન

શુ. **મહાસભાનું** મુખ્ય ધ્યેય સાહિત્ય પ્રકાશન અને પરીક્ષા દ્વારા અભ્યાસ કરાવવો. પૂ. પા. વિદ્યાનિધિ **શ્રી ગો. વ્રજરત્ન લાલજી મહારાજશ્રી** ઈ. સ્કુલ, પાઠશાળા, પુસ્તકાલય, પરીક્ષા સાહિત્ય પ્રકાશન; નિત્ય પ્રવચન. વ્યાખ્યાનો; આદિ અનેક પ્રવૃત્તિ કરે છે. આપશ્રીનો તો આ સંપ્રદાય પરમ ઋણી છે. આપશ્રીનો આભાર માની આ પ્રયાસ શ્રીવલ્લભપ્રભુના ચરણોમાં અર્પી આ આમુખ ઉદ્દારણ પૂર્ણ કરું છું.

**શ્રીવલ્લભપાદપદ્મપરાગાનુરાગી**
**ચિમનલાલ શાસ્ત્રી**

---

**મહાસભાની ધાર્મિક સરળ પાંચ પરીક્ષાઓનો ગામેગામ પ્રચાર કરી, ધર્મ પ્રચારમાં મહાસભાને સાથ સહકાર આપો**

श्रीकृष्णाय नमः ॥

श्रीगोपीजनवल्लभाय नमः ॥

श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ॥

श्रीगुंसांइजीपरमदयालवे नमः ॥

॥ मङ्गलाचरणम् ॥

चिन्तासंतानहंतारो यत्पादांबुजरेणवः
स्वीयानां तान्निजाचार्यान् प्रणमामि मुहुर्मुहुः १

यदनुग्रहतो जंतुः सर्वदुःखातिगो भवेत्
तमहं सर्वदा वंदे श्रीमद्वल्लभनंदनम् २

अज्ञानतिमिरान्धस्य ज्ञानाञ्जनशलाकया
चक्षुरुन्मिलितं येन तस्मै श्रीगुरवे नमः ३

नमामि हृदये शेषे लीलाक्षीराब्धिशायिनम्
लक्ष्मीसहस्रलीलाभिः सेव्यमानं कलानिधिम् ४

चतुर्भिश्च चतुर्भिश्च चतुर्भिश्च त्रिभिस्तथा;
षड्भिर्विराजते योऽसौ पञ्चधा हृदये मम ५

॥ इति श्रीमङ्गलाचरणं समाप्तम् ॥

## પ્રાતઃસ્મરણ
### શ્રીપ્રભુનું મંગલાચરણ

बर्हापीडं नटवरवपुः कर्णयोः कर्णिकारं ।
बिभ्रद्वासः कनककपिशं वैजयन्तीं च मालाम् ॥
रन्ध्रान् वेणोरधरसुधया पूरयन् गोपवृन्दै—
र्वृन्दारण्यं स्वपदरमणं प्राविशद्गीतकीर्तिः ॥

### શ્રીમહાપ્રભુજીનું મંગલાચરણ

सौन्दर्यं निजहृद्गतं प्रकटितं स्त्रीगूढभावात्मकं ।
पुंरूपञ्च पुनस्तदन्तरगतं प्रावीविशत् स्वप्रिये ॥
संश्लिष्टावुभयोर्बभौ रसमयः कृष्णो हि यत्साक्षिकं ।
रूपं तत् त्रितयात्मकं परमभिध्येयं सदा वल्लभम् ॥

### શ્રીગોપીનાથજીનું મંગળાચરણ

श्रीवल्लभप्रतिनिधिं तेजोराशिं दयार्णवम् ।
गुणातीतं गुणनिधिं श्रीगोपीनाथमाश्रये ॥

### શ્રીગુંસાઈજીનું મંગલાચરણ

सायंकुञ्जालयस्थासनमुपविलसत्स्वर्णपात्रं सुधौतं ।
राजद्यज्ञोपवीतं परितनुवसनं गौरमम्भोजवक्त्रम् ॥
प्राणानायम्य नासापुटनिहितकरं कर्णराजद् द्विमुक्तं
वन्देद्वौन्मिलिताक्षं मृगमदतिलकं विठ्ठलेशं सुकेशम् ॥

### મુખ્યનિધિ સ્વરૂપનું મંગલાચરણ

श्रीगोवर्धननाथपादयुगलं, हैयङ्गवीनप्रियं
नित्यं श्रीमथुराधिपं सुखकरं, श्रीविठ्ठलेशं मुदा ।
श्रीमद्द्वारवतीशगोकुलपती, श्रीगोकुलेन्दुं विभुं
श्रीमन्मन्मथमोहनं, नटवरं, श्रीबालकृष्णं भजे ॥

## સાત બાલક સાથે શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલાદિનું
## મંગલાચરણ

श्रीमद्वल्लभविट्ठलौ, गिरिधरं, गोविंदरायाभिधम्
श्रीमद्बालककृष्णगोकुलपती, नाथं रघूणां तथा ॥
एवं श्रीयदुनायक, किल घनश्यामं च तद्वंशजान्।
कालिन्दीं, स्वगुरुं, गिरिं, गुरु विभुं, स्वीयप्रभूंश्च स्मरेत् ॥२॥

## પ્રાતઃસ્મરણનાં પદ

जय जय श्रीवल्लभ प्रभु श्रीविट्ठलेश साथे,
निज जन पर करत कृपा धरत हाथ माथे ॥
दोष सबे दूर करत भक्ति भाव हिये धरत,
काज सबे सरत सदा गावत गुण गाथे ॥१॥
काहेको देह दमत साधन कर मूरख जन,
विद्यमान आनंद तज चलत क्यों कुपाथे ।
रसिक चरण शरण सदा रहत है बड भागीजन,
अपनों कर गोकुलपति भरत ताहि बाथे ॥२॥

*

श्री यमुनाजी तिहारो दरस मोहि भावे,
श्री गोकुल के निकट बहेत हो लहरन की छबि आवे ॥१॥
सुखदेनी दुःख हरनी श्री यमुनाजी जो जन प्रातः उठ न्हावें।
मदनमोहन जूकी खरी ये पियारी, पटरानी जु कहावें ॥२॥
वृंदावनमें रास रच्यो है, मोहन मुरली बजावे;
सूरदास प्रभु तिहारे मिलनकों वेद विमल यश गावे ॥३॥

*

प्रातःसमे श्री वल्लभ सुत को उठत ही रसना लीजे नाम,
आनंदकारी प्रभु मंगलकारी अशुभहरन जन पूरन काम ॥१॥
याही लोक परलोक के बन्धु को कहि सकें तिहारे गुनग्राम।
नंददास प्रभु रसिक शिरोमणि राज करो श्रीगोकुल सुखधाम ॥२॥

## श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ॥

## श्रीसर्वोत्तमस्तोत्रम्

**प्राकृतधर्मानाश्रयमप्राकृतनिखिलधर्मरूपमिति ॥**
**निगमप्रतिपाद्यं यत्तच्छुद्धं साकृति स्तौमि ॥ १ ॥**

અર્થ :-શ્રીવિઠ્ઠલનાથજી આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજી પરબ્રહ્મ છે. પ્રાકૃત ધર્મના સંબંધથી રહિત અને સમગ્ર અલૌકિક આનંદમય ધર્મરૂપ છે. એ રીતે વેદમાં પ્રતિપાદન કરેલું, સાકાર અને શુદ્ધ સ્વરૂપ એવા પરબ્રહ્મ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીની સ્તુતિ કરૂં છું. ૧

**कलिकालतमश्छन्नदृष्टित्वाद्विदुषामपि ॥**
**संप्रत्यविषयस्तस्य माहात्म्यं समभूद्भुवि ॥ २ ॥**

અર્થ : જ્ઞાતા પુરુષોની પણ જ્ઞાનદષ્ટિ કલિકાલરૂપ અંધકારથી આચ્છાદિત છે. માટે તે આચાર્ય સ્વરૂપનું માહાત્મ્ય હાલ પૃથ્વીમાં અપરચિત થયું છે. ૨

**दयया निजमाहात्म्यं करिष्यन्प्रकटं हरिः ॥**
**वाण्या यदा तदा स्वास्यं प्रादुर्भूतं चकार हि ॥ ३ ॥**

અર્થ : જ્યારે દયાવડે શ્રીહરિને પોતાના વચનદ્વારા પોતાનું માહાત્મ્ય પ્રકટ કરવાની ઈચ્છા થઇ ત્યારે પોતાના મુખારવિંદનો પ્રાદુર્ભાવ કર્યો. ૩

**तदुक्तमपि दुर्बोधं सुबोधं स्याद्यथा तथा ॥**
**तन्नामाष्टोत्तरशतं प्रवक्ष्याम्यखिलाघहृत् ॥ ४ ॥**

અર્થ : તેમનું વચન પણ દુર્બોધ છે, માટે જેવી રીતે તે સુબોધિની વિગેરે વચન સુબોધ થાય તેવી રીતે તે શ્રીમહાપ્રભુજીનાં સમગ્ર પાપને હણનાર એકસો આઠ નામ કહું છું. ૪

ऋषिरग्निकुमारस्तु नाम्नां छंदो जगत्यसौ ॥
श्रीकृष्णास्य देवता च बीजं कारुणिको प्रभुः ॥ ५ ॥

અર્થ : આ સ્તોત્રના ઋષિ અગ્નિકુમાર શ્રીગુંસાઈજી છે, અને જગતી છંદ છે, તથા શ્રીકૃષ્ણમુખાવતાર શ્રીવલ્લભ દેવતા છે અને કારુણિક પ્રભુ એ બીજ છે. ૫

विनियोगो भक्तियोगप्रतिबंधविनाशने ॥
कृष्णाधरामृतास्वादसिद्धिरत्र न संशयः ॥ ६ ॥

અર્થ : આ સર્વોત્તમ સ્તોત્રનો ભક્તિયોગમાં થતા પ્રતિબંધ નાશ કરવા સારૂ વિનિયોગ કહેતાં ઉપયોગ છે. શ્રીકૃષ્ણના અધરામૃત-સ્વાદની આ સ્તોત્રથી સિદ્ધિ છે, એમાં કાંઈ સંશય નથી. ૬

आनंदः परमानंदः श्रीकृष्णास्यं कृपानिधिः ॥
दैवोद्धारप्रयत्नात्मा स्मृतिमात्रार्तिनाशनः ॥ ७ ॥

અર્થ : આનંદરૂપ અને પરમાનંદરૂપ શ્રીકૃષ્ણના મુખારવિંદરૂપ અને કૃપાના ભંડારરૂપ, દૈવી જીવોને ઉધ્ધાર કરવા પોતાના યત્ન કરનારા અને સ્મરણ માત્રથી દુઃખને નાશ કરનારા શ્રીમહાપ્રભુજી છે. ૭

श्रीभागवतगूढार्थप्रकाशनपरायणः ॥
साकारब्रह्मवादैकस्थापको वेदपारगः ॥ ८ ॥

અર્થ : શ્રીભાગવતના ગૂઢ અર્થને પ્રકાશ કરવામાં તત્પર અને સાકાર બ્રહ્મવાદના સ્થાપન કરનારા અને વેદના રહસ્યને પાર પામેલા શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજી છે. ૮

मायावादनिराकर्ता सर्ववादिनिरासकृत् ॥
भक्तिमार्गाब्जमार्तण्डः स्त्रीशूद्राद्युद्धृतिक्षमः ॥ ९ ॥

અર્થ : માયાવાદને દૂર કરનાર અને સર્વે વાદીઓનો પરાજય કરનાર અને ભક્તિમાર્ગરૂપ કમલને વિકસાવવામાં સૂર્યરૂપ ને સ્ત્રીઓ તથા શૂદ્રાદિનો ઉધ્ધાર કરવામાં સમર્થ શ્રી મહાપ્રભુજી છે. ૯

**अंगीकृत्यैव गोपीशवल्लभीकृतमानवः ॥**
**अंगीकृतौ समर्यादो महाकारुणिको विभुः ॥१०॥**

અર્થ: પોતે અંગીકાર કરીને ગોપીપતિ શ્રીકૃષ્ણભગવાનમાં મનુષ્યોને વાત્સલ્ય કરાવનાર; અંગીકાર કરવાને વિશે મર્યાદાવાળા અને મહાદયાળુ; સમર્થ; શ્રીમહાપ્રભુજી છે. ૧૦

**अदेयदानदक्षश्च महोदारचरित्रवान् ॥**
**प्राकृतानुकृतिव्याजमोहितासुरमानुषः ॥११॥**

અર્થ: ન આપી શકાય એવાં શ્રીપ્રભુસ્વરૂપનાં દાન દેવા સમર્થ; ઉદાર ચરિત્રવાળા અને પ્રાકૃત જનને અનુસરવાવાળા ચરિત્રના મીષેથી આસુરી જનોને મોહિત કરનાર, શ્રીમહાપ્રભુજી છે. ૧૧

**वैश्वानरो वल्लभाख्यः सद्रूपो हितकृत्सताम् ॥**
**जनशिक्षाकृते कृष्णभक्तिकृन्निखिलेष्टदः ॥१२॥**

અર્થ : આધિદૈવિકાગ્નિરૂપ વલ્લભનામવાળા, સતરૂપ સત્પુરૂષોના હિતકારી, મનુષ્યોને શીખવવા સારૂ શ્રીકૃષ્ણની ભકિત કરનારા; સમગ્ર ઇચ્છિત વસ્તુને આપનાર એવા શ્રીઆચાર્યજી મહાપ્રભુજી છે. ૧૨

**सर्वलक्षणसंपन्नः श्रीकृष्णज्ञानदो गुरुः ॥**
**स्वानंदतुंदिलः पद्मदलायतविलोचनः ॥१३॥**

અર્થ : સર્વભગવલ્લક્ષણુથી યુકત, શ્રીકૃષ્ણના જ્ઞાનને દેનાર, તેમજ જગદ્‌ગુરુ છે. અને પોતાના સ્વરૂપે કરીને આનંદ મનોરથથી પુષ્ટ, પદ્મનાદલસરખા વિશાળ નેત્રવાળા એવા શ્રી મહાપ્રભુજી છે. ૧૩

**कृपादृग् वृष्टिसंहृष्टदासदासीप्रियः पतिः ॥**
**रोषदृक्पातसंप्लुष्टभक्तद्विट् भक्तसेवितः ॥१४॥**

અર્થ : પોતાની કૃપા દૃષ્ટિ રૂપ વૃષ્ટિ વડે હર્ષ પામેલા દાસદાસી જનોને પ્રિય અને રોષવાળી દૃષ્ટિ વડે ભકતોના દ્વૃષીયોને બાળી નાખનાર, અને ભકતોએ સેવેલા એવા શ્રીમહાપ્રભુજી છે.

**सुखसेव्यो दुराराध्यो दुर्लभांघ्रिसरोरुहः ॥**
**उग्रप्रतापो वाक्सीधुपूरिताशेष सेवकः ॥१५॥**

અર્થ : ભકતથી સુખે કરીને સેવવા યોગ્ય, અભકતથી દુ:ખે કરીને આરાધના કરવા યોગ્ય, ચરણરૂપી કમલ જેમનાં દુર્લભ છે. ઉગ્ર પ્રતાપવાળા વાણીરૂપ અમૃત વડે સમગ્ર સેવકોના હૃદયમાં પૂર્ણ આનંદ કરનાર શ્રી મહાપ્રભુજી છે. ૧૫

**श्रीभागवतपीयूषसमुद्रमथनक्षमः ॥**
**तत्सार भूतरासस्त्राभावपूरितविग्रहः ॥१६॥**

અર્થ : શ્રી ભાગવતરૂપ અમૃતના સમુદ્રને મંથન કરી કથામૃત રહસ્ય પ્રકટ કરવામાં સમર્થ અને તે ભાગવતના સારભૂત એવી રાસક્રીડાસ્થગોપિકાના સ્વામિની ભાવરૂપ સ્ત્રીભાવે કરી પરિપૂર્ણ શ્રીઅંગવાળા શ્રી મહાપ્રભુજી છે. ૧૬

**सान्निध्यमात्रदत्तश्रीकृष्णप्रेमा विमुक्तिदः ॥**
**रासलीलैकतात्पर्यः कृपयैतत्कथाप्रदः ॥१७॥**

અર્થ : પોતાની સન્નિધિ માત્રમાં શ્રીકૃષ્ણને વિશે પ્રેમનું દાન કરનાર અને મુકિતને દેનાર, રાસલીલામાં જ મુખ્ય ફલરૂપ તાત્પર્યવાળા અને કૃપા કરીને એ શ્રીકૃષ્ણની રાસરસિક કથાને દેનાર શ્રી મહાપ્રભુજી છે. ૧૭

**विरहानुभवैकार्थसर्वत्यागोपदेशकः ॥**
**भक्त्याचारोपदेष्टा च कर्ममार्गप्रवर्तकः ॥१८॥**

અર્થ : કેવળ ફલરૂપ વિરહનો અનુભવ કરવા સારૂ ગૃહાદિ સર્વત્યાગનો ઉપદેશ કરનાર, ભકિતમાર્ગીય આચારનો ઉપદેશ કરનાર, વર્ણાશ્રમ કર્મને પ્રવર્તાવનારા એવા શ્રીઆચાર્યજી છે. ૧૮

**यागादौ भक्तिमार्गैकसाधनत्वोपदेशकः॥**
**पूर्णानंदः पूर्णकामो वाक्पतिर्विबुधेश्वरः ॥ १९ ॥**

અર્થ : યાગાદિ કર્મમાં ભકિતમાર્ગ જ મુખ્ય સાધન છે, એવો ઉપદેશ કરનાર, પૂર્ણ આનંદવાળા, પૂર્ણ કામનાવાળા, વાણીના અધિપતિ, જ્ઞાનીના અધીશ્વર શ્રી આચાર્યજી છે. ૧૯

**कृष्णनामसहस्त्रस्य वक्ता भक्तपरायण ॥**
**भक्त्याचारोपदेशार्थनानावाक्यनिरूपकः ॥ २० ॥**

અર્થ : શ્રીકૃષ્ણુના હજાર નામને કહેનારા અને ભકતોને શરણરૂપ અને ભકિતમાર્ગીય આચારના ઉપદેશ સારુ નાના પ્રકારના વાકયને નિરૂપણ કરનારા શ્રીમહાપ્રભુજી છે. ૨૦

**स्वार्थोज्झिताखिलप्राणप्रियस्तादृशवेष्टितः ॥**
**स्वदार्थकृताशेषसाधनः सर्वशक्तिधृक् ॥ २१ ॥**

અર્થ : શ્રી આચાર્યજીની સેવા અર્થે અખિલ તજનાર ભકતને પ્રાણપ્રિય વહાલા; અને તેવા તાદશી જનોથી વીંટાએલા; પોતાના દાસને સારૂ સમગ્ર સાધન કરનાર; સર્વ શકિતને ધારણ કરનાર શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજી છે. ૨૧

**भुवि भक्तिप्रचारैककृते स्वान्वयकृत्पिता ॥**
**स्ववंशे स्थापिताऽशेषस्वमाहात्म्यः स्मयापहः ॥ २२ ॥**

અર્થ : પૃથ્વીમાં કેવળ નિર્ગુણ ભકિતનો પ્રચાર કરવા સારૂ પોતાનો વંશ કરનાર અને પિતારૂપ અને પોતાના વંશને વિષે પોતાના સમગ્ર માહાત્મ્યનું સ્થાપન કરનાર અને ગર્વનો નાશ કરનાર શ્રીમહાપ્રભુજી છે. ૨૨

**पतिव्रतापतिः पारलौकिकैहिकदानकृत् ॥**
**निगूढहृदयोऽनन्यभक्तेषु ज्ञापिताशयः ॥ २३ ॥**

અર્થ : પતિવ્રતાના પતિ અને પરલોક તથા આ લોક સંબંધી પરમાનંદ દાન કરનારા અને ગૂઢહૃદયવાળા અનન્યભક્તોમાં પોતાનું અંતઃકરણ જણાવનાર શ્રીમદાચાર્યચરણ છે. ૨૩

**उपासनादिमार्गातिमुग्धमोहनिवारकः ॥**
**भक्तिमार्गे सर्वमार्गवैलक्षण्यानुभूतिकृत् ॥ २४ ॥**

અર્થ : ઉપાસનાદિ માર્ગોમાં અતિ મુગ્ધ પુરુષોના મોહને મટાડનાર; ભક્તિમાર્ગને વિષે સર્વ માર્ગથી વિલક્ષણ રીતે અનુભવ કરનાર અને કરાવનાર શ્રીમહાપ્રભુજી છે. ૨૪

**पृथक्शरणमार्गोपदेष्टा श्रीकृष्णहार्दवित् ॥**
**प्रतिक्षणनिकुञ्जस्थलीलारससुपूरित : ॥ २५ ॥**

અર્થ : ગીતોક્તશરણમાર્ગથી સ્વતંત્ર જુદા શરણમાર્ગનો ઉપદેશ કરનાર, શ્રીકૃષ્ણના હાર્દને જાણનાર, નિકુંજમાં થએલી લીલાને ક્ષણે ક્ષણે અનુભવીને લીલારસે કરીને પરિપૂર્ણ શ્રીમહાપ્રભુજી છે. ૨૫

**तत्कथाक्षिप्तचित्तस्तद्विस्मृतान्यो व्रजप्रिय : ॥**
**प्रियव्रजस्थितिः पुष्टिलीलाकर्ता रहः प्रियः ॥ २६ ॥**

અર્થ : તે નિકુંજ અને વનસ્થ શ્રીકૃષ્ણચંદ્ર સંબંધી રાસલીલાની કથા વડે ચિત્તને ખેંચનાર અને તે કથા કરવા સારૂ અન્ય કથા વિરોધી કાર્યને વિસ્મરણ કરાવનાર અને વ્રજમાં પ્રીતિવાળા અને વ્રજમાં સ્થિતિ જેમને પ્રિય છે; પુષ્ટિ સંબંધી લીલા કરનાર અને એકાંતિક ભક્તમાં પ્રીતિવાળા શ્રીઆચાર્યજી છે. ૨૬

**भक्तेच्छापूरक : सर्वाज्ञातलीलोऽतिमोहनः ॥**
**सर्वासक्तो भक्तमात्रासक्तः पतितपावनः ॥ २७ ॥**

અર્થ : ભક્તની ઈચ્છાને પૂર્ણ કરનારા, ભક્તથી અન્ય સર્વે પુરુષોને અજ્ઞાત છે લીલા જેની એવા. અત્યંત ચિત્તાકર્ષક

સર્વને વિશે આસક્તિ રહિત, અને કેવળ ભક્તને વિશે આસક્તિવાળા, અને પતિત પુરૂષોને પવિત્ર કરનારા, શ્રીઆચાર્યજી છે. ૨૭

**स्वयशोगानसंहृष्टहृदयाम्भोजविष्टरः ॥**
**यशःपीयूषलहरीप्लावितान्यरसः परः ॥२८॥**

અર્થ : પોતાનો યશ ગાવાથી પ્રસન્ન થયેલા ભક્તના હૃદયરૂપ કમલમાં બિરાજનાર; ગુણગાનરૂપ અમૃતની લહેરથી ભક્તોના અન્ય રસને ભીંજવનારા. અને સર્વથી શ્રેષ્ઠ શ્રી મહાપ્રભુજી છે. ૨૮

**लीलामृतरसार्द्रार्द्रीकृताखिलशरीरभृत् ॥**
**गोवर्द्धनस्थित्युत्साहस्तल्लीलाप्रेमपूरितः ॥२९॥**

અર્થ : લીલારૂપ અમૃત સંબંધી રસાર્દ્ર ભાવવડે સકળ શરીરધારી ભક્તને રસવાળા કરનાર, અને શ્રીગોવર્ધન ગિરીરાજની પાસે રહેવામાં ઉત્સાહવાળા અને તે ભગવલ્લીલાના પ્રેમરસવડે પરિપૂર્ણ શ્રીમહાપ્રભુજી છે. ૨૯

**यज्ञभोक्ता यज्ञकर्ता चतुर्वर्गविशारदः ॥**
**सत्यप्रतिज्ञस्त्रिगुणातीतो नयविशारदः ॥३०॥**

અર્થ : યજ્ઞના ભોક્તા અને યજ્ઞના કર્તા, દીક્ષિત તથા ધર્મ અર્થ, કામ અને મોક્ષને દેવામાં ચતુર, સત્ય પ્રતિજ્ઞાવાળા, ત્રણ ગુણથી રહિત અને નીતિમાં ચતુર શ્રીઆચાર્યજી છે. ૩૦

**स्वकीर्तिवर्द्धनस्तत्त्वसूत्रभाष्यप्रदर्शकः ॥**
**मायावादाख्यतुलाग्निर्ब्रह्मवादनिरूपकः ॥३१॥**

અર્થ : પોતાની અને સ્વકીયોની કીર્તિને વધારનાર બ્રહ્મસૂત્રના ભાષ્યને કરનાર, માયાવાદરૂપ રૂ ને અગ્નિ માફક બાળનાર, અને બ્રહ્મવાદને નિરૂપણ કરનાર શ્રીઆચાર્યજી છે. ૩૧

**अप्राकृताऽखिलाकल्पभूषितः सहजस्मितः ॥**
**त्रिलोकीभूषणं भूमिभाग्यं सहजसुंदरः ॥३२॥**

અર્થ : અલૌકિક સર્વ શૃંગારવડે સુશોભિત અને સહજ હાસ્યવાળા ત્રણ લોકના ભૂષણ સરખા અને પૃથ્વીના પરમ ભાગ્યરૂપ અને સહજ સુંદર શ્રીમહાપ્રભુજી છે.

**अशेषभक्तसंप्रार्थ्यचरणाब्जरजोधनः ॥**
**इत्यानंदनिधेः प्रोक्तं नाम्नामष्टोत्तरं शतम् ॥३३॥**

અર્થ : જેના ચરણકમળના રજરૂપી ધનને અશેષ ભક્તજનો યાચે છે. એવા શ્રીમહાપ્રભુજી છે. એ પ્રમાણે પરમાનંદના સમુદ્રરૂપ શ્રીમહાપ્રભુજીનાં એકસો અને આઠ નામ કહ્યાં. ૩૩

**श्रद्धाविशुद्धबुद्धिर्यः पठत्यनुदिनं जनः ॥**
**स तदेकमनाः सिद्धिमुक्तां प्राप्नोत्यसंशयः ॥३४॥**

અર્થ : શ્રધ્ધાવડે વિશુધ્ધ બુદ્ધિવાળો જે મનુષ્ય હંમેશાં શ્રીવલ્લભ વિશે શ્રદ્ધાયુક્ત નિશ્ચય મનવાળો થઈ ને આ સ્તોત્રનો પાઠ કરે, તો તે ઉપર કહેલી શ્રીકૃષ્ણાધરામૃતની મહાસિદ્ધિને મેળવે છે. એમાં કાંઈ સંશય નથી. ૩૪

**तदप्राप्तौ वृथा मोक्षस्तदाप्तौ तद्गतार्थता ॥**
**अतः सर्वोत्तमं स्तोत्रं जप्यं कृष्णरसार्थिभिः ॥३५॥**

અર્થ : શ્રીઆચાર્યજીની કૃપાથી અમૃતપ્રાપ્તિ થાય, તે વિના મોક્ષ પણ વૃથા છે અને તે સર્વ માર્ગ સંબંધી ફળરૂપ અમૃત પ્રાપ્તિ થાય તો સાયુજ્યાદિક મોક્ષ ફલ તેમાં જ સિદ્ધ થાય છે. આ વાસ્તે આ સર્વોત્તમ સ્તોત્રનો શ્રીકૃષ્ણચંદ્ર આનંદ ઘન રસસ્વરૂપની ઇચ્છાવાળા જનોએ જપ કરવો. ૩૫

**॥ इतिश्रीमदग्निकुमार प्रोक्तं श्रीसर्वोत्तम स्तोत्रं संपूर्णम् ॥**

श्रीकृष्णाय नमः।

श्रीगोपीजनवल्लभाय नम।

श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः।

## શ્રીયમુનાષ્ટક

### શ્રીમહાપ્રભુજીશ્રીકૃષ્ણશ્રીયમુનાજી.

**ત્રણે એક સ્વરૂપ હોવાથી ઉદ્ધારની રીતિ સમાન છે.**

પુષ્ટિમાર્ગીયજીવોનો ઉધ્ધાર કરવો એ પણ પુષ્ટિપ્રભુ પૂર્ણ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ, શ્રીયમુનાજી તથા શ્રીમદાચાર્ય એ ત્રણેનો સમાન ધર્મ છે, એટલે આ ત્રણે પુષ્ટિમાર્ગીય જીવોનો ઉધ્ધાર કરે છે. શ્રીકૃષ્ણે વ્રજમાં પ્રકટ થઈ સાક્ષાત વ્રજ જનોનો ઉધ્ધાર કર્યો. શ્રીયમુનાજીએ પણ વ્રજ જનોને પ્રભુનો સંબંધ કરાવી. પ્રભુનું પ્રાકટય કરાવી તેમનો ઉધ્ધાર કર્યો અને શ્રીમદાચાર્યચરણે પણ આધુનિક પુષ્ટિમાર્ગીય ભકતોને બ્રહ્મસમ્બન્ધ કરાવી તેમનો ઉધ્ધાર કર્યો. આ પ્રમાણે પુષ્ટિમાર્ગીય જીવોનો ઉધ્ધાર કરવો એ ત્રણેનો સમાન ધર્મ છે.

**रसो वै सः** શુધ્ધ પુષ્ટિભક્તિ રસ શ્રીયમુનાજી છે.

**रसोऽयं परमाधारः सच्चिदानन्दलक्षणः।**
**ब्रह्मेत्युपनिषद्गीतस्तदेव यमुना स्वयम्॥**

**વિઠ્ઠલ શબ્દની વ્યાખ્યા**—विदा ज्ञानेन ठाः शून्यान् लाति अनुगृह्णातीति विट्ठलः। જ્ઞાનરહિત જીવોનો અનુગ્રહ કરી સ્વીકાર કરે તે વિઠ્ઠલ.

આ પ્રમાણે શ્રીમદ્વિઠ્ઠલેશજીએ આપેલા શ્રીમદાચાર્યચરણના સ્વરૂપનું સંક્ષિપ્ત અવલોકન કરી, પ્રભુસ્વરૂપ શ્રીમદાચાર્યચરણ-વિરચિત ગ્રન્થરત્ન શ્રીયમુનાષ્ટકનો આપણે પ્રારંભ કરીશું.

नमामि यमुनामहं सकलसिद्धिहेतुं मुदा
मुरारिपदपङ्कजस्फुरदमन्दरेणूत्कटाम् ।
तटस्थनवकाननप्रकटमोदपुष्पाम्बुना
सुरासुरसुपूजितस्मरपितुः श्रियं बिभ्रतीम् ॥ १ ॥

અર્થ – સકલસિધ્ધિ આપનાર મુરારિના ચરણકમલથી સ્ફુરતી અસંખ્ય રેણુઓથી છવાએલા અને કીનારાપરનાં નવિન વનનાં પ્રકટસુગંધિવાળા પુષ્પયુક્તજલવડે, સુર, અસુરોથી સમ્યક્ પૂજાએલા સ્મરપિતાની ( શ્રીકૃષ્ણચંદ્રની ) કાંતિને ધારણ કરનારાં શ્રીયમુનાજીને હું આનંદથી નમન કરૂં છું.

### શ્રીયમુનાજી અષ્ટસિધ્ધિ આપે છે.

૧. સાક્ષાત્ ભગવત્સેવોપયોગી દેહની પ્રાપ્તિ.

અત્ર સ્વરૂપાદિકની સેવા કરવામાં આવા અલૌકિકદેહની આવશ્યકતા નથી, પણ માત્ર નિવેદનસંસ્કારથી સંસ્કૃત થએલા દેહની અપેક્ષા છે, પરંતુ સાક્ષાત્ લીલામાં પ્રભુનાં સાક્ષાત્ સ્પર્શાદિ માટે ભકતોને અલૌકિક દેહની આવશ્યકતા છે. આ અલૌકિક દેહની પ્રાપ્તિ કરાવવી એ શ્રીયમુનાજીનું સામર્થ્ય છે.

૨. ભગવલ્લીલાનું અવલોકન પણ એક સિદ્ધિ છે જેમ યોગીઓ સ્વકીય યોગપ્રાપ્તસામર્થ્યથી અતિ દૂરસ્થિત અતીન્દ્રિય પદાર્થનું દર્શન કરે છે, તેમ શ્રીયમુનાજીના સેવક શ્રીયમુનાજીની કૃપાથી ગુણાતીત શ્રીપુરૂષોત્તમની લીલાનું દર્શન કરે છે.

૩. ભગવલ્લીલારસનો અનુભવ, આ લીલારસાનુભવનું દાન પણ લીલોપયોગી પ્રભુ અને ભક્ત ઉભયનો સંબંધ ધરાવનારાં મધ્યસ્થ શ્રીયમુનાજી જ કરે છે, તેથી તેની પ્રાપ્તિ પણ શ્રીયમુનાજીની સેવાથી જ થાય છે.

૪. સર્વાત્મભાવસિદ્ધિ. શ્રીયમુનાજી પ્રભુસ્વરૂપ હોવાથી ભગવદ્દત્ત ભક્તહૃદય ગ્રહણ કરી, સર્વાત્મભાવસિદ્ધિનું દાન કરે છે

તેથી જ શ્રીયમુનાષ્ટપદી **શ્રીકૃષ્ણયુતભક્તહૃદયે** એ અભિધાન સ્પષ્ટ છે. આ પ્રમાણે શ્રીયમુનાજીની સેવાથી સર્વાત્મભાવસિદ્ધિ પણ પ્રાપ્ત થાય છે.

૫. વિરહાસ્થામાં પણ હૃદયમાં પ્રભુપ્રાકટ્ય થવ.થી કોશ-પ્રતિમાન્યાય વડે ભગવદાવિષ્ટદેહની પ્રાપ્તિ કરાવે છે.

૬. પરાવૃત્તચક્ષુઓથી હૃદયમાં આવિર્ભૂત થતી પ્રભુલીલાનું અવલોકન કરાવે છે.

૭. પ્રભુના ભાવાત્મકસ્વરૂપવડે ભાવાત્મક રસનો અનુભવ.

૮. વિરહાવસ્થામાં પણ સર્વાત્મભાવની પ્રાપ્તિ. સર્વાત્મભાવ-સિદ્ધિ ભગવાનના બહિઃપ્રાકટ્યની અપેક્ષા રાખ્યા વિના હૃદયમાં પ્રભુભાવનાથી જ થાય છે. શ્રીયમુનાજી આ પુષ્ટિમાર્ગીય સિદ્ધિનું દાન કરનાર છે, તેથી શ્રીયમુનાજીને જ નમન કરવામાં આવે છે.

ભગવાન જો ભકતાધીન રહી ક્રિયા કરે, તો ભગવદ્ઐશ્વર્ય નિરોધ આવે, તેથી લીલાસૃષ્ટિમાં નિજ રસાત્મક સ્વરૂપ પ્રકટ કરવા ભગવાને અષ્ટવિધૈશ્વર્ય શ્રીયમુનાજીને આપ્યું, અને રસાત્મક ભગવાન ભકતાધીન થયા, અને ભકતાધીન રહી સર્વ ક્રિયા કરવા લાગ્યા.

## આઠ ઐશ્વર્ય

શ્રીયમુનાજીનામાં ભગવત્ ઐશ્વર્ય અષ્ટવિધ છે, તેથી શ્રીમદાચાર્યચરણ શ્રી યમુનાજી ની અષ્ટ શ્લોકથી જ સ્તુતિ કરે છે. આ અષ્ટવિધ ઐશ્વર્ય નીચે પ્રમાણે.

૧. સકલસિદ્ધિનુ દાન કરવું.

૨. ભગવદ્ભાવની વૃધ્ધિ કરાવવી.

૩. ભગવત્સંબંધમાં વિઘ્નરૂપ પ્રતિબંધ દૂર કરી ભગવત્ અનુભવ-યોગ્યતા અને તદનુભવાનુકૂલ શુધ્ધિ કરી ભુવનને પાવન કરવા બીજો

૪. ભગવત્સમાનધર્મવાળા હોવાથી અનાયાસે ભગવ:સંબંધનું દાન કરવું

૫. ભગવત્પ્રિય ભક્તના દોષનું નિવારણ કરવું.

૬. નિજસેવકોને ગોપિકા પેઠે ભગવત્પ્રિય કરાવવાં.

૭. લીલોપયોગી શરીરદાન આદિથી ભગવદીયોનો ઉત્કર્ષ કરવો.

૮. લીલાસામયિક પ્રભુશ્રમજલકણ સાથે સંબંધ કરાવવો. આવા અષ્ટવિધ ઐશ્વર્ય યુક્ત શ્રીયમુનાજી પ્રતિ નમનવિના અન્ય કૃતિ શક્ય નથી, એ સુસ્પષ્ટ જ છે.

પ્રથમ શ્લોક વડે શ્રીયમુનાજીને નમન કરી, દ્વિતીય શ્લોકમાં શ્રીમદાચાર્યચરણ શ્રીયમુનાજીના આવિર્ભાવ પ્રકારનું વર્ણન કરે છે.

**कलिन्दगिरिमस्तके पतदमन्दपूरोज्ज्वला**
**विलासगमनोल्लसत्प्रकटगण्डशैलोन्नता ॥**
**सघोषगतिदन्तुरा समधिरूढदोलोत्तमा**
**मुकुन्दरतिवर्द्धिनी जयति पद्मबन्धोः सुता ॥२॥**

**શ્લોકાર્થ**—કાલિંદગિરિ શિખર પર પડતા વેગયુક્ત પૂરથી ઉજ્જવલ, વિલાસગતિથી શોભા પામતા અને દૃશ્યમાન થતા પર્વતપરથી પડેલા પથ્થરથી ઉન્નત, સઘોષગતિથી દંતુર (વિવિધ વિકારવાળાં) ઉત્તમ દોલાપર અધિરૂઢ હોય તેવા અને મુકુન્દની રતિની વૃદ્ધિ કરનાર પદ્મબન્ધુની (સૂર્યની) સુતાનો જય થાય છે. ૨.

**ભગવાન અને શ્રીયમુનાજીનો પ્રાદુર્ભાવ સમાન છે.**

**વિવેચન**—ભગવાનના આવિર્ભાવપ્રકાર પ્રમાણે શ્રીયમુનાજીના આવિર્ભાવનો પ્રકાર પણ અલૌકિક જ છે. ભગવાન રસાત્મક છે. શ્રી યમુના પણ રવિ મંડલ મધ્યે વસતા નારાયણના આનન્દમય હૃદયમાંથી આવિર્ભાવ પામેલા હોવાથી રસાત્મક જ છે. ભગવાન જેમ વરદાન સિદ્ધ કરવા પ્રથમ વસુદેવ અને દેવકીજીની સમક્ષ આવિર્ભાવ પામ્યા, તેમ શ્રીયમુનાજી પણ નારાયણના આનન્દમય હૃદયમાંથી પ્રથમ

આવિર્ભાવ પામ્યાં. ભગવાન જેમ વસુદેવ અને દેવકીજીનાં તાપાત્મક હૃદયમાંથી આવિર્ભાવ પામ્યા. તેમ જ શ્રીયમુનાજી તાપાત્મક રવિમંડલમાંથી આવિર્ભાવ પામ્યાં. રવિમંડલ તાપાત્મક છે તે અનુભવ સિદ્ધ જ છે. વસુદેવ અને દેવકીજીનાં હૃદય પણ પ્રશ્નીગર્ભ સમયે તેમણે અનુભવેલા ભગવાનના વિરહથી તાપાત્મક જ છે. તેથી ભગવાન અને શ્રીયમુનાજી ઉભયનો આવિર્ભાવ તાપાત્મક પદાર્થમાંથી છે. ભગવાન જેમ તાપાત્મક હૃદયમાંથી આવિર્ભાવ પામી અન્યત્ર થઈ કેવલ લીલાસ્થાન શ્રીગોકુળ પધાર્યા તેમજ શ્રીયમુનાજી પણ તાપાત્મક રવિમંડલમાંથી આવિર્ભાવ પામી કલિંદગિરિપર થઇ ભૂમિપર થઈ લીલાસ્થાન શ્રીગોકુળમાં પધાર્યાં. ભગવાન જેમ શ્રીગોકુલ પધારી લીલાસ્થાનમાં સર્વાત્મભાવયુક્ત ભક્તોથી વીંટાયા તેમ જ શ્રીયમુનાજી પણ લીલાસ્થાનમાં પધારી સર્વાત્મભાવયુક્ત ભક્તોથી વીંટાયાં.

## શ્રીયમુનાજી કયા સૂર્યથી પ્રકટયાં ?

શ્રીયમુનાજી પદ્મબન્ધુ અર્થાત્ સૂર્ય નારાયણની સુતા છે, કારણ કે શ્રીયમુનાજીની સૂર્યમાંથી ઉત્પત્તિ છે. વર્ષાની પેઠે શ્રીયમુનાજીની સૂર્યના કિરણદ્વારા ઉત્પત્તિ નથી, પરન્તુ સૂર્યના મંડલમાંથી અથવા સૂર્યના નારાયણ સ્વરૂપમાંથી ઉત્પત્તિ છે.

આ શ્લોકમાં ભગવાનની ભક્તપરની કૃપાની વૃદ્ધિ કરવી એ શ્રીયમુનાજીના દ્વિતીય ઐશ્વર્યનું સમર્થન કરેલું છે. ૨.

શ્રીયમુનાજી ભગવાનની ભક્તપરની રતિની વૃદ્ધિ કરવા ભૂતલ પર પધાર્યા છે. આ રતિવૃદ્ધિકાર્યમાં અનુકૂલ સાહિત્ય સ્વરૂપ સૌન્દર્ય આદિ સર્વ ધર્મનું શ્રીમદાચાર્યચરણ તૃતીય શ્લોકમાં વર્ણન કરે છે.

**भुवं भुवनपावनीमधिगतामनेकस्वनैः**
**प्रियाभिरवसेवितां शुकमयूरहंसादिभि ।**

तरङ्गभुजकङ्कणप्रकटमुक्तिकावालुका-
नितम्बतटसुन्दरीं नमत कृष्णतुर्यप्रियाम् ॥ ३ ॥

**ભાવાર્થ**—ભૂતલપર પધારીને, ભુવનને પાવન કરનારાં, પ્રિયાઓની પેઠે અનેક શબ્દોવાળાં શુક, મયૂર, હંસ વગેરે પક્ષીઓ વડે સેવાએલાં, તરંગરૂપી ભુજના કંકણોમાં દશ્યમાન થતાં મુકતાફલરૂપી વાલુકાવાળા નિતંબતટથી સુંદર લાગતાં, શ્રીકૃષ્ણની ચતુર્થ પ્રિયાને (શ્રીયમુનાજીને) નમન કરો. ૩

**શ્રીયમુનાજી અને કાલિન્દીજી જુદાં છે.**

**વિચાર**—શ્રીયમુનાજીને શ્રીકૃષ્ણચંદ્રનાં તુર્ય પ્રિયા ગણવાં એ ઉચિત છે શ્રીકૃષ્ણચંદ્રનાં તુર્ય શ્રીયમુનાજી છે કે કાલિન્દી છે? એ વિચારીએ. શ્રીયમુનાજી અને કાલિન્દી એક જ નથી, પરંતુ ભિન્ન છે, કારણ કે આ બેનો ભેદ '**कालिन्दीति समाख्याता वसामि यमुनाजले**' 'કાલન્દી નામે પ્રસિદ્ધ છું અને હું શ્રીયમુનાજીના જલમાં વસું છું" એ શ્રીમદ્‌ભાગવતના મૂળ શ્લોકથી જ સિદ્ધ થાય છે.

**શ્રીયમુનાજી તુર્યપ્રિયા શાથી ?**

**સમાધાન**—અત્ર પ્રિયા શબ્દ યોજેલો છે, ભાર્યા શબ્દ યોજેલો નથી. શ્રીયમુનાજીને શ્રીકૃષ્ણચંદ્રના તુર્ય પ્રિયા જ કહેલાં છે. શ્રીયમુનાજીમાં શ્રીકૃષ્ણચંદ્રનું તુર્ય પ્રિયાત્વ છે. કારણ કે વ્રજમાં ભગવાનની સેવામાં પહોંચેલાં સ્વામિની ચાર પ્રકારનાં છે.

(૧) ભગવાનનાં મુખ્ય સ્વામિની, આ સર્વથી વિલક્ષણ હોઈ અન્યપૂર્વા કે–અનન્યપૂર્વા પણ નથી. તેમનું અન્યપૂર્વા તેમજ અનન્યપૂર્વાથી વૈલક્ષણ્ય રસાત્મકસ્વરૂપ ભગવાનના આલમ્બન વિભાવપ્રતિપાદક શ્રુતિસિદ્ધ નિત્યસિદ્ધ છે. તેથી એક મુખ્ય સ્વામિની, છે અન્ય સર્વથી વિલક્ષણ જ છે.

(૨) અન્યપૂર્વા સ્વામિનીઓ આ સ્વામિનીઓ શ્રુતિરૂપા છે,

ગોપગૃહમાં વસેલાં છે, માટે અન્યપૂર્વા કહેવાય છે, અને સર્વાત્મભાવયુક્ત છે.

(૩) અનન્યપૂર્વા, આમને કુમારિકાવ્રતપ્રસંગે વિવાહના અભાવમાં પણ ભગવાને વસનદાનથી અંગીકાર કરેલા છે, તેથી તે અનન્યપૂર્વા કહેવાય છે.

(૪) શ્રીયમુનાજી, શ્રીયમુનાજીમાં ભગવાને સર્વ પ્રકારની સ્વતંત્રાથી ક્રીડા કરેલી છે, અને શ્રીયમુનાજી સાથે પણ ક્રીડા કરેલી હોવાથી શ્રીયમુનાજીને અહીં તુર્ય પ્રિયા કહેલાં છે, ભાર્યા શબ્દનો પ્રયોગ કર્યો નથી. તેથી તેમનામાં કાલિન્દીની દ્વારકા લીલાની ચતુર્થ પટરાણીની અહિ વિભાવના કરી નથી, પરંતુ ઉપર વર્ણવ્યું તેમ શ્રીકૃષ્ણનાં તુર્યપ્રિયા શ્રીયમુનાજીનો જ અસાધારણ ધર્મ છે, તેથી અહીં કાંઈ પ્રકારની અનુપપત્તિ નથી ૩.

શ્રીયમુનાજી શ્રીકૃષ્ણના તુર્યપ્રિય છે અને ભુવનને પાવન કરવા જ ભૂતલપર પર પધાર્યા છે. તે અર્થ સારી રીતે સ્પષ્ટ થાય તે માટે, શ્રીયમુનાજી ભગવત્સમાનધર્મવાળાં છે. એમ ચતુર્થ શ્લોકમાં નિરૂપણ કરવામાં આવે છે.

**अनन्तगुणभूषिते शिवविरञ्चिदेवस्तुते**
**घनाघननिभे सदा ध्रुवपराशराभीष्टदे ।**
**विशुद्धमथुरातटे सकलगोपगोपीवृते**
**कृपाजलधिसंश्रिते मम मनः सुखं भावय ॥४॥**

ભાવાર્થ—(૧) હે શ્રીકૃષ્ણચંદ્રના અનંત વિભૂષિત થએલાં, શિવ બ્રહ્મા આદિ દેવોએ સ્તવેલાં, મેઘસમુદાય જેવાં શ્યામ કાંતિવાળાં, ધ્રુવ પરાશર વગેરેને સદા ઇચ્છિત પદાર્થ આપનારાં; વિશુધ્ધ મથુરાજીજેના તટપર આવી રહેલાં છે એવાં, સકલ ગોપ અને ગોપિકાઓથી ઘેરાએલાં, અને કૃપાસાગર શ્રીકૃષ્ણચંદ્રને

આશ્રય કરી રહેલી (હે શ્રીયમુનાજી!) મારા મનને (શ્રીકૃષ્ણચંદ્રના સ્વરૂપાનુભવજન્ય) સુખને આપો. અથવા આપના મનમાં મારૂં સુખ વિચારો.

(૩) ચાર મત—

(૧) શ્રીહરિરાયજી — શ્રીસ્વામિનીજી—શ્રુતિરૂપા—કુમારિકા શ્રીયમુનાજી એમ ચાર.

(૨) શ્રીપુરૂષોત્તમજી — સત્વગુણાદિત્રણવાલાં ત્રણ. અને નિર્ગુણા શ્રીયમુનાજી. ચોથા.

(૩) શ્રીટીકાકાર —નિત્યસિધ્ધાયૂથ—શ્રુતિરૂપાયૂથ—ઋષિરૂપાયૂથ—શ્રીયમુનાજીયૂથ.

(૪) શ્રીદ્વારકેશજી—રાજલીલામાં કાલિન્દીજી ચતુર્થપ્રિયા, વ્રજલીલામાં તો શ્રીયમુનાજી ચતુર્થપ્રિયા.

**ભગવાન અને શ્રીયમુનાજીના છ ધર્મ સમાન છે.**

આ શ્લોકમાં '**अनंतगुणभूषिते**'થી આરંભી '**कृपाजलधिसंश्रिते**' પર્યન્ત સાત વિશેષણ છે. પ્રત્યેક વિશેષણ પુલ્લિંગમાં સપ્તમી વિભકિતમાં છે તેથી શ્રીકૃષ્ણચંદ્રને સપ્તમી વિભકિતમાં લાગુ પડે છે, અને સ્ત્રીલિંગમાં સંબોધનમાં છે તેથી શ્રીયમુનાજીને સંબોધનમાં લાગુ પડે છે. તેથી પ્રત્યેક શબ્દ શ્રીકૃષ્ણચંદ્રનું તેમ જ શ્રીયમુનાજીનું વિશેષણ છે. શ્રીયમુનાજી ભગવત્સમાન ધર્મવાળા છે. તે આ પરથી સિદ્ધ થાય છે. શ્રીયમુનાજીમાં ભગવાનના જેટલાજ ધર્મ છે, એટલું જ નહિ પરન્તુ ભગવાનમાં જે ધર્મ છે તે જ ધર્મ શ્રીયમુનાજીમાં પણ છે. શ્રીકૃષ્ણચંદ્રના અને શ્રીયમુનાજીના ધર્મની સંખ્યા માત્ર સમાન છે. એમ નહિ, પરન્તુ પ્રત્યેક ધર્મ પણ સમાન છે, પ્રત્યેક વિશેષણ ઉભયને લાગુ પડે છે, માત્ર વિભકિતનો જ ભેદ છે, પરન્તુ અર્થમાં ભેદ નથી. તેથી શ્રીયમુનાજી ભગવત્સમાન ધર્મવાળાં છે.

'ऐश्वर्यस्य समग्रस्य वीर्यस्य यशसःश्रियः ।
ज्ञानवैराग्ययोश्चैव षण्णां भग इतीरणात्'

શ્લોકાનુસાર ભગવાન અૈશ્વર્ય, વીર્ય, યશઃ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ ષડ્ગુણસમ્પન્ન છે. તેમ જ શ્રીયમુનાજી પણ આ ષડ્ગુણસમ્પન્ન છે. આ ચતુર્થ શ્લોકમાં ભગવાનનાં અને શ્રીયમુનાજીના સાત વિશેષણ છે. તેમાં પ્રથમ છ વિશેષણ ઉભયમાં આ ષડ્ગુણનું પ્રતિપાદન કરે છે, અને સપ્તમ વિશેષણ ધર્મી અર્થાત્ સ્વરૂપ-પ્રતિપાદક છે તે પણ ઉભયને સમાન છે. ભગવાન ષડ્ગુણસમ્પન્ન છે. આ ષડ્ગુણમાં પણ મર્યાદામાર્ગીય અને પુષ્ટિમાર્ગીય એવા બે પ્રકારના ભેદ છે. ભગવાનનાં પુષ્ટિમાર્ગીય ષડ્ગુણનું વેણુગીતમાં '**धन्यास्तु**' ઈત્યાદિ શ્લોકથી આરંભી છ શ્લોક પર્યન્ત વર્ણન કર્યું છે. તે જ છ ગુણનું અત્ર છ વિશેષણથી જ નિરૂપણ કરવામાં આવે છે.

## હે શ્રીયમુને ! મારૂં સુખ વિચારો.

હે શ્રીયમુને ! આવા ધર્મયુકત હરિમાં સરળતાથી મારૂં મન પ્રાપ્ત કરાવો. આવા ધર્મયુકત હરિમાં મારા મનનું સુખ વિચારો (અત્ર સુખનો અર્થ ભાવથી અનુભવાતો આનંદ થાય છે.) આવા ધર્મયુકત હરિમાં મને ભાવયુકત આનંદ કેમ પ્રાપ્ત થાય તે આપ વિચારો. આપ વિચારવાથી મને એવો આનંદ અવશ્ય પ્રાપ્ત થશે, અને ઈતર કોઈ સાધનથી એવો આનંદ મને પ્રાપ્ત થવાનો નથી, એવો અત્ર ભાવ રહેલો છે. આપના મનમાં જ્યારે આ આવશે ત્યારે જ મને તેનો અનુભવ થશે; કારણ કે ભગવાને આપનામાં અષ્ટવિધ ઐશ્વર્ય મૂકેલું છે, અને પોતે અનીશ્વર હોય એમ સદા આપને આધીન છે, તેથી આપના વિચારવાથી મને આ આનન્દાનુભવ અવશ્ય પ્રાપ્ત થશે, એ અભિપ્રાયથી અત્રે સ્તુતિ થાય છે. ૪

શ્રીમદાચાર્યચરણે પ્રથમ ચાર શ્લોકથી શ્રીયમુનાજીના ઉત્કર્ષનું વર્ણન કરી, તેમની સ્તુતિ કરી; પરન્તુ ગંગાજી જેવાં ભગવદીયોમાં પણ ઉત્કર્ષનું સ્થાપન કરનાર શ્રીયમુનાજીના ઉત્કર્ષનું વર્ણન કરવાને કોઇ પણ સમર્થ નથી, કારણ કે શ્રીયમુનાજીના અલૌકિક ગુણો અનંત છે, અને તેથી વાણીથી યથાર્થ વર્ણન થઈ શકે તેમ નથી, એવા ભાવથી હવે શ્રીયમુનાજીની સ્તુતિ કરે છે.

**यया चरणपद्मजा मुररिपोः प्रियंभावुका**
**समागमनतोभवत्सकलसिद्धिदा सेवताम् ।**
**तया सदृशतामियात्कमलजा सपत्नीव यत्**
**हरिप्रियकलिन्दया मनसि, मे सदा स्थीयताम् ॥५॥**

અર્થ – જેમના સમાગમથી (શ્રીપ્રભુના) ચરણકમલમાંથી ઉત્પન્ન થએલાં (ગંગાજી) શ્રીકૃષ્ણના પરમ પ્રીતિપાત્ર, અને (નિજ) સેવકોને સકલસિદ્ધિનું દાન કરનાર થયાં. તેવાં (શ્રીયમુનાજી)ની સમાન કમલજા (લક્ષ્મીજી) થાય તો થાય; કારણ કે તે સપત્ની છે. આવાં હરિપ્રિય શ્રીયમુનાજી મારા મનમાં સદા સ્થિતિ કરો. ૫

શ્રીયમુનાજી સાક્ષાત્ ભગવત્સેવોપયોગી દેહ સંપાદન કરાવી, જીવોને ભગવાનના સેવક બનાવી, સેવકસૃષ્ટિ રચે છે, તેથી ભગવાનનાં પરમપ્રિય છે, તેમ ગંગાજી શ્રીયમુનાજીના સમાગમ પછી શ્રીયમુનાજીના સંગમને લીધે શ્રીયમુનાજીના સ્મરશ્રમજનિત જલાણુના સંબંધથી, જીવોને સાક્ષાત્ સેવોપયોગી દેહ સંપાદન કરાવી સેવા કરાવી શકે છે, તેથી ભગવાનના પરમપ્રિય થયા છે. શ્રીયમુનાજીના આવેશથી શ્રીયમુનાજી સદૃશ કાર્ય ગંગાજી કરે, એમાં કાંઇ આશ્ચર્ય નથી, કારણ કે જેનામાં અન્યનો આવેશ હોય તે તેનું કાર્ય સદા કરે છે, ભકતોમાં જ્યારે ભગવાનનો આવેશ હોય છે, ત્યારે ભકતો ભગવાનનું કાર્ય કરી શકે છે. તેમ

ગંગાજીમાં શ્રીયમુનાજીના સંગમથી શ્રીયમુનાજીનો આવેશ થવાથી શ્રીયમુનાજીનું કાર્ય તે કરે તેમાં કાંઈ આશ્ચર્ય નથી.

## શ્રીયમુનાજી અને લક્ષ્મીજી.

આવાં પોતાના સમાગમમાત્રથી નિજસમાન ગુણ સંપાદન કરાવનાર શ્રીયમુનાજી સદશ અન્ય કોણ હોઈ શકે ? (ભાવાર્થ,) કોઈ હોય શકે જ નહિ. જો કોઈ હોય શકે તો કમલજા (લક્ષ્મીજી) હોઈ શકે, કારણ કે તે ભગવાનના પત્ની છે, એટલે શ્રીયમુનાજીનાં સપત્ની છે. લક્ષ્મીજી ભગવાનનાં પત્ની છે, તેથી જ શ્રીયમુનાજીનાં સપત્ની છે, લક્ષ્મીજી પુષ્ટિલીલા સંબંધથી અથવા ભક્તાનુગુણ હોવાથી શ્રીયમુનાજીને સપત્નીનું દુઃખ નથી; કારણ કે આ ગુણો શ્રીયમુનાજીમાં પણ છે.

આ પ્રમાણે ભક્તનો પણ ઉત્કર્ષ કરનારાં શ્રીયમુનાજી ભક્તાનુગુણ છે, આવાં અતિશય ઉપકાર કરનાર શ્રીયમુનાજીની સેવા કરી બદલો વાળવાનો અલ્પ પણ સંભવ નથી, તેથી શ્રીયમુનાજી પ્રતિ નમન સિવાય કાંઈ પણ અન્ય શક્ય નથી, એવા આશયથી શ્રીમદાચાર્યચરણ છઠ્ઠા શ્લોકનું અવતરણ કરે છે.

**नमोऽस्तु यमुने सदा तव चरित्रमत्यद्भुतं**
**न जातु यमयातना भवति ते पयःपानतः**
**यमोऽपि भगिनीसुतान्कथमु हन्ति दुष्टानपि**
**प्रियो भवति सेवनात्तव हरेर्यथा गोपिकाः ॥६॥**

હે શ્રીયમુનાજી ! આપપ્રતિને સદા (અમારા) નમસ્કાર હો. આપનું ચરિત્ર અતિ અદ્ભુત છે. આપના પયઃપાનથી યમયાતના કદાપિ થતી નથી. યમ પણ ભગિનીના પુત્રો, દુષ્ટ હોય તો પણ તેમનો કેમ નાશ કરે ? આપના સેવનથી ગોપિકાઓની પેઠે (સેવન કરનાર) હરિને પ્રિય થાય છે.

### શ્રીયમુનાજીને પ્રણામ.

શ્રીયમુનાજી! આપ પ્રતિ અમારા સદા નમસ્કાર હો. શ્રીયમુનાજીને નમસ્કાર કરવા એ પણ અતિદુર્લભ છે, માટે અમારા 'નમસ્કાર હો' એમ પ્રયોગ કરેલો છે. ભગવાનમાં ગમે તેવા હેતુથી પોતાની ભાવના કરવામાં આવે તો અસાધનને પણ સાધન બનાવે છે, પરન્તુ **શ્રીયમુનાજી** તેમની ભાવના પણ કરવામાં ન આવે તોપણ અસાધનને સાધન બનાવે છે. તેથી ભગવાનના ચરિત્ર કરતાં શ્રીયમુનાજીનું ચરિત્ર અતિશય અદ્‌ભુત છે. આવા અદ્‌ભુત ચરિત્રવાળાં શ્રીયમુનાજી પ્રતિ નમસ્કાર પણ દુર્લભ જ છે.

### શ્રીયમુનાપાનનો પ્રભાવ.

વળી આપના જલના પાનથી કદાપિ યમયાતના થતી નથી. ભગવન્નામથી પણ યમયાતના થતી નથી, પરન્તુ શ્રીયમુનાજીના પયઃપાનથી તો કદાપિ યમયાતના થતી નથી. મહાન અપરાધો હોય તો ભગવન્નામ પણ ન ફળે, અને યમયાતના થાય, પરન્તુ શ્રીયમુનાજીના પયઃપાનથી તો ગમે તેવા મહાન્ અપરાધો હોય તોપણ યમયાતના થતી નથી, તેથી પણ ભગવાનના ચરિત્ર કરતાં શ્રીયમુનાજીનું ચરિત્ર અતિશય અદ્‌ભુત છે, એમ સિદ્ધ થાય છે.

યમનો પાપીઓને દંડ કરવાનો અધિકાર છે ખરો, પરન્તુ ભગિનીસુતને યમ કેમ દંડ કરે? યમની શ્રીયમુનાજી ભગિની થાય છે. કારણ કે ઉભય સૂર્યનાં સંતાન છે. શ્રીયમુનાજી યમની ભગિની છે, એટલું જ નહિ, પરન્તુ તે નાનાં ભગિની છે, કારણ કે યમની ઉત્પત્તિ પછી દોષ દૂર કરવાની સૂર્યની ઇચ્છાથી શ્રીયમુનાજીને પ્રકટ કર્યાં છે.

**ममास्तु तव सन्निधौ तनुनवत्वमेतावता**
**न दुर्लभतमा रतिर्मुररिपौ मुकुन्दप्रिये ।**
**अतोऽस्तु तव लालना सुरधुनी परं सङ्गमात्**
**तवैव भुवि कीर्तिता न तु कदापि पुष्टिस्थितैः ॥७॥**

હે મુકુંદપ્રિયે આપની સન્નિધિમાં મને નૂતન તનુની પ્રાપ્તિ થાઓ. એટલાથી જ મુરરિપુમાં રતિ પ્રાપ્ત થાય છે. તેથી (આધુનિક શરીરની નિવૃત્તિપર્યન્ત) આપની (સ્તુતિરૂપ) લાલનો હો. ગંગાજીની આપના જ સંગમથી ભૂતલપર અતિશય સ્તુતિ થાય છે. પરન્તુ (કેવલ અર્થાત્ આપના સંગમરહિત ગંગાજીની) કદાપિ પુષ્ટિભક્તો સ્તુતિ કરતા નથી.

### શ્રીયમુને સેવોપયોગી દેહ આપો.

આપની સન્નિધિમાં મને નૂતન લીલોપયોગી દેહની પ્રાપ્તિ થાઓ. દુષ્ટની સન્નિધિમાં શ્રીયમુનાજીનો તિરોભાવ થાય છે. દુષ્ટની સન્નિધિ ન હોવાથી જ્યાં શ્રીયમુનાજીનો તિરોભાવ ન થએલો હોય તેવા સ્થળે નૂતન લીલોપયોગી દેહની પ્રાપ્તિ થાઓ. એવો અત્ર આશય છે. શ્રીયમુનાતીરે જે જે દેહની પ્રાપ્તિ થાય તે તે દેહ નૂતન લીલોપયોગી હોય તેમ નહિ, પરન્તુ જ્યાં જ્યાં દુષ્ટજનથી શ્રીયમુનાજીનો તિરોભાવ થએલો ન હોય ત્યાં ત્યાં નૂતન લીલોપયોગી દેહની પ્રાપ્તિ થઇ જાય છે. પૂર્વ શરીર નિવૃત્ત થયા વિના નૂતન દેહની પ્રાપ્તિ થઈ શકે નહિ, તેથી નૂતન દેહની પ્રાર્થનામાં જ પૂર્વ શરીરનું નિવૃત્તિનું પણ સૂચન થઈ જાય છે. અત્ર પૂર્વદેહની નિવૃત્તિથી પૂર્વદેહનો નાશ એવો અર્થ લેવાનો નથી, પરન્તુ મૃત્તિકાના બનેલા ઘડાને અગ્નિમાં પકવવાથી મૃત્તિકાની કાચાશ જેવી નિવૃત્તિ થાય છે, તેવી અત્ર પૂર્વદેહની નિવૃત્તિ સમજવાની છે, કારણ કે અત્ર **'तनुनवत्व'** ની પ્રાર્થના કરેલી છે. **'तनुनवत्वम्'** એટલે **'तनोःनवत्वम्'** અથવા પૂર્વ નૂતનપણું ક્યાં સંભવે ? અત્ર પૂર્વતનુનો નાશ થતો નથી, પરન્તુ પૂર્વતનુ નૂતન થાય છે. જેમ મૃન્મય ઘટ અગ્નિથી પકવ થાય છે તેમ પૂર્વદેહ શ્રીયમુનાજીની સન્નિધિથી નૂતન અર્થાત્ લીલોપયોગી થાય છે. શ્રીયમુનાજીની સન્નિધિમાં નૂતન દેહની સમ્પત્તિ થવી

એ પણ શ્રીયમુનાજીની ઈચ્છાને જ આધીન છે, શ્રીયમુનાજી એ સમ્પત્તિ કરાવે તો જ થાય છે, એમ દર્શાવવા **'અસ્તુ' 'થાઓ'** પદથી નૂતન દેહ માટે પ્રાર્થના કરેલી છે. આટલાથી જ અર્થાત નૂતનદેહ સમ્પત્તિ માત્રથી જ મુરરિપુ શ્રીકૃષ્ણચંદ્રમાં રતિ થવી એ દુર્લભ નથી.

## નૂતન દેહથી પ્રભુ પ્રસન્ન થાય છે.

શ્રીયમુનાજી સેવોપયોગી નૂતનદેહની સમ્પત્તિ કરાવે એટલે શ્રીકૃષ્ણચંદ્રમાં રતિ દુર્લભ રહેતી નથી. નહિ તો ભગવાનમાં રતિ થવી એ દુર્લભ છે, કારણ કે શ્રીયમુનાજી નૂતન લીલોપયોગી દેહની સમ્પત્તિ કરાવે એટલે શ્રીયમુનાજીનો સંબંધ થવાથી જ શ્રીકૃષ્ણચંદ્રમાં રતિ પણ સુલભ છે.

જેના સંબંધમાત્રથી સર્વવંદ્ય ગંગાજીની સ્તુતિ થવા માંડી એવાં શ્રીયમુનાજીની સ્તુતિ કરવા કોણ સમર્થ હોય? એવા આશયથી શ્રીમદાચાર્યચરણ અષ્ટમ શ્લોકનું અવતરણ કરે છે.

**स्तुतिं तव करोति कः कमलजासपत्नि प्रिये**
**हरेर्यदनुसेवया भवति सौख्यमामोक्षतः ।**
**इयं तव कथाधिका सकलगोपिकासङ्गम-**
**स्मरश्रमजलाणुभिः सकलगात्रजैः सङ्गमः ॥८॥**

હે કમલજાસપત્નિ હરિપ્રિય (શ્રીયમુનાજી), આપની સ્તુતિ કોણ કરી શકે? કારણ કે (લક્ષ્મીજીની) હરિની સાથે સેવા કરવાથી મોક્ષપર્યન્ત સુખ થાય છે. આપની કથા આટલી અધિક છે. (આપથી) સકલ ગોપિકાના સંગમથી થતા સ્મરશ્રમના સકલગાત્રમાંથી ઉત્પન્ન થએલા જલબિંદુઓ સાથે સંગમ થાય છે.

## કેવળ લક્ષ્મીજીની સેવા થાય નહિ

ભગવાનની સાથે અને ભગવાનની સેવા પછી લક્ષ્મીજીની સેવા કરવામાં આવે તો જ મોક્ષ પ્રાપ્ત થાય છે. ભગવાનની

સાથે ગૌણભાવથી લક્ષ્મીજીની સેવા કરવામાં આવે તો જ સાલોક્યાદિ ફલ પણ પ્રાપ્ત થાય. પુરૂષોત્તમ વિના વિભૂતિ રૂપ લક્ષ્મીજી પૂજનથી ધન આદિ સંપત્તિનું દાન કરે છે. પરંતુ મોક્ષ પ્રાપ્ત કરાવતા નથી એટલું જ નહિ, પરંતુ ધન આદિ સંપત્તિ આપી, વિષયમાં અસકત કરી. સંસારમાં આસકિત કરવાથી વૈરાગ્યમાં વિઘ્નકારી થઈ, મોક્ષના વિઘાતક છે.

સકલ ગોપિકાના સંગમથી સ્મર સંબંધી ક્રીડાથી ઉત્પન્ન થતા સ્વેદજલના અણુઓ જે સકલ ગાત્રોમાંથી ઉત્પન્ન થાય છે તેમનો સંગમ જેનાથી અથવા જેને છે એવાં શ્રીયમુનાજી છે. શ્રીયમુનાજીમાં સ્વેદજલનાં અણુઓનો સંગમ છે. શ્રીયમુનાજી પાસેથી શ્રીયમુનાજીના સંબંધીઓને પણ તેમનો સંગમ થાય છે. આ વિશેષણોથી શ્રીયમુનાજી પરમકાષ્ઠાપન્ન પુષ્ટિમાર્ગના અંતરંગ ભકત છે, સર્વદા ભગવદ્રસથી પૂર્ણ છે, અંતરંગ ભકતોને અનુગુણ છે, અને આ લીલામધ્યપાતી છે, એમ સૂચન થાય છે. શ્રીયમુનાજી પોતે ભગવદ્રસપૂર્ણ હોવાથી પોતાના અનન્ય ભકતોને પણ આ રસનું દાન કરે છે જ.

આ પ્રમાણે શ્રીમદાચાર્યચરણ આઠ શ્લોકથી શ્રીયમુનાજીની સ્તુતિ કરી નવમાં શ્લોકમાં આ સ્તોત્રના પાઠનું ફલ કહે છે.

> **तवाष्टकमिदं मुदा पठति सूरसुते सदा**
> **समस्तदुरितक्षयो भवति वै मुकुंदे रतिः ।**
> **त । सकलसिध्धयो मुररिपुश्च सन्तुष्यति**
> **स्वभावविजयो भवेद्वदति वल्लभः श्रीहरेः ।।९।।**

અર્થ–હે સૂરસુતે, આપના આ અષ્ટકનો જે સદા આનંદથી પાઠ કરે છે. તેના સમસ્ત પાપનો ક્ષય થાય છે. અને મુકુંદમાં રતિથાય છે. તેનાથી સર્વ સિદ્ધિ પ્રાપ્ત થાય છે, મુરરિપુ પણ સંતુષ્ટ થાય છે, અને સ્વભાવનો વિજય થાય છે. એમ શ્રીહરિના વલ્લભ કહે છે.

## શ્રીમદાચાર્યકૃત શ્રીયમુનાજીના પાઠથી જ ફલ મળે છે, બીજા પાઠથી નહિ.

### આ પાઠથી સર્વ પાપોનો ક્ષય થાય છે.

આ શ્રીમદાચાર્યચરણવિરચિત સ્તોત્રના પાઠ કરનારના સકલ પાપનો ક્ષય થાય છે. બ્રહ્મસંબંધ પેઠે આ સ્તોત્રનો પાઠ એકદમ સર્વ પાપનો નાશ કરે છે. તેથી–આ સ્તોત્રના પાઠ કરનાર પ્રથમ તરત જ સર્વ પાપમાંથી મુક્ત થાય છે.

### આ પાઠથી મુકુન્દમાં પ્રીતિ થાય છે,

આ અષ્ટકના પાઠથી પાપ ક્ષય થાય છે. પછી મુકુંદની ભક્તિ પ્રાપ્ત થાય છે. મુકુંદ એટલે મોક્ષદાતા. સાધારણ રીતે સર્વને મુકુંદ મોક્ષનું દાન કરે છે. પરંતુ આ અષ્ટકના પાઠ કરનાર પર પ્રસન્ન થઈ રતિ અથવા ભક્તિનું દાન કરે છે.

શ્રીયમુનાજીની સ્તુતિ કરવાથી ભગવાન તુષ્ટ થાય છે. ભગવાન તુષ્ટ થાય છે એટલું જ નહિ પરંતુ જેમ ગોપિકાઓ પર સંતુષ્ટ થાય તેમ સંતુષ્ટ થાય છે. ભગવાન સંતુષ્ટ થાય ત્યારે પ્રતિબંધ દૂર કરી પોતાની પ્રાપ્તિ કરાવે, એ નિઃસંદિગ્ધ જ છે. વળી આ અષ્ટકના પાઠથી ભગવાન પ્રસન્ન થાય છે. એટલું જ નહિ પરંતુ સર્વ સ્વામિનીઓ પણ પ્રસન્ન થાય છે. **मुररिपुश्च** માં 'च' પદનો સ્વામિનીઓ પણ પ્રસન્ન થાય છે, એવો અર્થ છે. લોકમાં પણ સ્વકીયનું સ્તવન કરતાં પોતાના પ્રિયનું સ્તવન કરવામાં આવે તો અધિક સંતોષ થાય છે. તે જ પ્રમાણે સ્વામિનીઓને અતિશય પ્રિય પ્રભુને સંતોષ થાય, તેથી સ્વામિનીઓ પણ પ્રસન્ન થાય, એમાં કાંઈ સંદેહ નથી. આ પ્રમાણે સકલ દુરિતનો ક્ષય થવાથી ભગવાન પ્રતિ ભક્તિ થાય છે અને તેથી સકલ સિધ્ધિ સહિત ભગવદ્ભાવની પ્રાપ્તિ થાય છે, એ આ યમુનાષ્ટકના પાઠથી થતું એક ફલ છે.

આ અષ્ટકનો પાઠ કરવાથી રાવૃત્તિ થાય છે, સર્વાત્મભાવ સિધ્ધ થવાથી કામવાસનાની પરાવૃત્તિ થઈ જાય છે. અથવા સ્વભાવનો અર્થાત્ સાત્વિક આદિ સ્વભાવનો વિજય થાય છે. સાત્વિક આદિ સ્વભાવ સ્વાધીન થાય છે અર્થાત ગુણાતીતત્વ પ્રાપ્ત કરે છે. ગુણાતીત સ્વરૂપની સિધ્ધિ થવાથી કેવલ લીલોપયોગી જ પ્રવૃત્તિ થાય છે. અથવા સ્વભાવ અર્થાર્ ભગવધ્ધર્મપ્રવેશથી ઉત્પન્ન થએલા માન આદિ સ્વભાવની પરાવૃત્તિ થાય છે. આ અષ્ટકનો પાઠ કરવાથી દૈન્યભાવની સિધ્ધિ થાય છે. અને તેથી ઉક્ત માનઆદિ સ્વભાવની પરાવૃત્તિ થાય છે. સ્વભાવવિજય થાય છે એટલે દુષ્ટસ્વભાવવાળો જીવ ઉત્તમ સ્વભાવવાળો થાય છે. કામભાવ. આદિ સ્વભાવ અને અભિમાન આદિ સ્વભાવ, એ સર્વ દુષ્ટ સ્વભાવ છે. આ અષ્ટકનો પાઠ કરવાથી આ સર્વ દુષ્ટ સ્વભાવની નિવૃત્તિ થાય છે.

## શ્રી વલ્લભ પ્રભુ સાક્ષી પૂરે છે

અનેક તપઃસાધ્ય આવું ફલ માત્ર આ અષ્ટકનો માત્ર પાઠ કરવાથી કેમ થાય ? એવી શંકા દૂર કરવા શ્રીમદાચાર્યચરણ **'વદતિ વલ્લભઃ'** એમ કહે છે. તેથી આપ્તવાક્ય હોવાથી એ પ્રમાણ છે. આપ્ત અર્થાત્ યથાદષ્ટાર્થવાદી આ આપ્તત્વ શ્રીમદાચાર્યચરણમાં જ ઘટે છે. શ્રીમદાચાર્યચરણ લીલાસૃષ્ટિસંબંધી હોવાથી લીલાસ્થ ભક્તજનના ફલજનન આદિનું તેમને દર્શન થવાથી આ વિષયમાં તે જ આપ્ત હોઈ શકે. તેથી તેમણે કહેલું જ આ વિષયમાં પ્રમાણ છે, એમ બોધ કરવા વલ્લભ નામ લીધેલું છે.

## શ્રીયમુનાષ્ટક સમ્પૂર્ણ થયું

**મહાસભાને દાન આપો, અપાવો.**

### અથ શ્રીમદ્વલ્લભાચાર્યચરણપ્રણીત

# બાલબોધ

વેદ ગીતા, પુરાણુ વગેરે મહાન ગ્રંથોમાં જે મોટા મોટા વિશિષ્ટ સિધ્ધાંતો વિસ્તારથી વર્ણવ્યા છે, તેને સંક્ષેપથી અને સરલતાથી બાળકોને સમજાવવા માટે આ ( બાલબોધ )ગ્રંથનો શ્રીમદ્-વલ્લભાચાર્યચરણે રચેલો છે. એ ગ્રંથનો પહેલો શ્લોક નીચે મુજબ છેઃ—

**નત્વા હરિં સદાનન્દં સર્વસિદ્ધાન્તસંગ્રહમ્ ॥**
**બાલપ્રબોધનાર્થાય વદામિ સુવિનિશ્ચિતમ્ ॥ ૭ ॥**

**પદાર્થ** :- **નત્વા** ( નમન કરીને ) **હરિં** (શ્રી હરિને) **સદાનન્દં** ( સત્સ્વરૂપ અને આનંદસ્વરૂપ એવા ) **સર્વસિદ્ધાંતસંગ્રહં** ( સર્વે સિધ્ધાંતોના સંગ્રહને ) **બાલપ્રબોધનાર્થાય** ( બાળકોને સારી પેઠે બોધ થવા માટે ) **વદામિ** ( હું કહું છું ) **સુવિનિશ્ચિતમ્** (ચોક્કસ રીતે નિશ્ચિત કરેલા, )

**ભાવાર્થ**:—૧ સત્યસ્વરૂપ અને આનંદસ્વરૂપ એવા શ્રીહરિને (વિવેચન) ૧ સતરૂપ એટલે જે ત્રણે કાલમાં સત્તા ધરાવે તે. ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાલમાં પ્રભુ છે, માટે તે સત્સ્વરૂપ કહેવાય છે.

૨. પ્રભુનું સ્વરૂપ આનંદસ્વરૂપ છે. પરમાત્માનું સ્વરૂપ આનંદ મયજ છે. વેદ કહે છે કે પ્રભુના સ્વરૂપમાં જ્યાં જુઓ ત્યાં આનંદ સિવાય બીજું કાંઇ છે જ નહિ. તેમ જ ઉપનિષદમાં પણ કહ્યું છે કે **કૃષિર્ભૂવાચકઃ શબ્દો ણશ્ચ નિર્વૃતિવાચકઃ । તયોરૈક્યં પરં બ્રહ્મ કૃષ્ણ ઇત્યભિધીયતે ॥** કૃષ્ણ શબ્દમાં ' કૃષ્ ' એટલા અક્ષર પ્રભુનાં સત્સ્વરૂપ ને જણાવે છે અને ' ણ ' એ અક્ષર આનંદ-રૂપને ઓળખાવે છે. બંને મળીને સદાનંદ શ્રીકૃષ્ણ કહેવાય છે. ૨ સર્વના દુઃખોને હરનાર પરમાત્મા તે શ્રી હરિ.

નમન કરીને બાલકોને સારી પેઠે બોધ થવા માટે ચોકક્સ રીતે નશ્ચય કરેલા સર્વ સિદ્ધાંતોના સંગ્રહને હું કહું છું.

મુખ્ય ચાર પુરૂષાર્થો છે, તે શ્રીમદાચાર્યજી ગણાવે છેઃ-

**धर्मार्थकाममोक्षाख्याश्चत्वारोऽर्थो मनीषिणाम् ॥**
**जीवेश्वरविचारेण द्विधा ते हि विचारिताः ॥२॥**

**पदार्थ** -**धर्मार्थकाममोक्षाख्या** : (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ નામના) **चत्वारः** (ચાર), **अर्था** : (પુરૂષાર્થો), **मनीषिणाम्** (બુધ્ધિમાન પુરુષોના) **जीवेश्वरविचारेण** જીવના અને ઈશ્વરના વિચારે કરીને), **द्विधा** (બે રીતે) **ते** (તે પુરૂષાર્થો) **हि** (ખચિત) **विचारिता** : (વિચારમાં આવેલા છે.)

**ભાવાર્થ** :- બુધ્ધિમાન (૧) પુરૂષોના ૧ધર્મ, ૨ અર્થ, ૩ કામ અને ૪ મોક્ષ એ નામના ચાર પુરૂષાર્થો છે. તે પુરૂષાર્થો જીવના(૨) અને ઈશ્વરના વિચારે કરીને જ બે રીતે વિચારમાં આવેલા છે,

ઈશ્વરે જે પુરૂષાર્થોનો વિચાર કરેલો છે. તે અલૌકિક કહેવાય છે અને જીવોએ જે પુરૂષાર્થીનો વિચાર કરેલો છે, તે લૌકિક કહેવાય છે. બન્નેનું સ્વરૂપ આપ શ્રી સમજાવે છેઃ-

**अलौकिकास्तु वेदोक्ता साध्यसाधनसंयुता :**
**लौकिका ऋषिभिः प्रोक्तास्तथैवेश्वरशिक्षया ॥१॥**

---

૧. જેઓ અમુક પ્રકારના નિશ્ચય ઉપર આવી ગયેલા હોય અને જેમને વેદ વગેરેમાં મુદ્દલે સંદેહ ન રહયા હોય તે બુધ્ધિમાન સમજવા.

૨ એ ચાર પરૂષાર્થોનો વિચાર બે પ્રકારે થયલો છે. જીવોએ પણ તેનો વિચાર કરેલો છે, અને ઈશ્વરે પણ તેનો વિચાર કરેલો છે. માટે તે પુરૂષાર્થોનો વિચાર બે રીતે થયેલો છે. એમ સમજવું. જીવોએ વિચાર કરીને પુરૂષાર્થોનું જે સ્વરૂપ કલ્પ્યું. હોય તે લૌકિક સમજવું, અને ઇશ્વરે વેદમાં જે પુરૂષાર્થો બતાવ્યા છે, તે અલૌકિક જાણવા.

**पदार्थ-अलौकिकाः** (અલૌકિક) **तु** (તો) **वेदोक्ता** (વેદમાં કહેલા છે **साध्यसाधनसंयुताः** ( સાધ્ય અને સાધનની સાથે ) **लौकिका :** (લૌકિક) **ऋषिभिः** ( ઋષિઓએ ) **प्रोक्ताः** ) વિસ્તારથી કહેલા છે તે ) **तथा** ( તેવી રીતે) **एव** (જ) **ईश्वरशिक्षया** (ઇશ્વરની શિક્ષા પ્રમાણે કહેલા છે )

**ભાવાર્થ** :- અલૌકિક (૧) (પુરૂષાર્થો) તો સાધ્ય (૨) અને સાધનની સાથે વેદમાં કહેલા છે. તેવી જ રીતે ઈશ્વરની (૩) શિક્ષા પ્રમાણે લૌકિક (પુરૂષાર્થો પણ) ઋષિઓએ વિસ્તારથી કહેલા છે. ૩

લૌકિક પુરુષાર્થનું સ્પષ્ટીકરણ કરે છે.

**लौकिकांस्तु प्रवक्ष्यामि वेदादाद्याः यतः स्थिता ॥**
**धर्मशास्त्राणि नीतिश्च कामशास्त्राणि च क्रमात् ॥४॥**
**त्रिवर्गसाधकानीति न तन्निर्णय उच्यते ।**

**पदार्थ-लौकिकान्** (લૌકિક પુરૂષાર્થોને) **तु** (તો) **प्रवक्ष्यामि** (વિસ્તારથી કહીશ) **वेदात्** (વેદથી) **आद्याः** (અલૌકિક પુરૂષાર્થો) **यतः** (કારણ કે ) **स्थिताः** (સિદ્ધ વેદમાં છે) **धर्मशास्त्राणि** (ધર્મ-

---

૧ લૌકિક પુરુષાર્થોનું સ્વરૂપ આગળ ઉપર બતાવવામાં આવશે. તે લૌકિક પુરૂષાર્થો કરતાં અલૌકિક પુરુષાર્થોનું સ્વરૂપ કાંઈક વિલક્ષણ છે. તે આ પ્રમાણે-ધર્મ એટલે યજ્ઞરૂપી વિષ્ણુ ભગવાન અર્થ એટલે યજ્ઞ માટે જ જે દ્રવ્યનો ઉપયોગ થાય તે. કામ એટલે પરમાત્માના સુખનો અનુભવ. મોક્ષ એટલે દુઃખનો નાશ થઇને અખંડ સુખની પ્રાપ્તિ થવી તે.

૨ સાધ્ય એટલે સિદ્ધિ કરવા યોગ્ય, જેમ કે યજ્ઞ. સાધન એટલે ઉપયોગી થઇ પડનારા પદાર્થો; જેમ કે યજ્ઞમાં ઉપયોગી ગાય, સોમરસ વગેરે.

૩ વેદની આજ્ઞાને અનુસરીને, અથવા ઈશ્વરની પ્રેરણાથી ઋષિએ કહ્યા.

શાસ્ત્રો) **नीतिः** (અર્થશાસ્ત્ર) **च** (અને) **कामशास्त्राणि** (કામશાસ્ત્રો) **च** (અને) **क्रमात्** (અનુક્રમે) **त्रिवर्गसाधकानि** (ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થને સિદ્ધ કરનારાં છે) **इति** (એટલા માટે) **न** (નહિ) **तन्निर्णयः** (એ ત્રણેનો નિર્ણય) **उच्यते** (કહેવાય.)

ભાવાર્થ :–લૌકિક પુરૂષાર્થોને તો હું વિસ્તારથી કહીશ, કારણ કે અલૌકિક પુરૂષાર્થો ૧ તો વેદથી જ સિદ્ધ થયેલા છે. ધર્મશાસ્ત્રો, (૨) નીતિશાસ્ત્ર અને કામશાસ્ત્ર એ ત્રણે શાસ્ત્રો અનુક્રમે ધર્મ, અર્થ અને કામ એ ત્રણે પુરુષાર્થોને સિદ્ધ કરનારાં છે, એટલા માટે એ ત્રણેનો નિર્ણય કહેવામાં આવશે નહિ.

લૌકિક મોક્ષનું વિસ્તાર સાથે આચાર્યશ્રી નિરૂપણ કરે છેઃ–

**मोक्षे चत्वारि शास्त्राणि लौकिके परतः स्वतः ॥ ५ ॥**
**द्विधा द्वे द्वे स्वतस्तत्र सांख्ययोगौ प्रकीर्तितौ ॥**

**पदार्थ –मोक्षे** (મોક્ષમાં) **चत्वारि** (ચાર) **शास्त्राणि** (શાસ્ત્રો છે.)

---

૧ અલૌકિક પુરૂષાર્થો તો વેદથી સારી પેઠે સાબીત થયેલા છે. માટે અહીં કહેવાની જરૂર નથી, પણ લૌકિક પુરૂષાર્થોનું સ્પષ્ટીકરણ કરવાની જરૂર છે. લૌકિક અને અલૌકિક પુરૂષાર્થોનાં નામ એકસરખાં જ છે પણ અર્થ જુદા છે, એમ પહેલાં લખેલાં ટિપ્પણથી સમજી લેવું.

૨ લૌકિક ચાર પુરૂષાર્થોમાં પણ છેલ્લા મોક્ષ સિવાયના પહેલા ત્રણ પુરૂષાર્થો ધર્મશાસ્ત્ર, નીતિશાસ્ત્ર અને કામશાસ્ત્રથી સ્પષ્ટ થયેલા છે, માટે તેનો નિર્ણય કરવાની કાંઈ જરૂર નથી. માત્ર લૌકિક મોક્ષનો જ નિર્ણય આ ગ્રંથમાં કરવામાં આવશે. ધર્મશાસ્ત્ર એટલે મનુ વગેરે ઋષિ–મહર્ષિઓએ બનાવેલા સ્મૃતિ ગ્રંથો. નીતિશાસ્ત્ર એટલે બૃહસ્પતિ વગેરે અર્થશાસ્ત્રના મહાન જાણકારોએ બનાવેલું શાસ્ત્ર. કામશાસ્ત્ર એટલે વાત્સ્યાયન વગેરે મહર્ષિઓએ બનાવેલું શાસ્ત્ર સમજવું.

ते **लौकिके** (જીવોએ વિચારેલા છે.) **परतः** (બીજાથી) **स्वतः** (પોતાનાથી) **द्विधा** (બે પ્રકારનાં) **द्वे द्वे** (બે બે શાસ્ત્રો) **स्वतः** (પોતાથી) (સિદ્ધ થતો મોક્ષ) **तत्र** (તેમાં) **सांख्ययोगौ** (સાંખ્યશાસ્ત્ર અને યોગશાસ્ત્ર) **प्रकीर्तितौ** (સારી પેઠે કહેલાં છે.)

ભાવાર્થ:-જીવોએ વિચારેલા (૧) મોક્ષમાં ચાર શાસ્ત્રો છે. બીજાથી સિદ્ધ થનારા મોક્ષના અને પોતાનાથી સિધ્ધ થનારા મોક્ષના એમ બે પ્રકારનાં બે બે (૨) શાસ્ત્રો છે. પોતાનાથી સિધ્ધ થતા મોક્ષનાં શાસ્ત્રો તરીકે સાંખ્યશાસ્ત્ર અને યોગશાસ્ત્ર કહેલાં છે.

સાંખ્ય અને યોગનું સ્વરૂપ સમજાવે છે :-

**त्यागात्यागविभागेन सांख्ये त्यागः प्रकीर्तितः ॥ ६ ॥**
**अहंताममतानाशे सर्वथा निरहंकृतौ ॥**
**स्वरूपस्थो यदा जीव कृतार्थ स निगद्यते ॥ ७ ॥**

**पदार्थ** :-**त्यागात्यागविभागेन** (ત્યાગ અને અત્યાગ એવા બે ભેદથી) **सांख्ये** (સાંખ્યશાસ્ત્રમાં) **त्याग** (ત્યાગ) **प्रकीर्तितः** (કહેલો છે.) **अहंताममतानाशे** (હું પણાનો અને મમતાનો નાશ થાય ત્યારે) **सर्वथा** (સર્વાંશે) **निरहंकृतः** (અહંકારરહિત થાય ત્યારે) **स्वरूपस्थः** પોતાના સ્વરૂપમાં રહેનારો) **यदा** (જ્યારે) **जीवः** (જીવાત્મા) **कृतार्थः** (કૃતાર્થ) **सः** (તે) **जीव** (જીવ) **निगद्यते** (કહેવાય છે.)

---

૧ સંસારના બંધનથી છૂટી શકાય તેવો પુરૂષાર્થ તે મોક્ષ.

૨ લૌકિક મોક્ષના બધા મળીને ચાર ભેદ છે. મુખ્ય બે ભેદ છે. એક ભેદ તો બીજાથી એટલે કોઇ દેવની કૃપાથી મોક્ષ પ્રાપ્ત કરવો તે. તે વિષ્ણુથી અને શિવથી એમ બે પ્રકારથી મળે છે. એમ આગળ ઉપર કહેશે. બીજોભેદ પોતાનાથી મેળવી શકાય એવો મોક્ષ પોતે જ પ્રાપ્ત કરવો તે છે. તે સાંખ્યશાસ્ત્ર અને યોગશાસ્ત્રથી મળી શકે છે, માટે તેના પણ બે પ્રકાર થયા. બધા મળીને ચાર પ્રકાર સમજવા.

આ સિદ્ધાંતો નીચેના કોષ્ટકથી સારી રીતે સમજાશે :—

- પુરુષાર્થ.
  - અલૌકિક (વેદથી ઈશ્વર સિદ્ધ).
    - ધર્મ.
    - અર્થ.
    - કામ.
    - મોક્ષ.
  - લૌકિક (મનુસ્મૃતિ વગેરેથી જીવ સિદ્ધ).
    - ધર્મ.
    - અર્થ.
    - કામ.
    - મોક્ષ.
      - પરતઃ (બીજાથી).
        - વિષ્ણુથી.
        - શિવથી.
      - સ્વતઃ (પોતાથી).
        - સાંખ્ય.
        - યોગ.

**ભાવાર્થ**:—ત્યાગ કરવો (૧) અને ત્યાગ ન કરવો. એવા બે ભેદવડે ( સાંખ્ય અને યોગનું સ્વરૂપ સમજવું. ) સાંખ્યશાસ્ત્રમાં ત્યાગ કહેલો છે. હું (૨) પણાનો અને મમતા–મારાપણાંનો જ્યારે નાશ થાય અને સર્વાંશે અહંકારરહિત થઈ જીવાત્મા પોતાના સ્વરૂપમાં રહે, ત્યારે તે જીવ કૃતાર્થ કહેવાય છે.

સાંખ્યશાસ્ત્રના ઉપર બતાવેલા મોક્ષ માટે પ્રમાણનો વિચાર કહે છે.

**तदर्थं प्रक्रिया काचित् पुराणेषु निरूपिता ॥**
**ऋषिभिर्बहुधा प्रोक्ता फलमेकमबाह्यत ॥ ८ ॥**

**પદાર્થઃ**-**तदर्थं** (તે સાંખ્યશાસ્ત્રમાં માનેલા ઉપર કહેલ મોક્ષ માટે) **प्रक्रिया** ( સાંખ્યનો માર્ગ ) **काचित्** ( કોઈક ) **पुराणेषु** ( પુરાણોમાં ) **निरूपिता** ( બતાવવામાં આવેલો છે. ) **ऋषिभिः** ( ઋષિઓએ ) **बहुधा** ( ઘણે પ્રકારે) **प्रोक्ता** ( કહેલો છે ) **फलं** (ફલ) **एकं** ( એક સરખું છે. ) **अबाह्यतः** ( બાહ્ય સાંખ્યને છોડીને)

**ભાવાર્થ** :—તે સાંખ્યશાસ્ત્રમાં માનેલા, ઉપર કહેલા મોક્ષ માટે કોઈક સાંખ્ય માર્ગ પુરાણોમાં બતાવવામાં આવેલો છે. ત્યાં ઋષિઓએ ઘણે પ્રકારે કહેલો છે. બધાનું ફલ એક સરખું છે. માત્ર (૩) ઈશ્વરને નહિ માનનારા સાંખ્યને છોડી દેવાં બીજાં પુરાણોમાં બતાવેલાં સેશ્વર સાંખ્યોનું ફલ એક જ છે.

---

૧. બધાને છોડી દેવું તે ૨. જીવને અહંતામમતારૂપી સંસાર લાગુ પડેલો છે. જ્યારે અજ્ઞાન દૂર થાય ત્યારે તેનો નાશ થાય છે. અને પછી તેને બીલકુલ અહંકાર રહેતો નથી.

૩. સાંખ્યશાસ્ત્ર પુરાણોમાં ભિન્ન ભિન્ન સ્વરૂપે વર્ણવ્યું છે. પુરાણોમાં વર્ણવેલું સાંખ્ય પ્રમાણ તરીકે માની શકાય છે. જે સાંખ્ય પુરાણોમાં વર્ણવેલું નથી, જે સાંખ્ય ઇશ્વરને પણ માનતું નથી, તે સાંખ્ય પ્રમાણરૂપ ગણાતું નથી. માટે તેનો ત્યાગ કરીને પુરાણોમાં વર્ણવેલાં બીજા સેશ્વર સાંખ્યશાસ્ત્રોનું ફલ એક સરખું જ છે, એમ સમજવું.

જેમાં ત્યાગ થતો નથી, એવા યોગમાર્ગનું સ્વરૂપ બતાવે છેઃ—

**अत्यागे योगमार्गो हि त्यागोऽपि मनसैव हि ॥**
**यमादयस्तु कर्तव्याः सिद्धे योगे कृतार्थता ॥ ९ ॥**

**पदार्थ** :—**अत्यागे** (ત્યાગ ન કરવામાં) **योगमार्ग** (યોગનો માર્ગ) **हि** (યોગ્ય છે.) **त्यागः** (ત્યાગઃ) **अपि** (પણ) **मनसा** (મનવડે) **एव** (જ) **हि** (જ છે.) **यमादयः** (યમ વગેરે) **तु** (અને) **कर्तव्याः** (કરવા જોઈએ) (સિદ્ધ થયા પછી) **योगे** (યોગમાર્ગ) **कृतार्थता** (કૃતાર્થપણું છે.)

**ભાવાર્થ** :– ત્યાગ ન કરવામાં (૧) યોગનો માર્ગ છે. ત્યાગ પણ મનવડે થાય તો જ કરવાનો છે. અને યમ વગેરે કરવા જોઈએ. યોગ સિદ્ધ થયા પછી કૃતાર્થપણું છે.

પોતાનાથી સિદ્ધ થઈ શકે એવા મોક્ષના સાંખ્ય અને યોગ બે માર્ગ બતાવીને હવે બીજાથી થનારા મોક્ષનું વિવેચન કરે છે :—

**पराश्रयेण मोक्षस्तु द्विधा सोऽपि निरूप्यते ॥**

**पदार्थ : पराश्रयेण** (દેવના આશ્રયથી) **मोक्ष** (મોક્ષ) **तु** (તો) **द्विधा** (બે પ્રકારનો છે.) **सः** (તે) **अपि** (પણ) **निरूप्यते** (નિરૂપણ કરાય છે)

**ભાવાર્થ** :—દેવના આશ્રયથી થતો મોક્ષ બે પ્રકારનો છે. તે પણ નિરૂપણ કરાય છે.

---

૧ ચિત્તવૃત્તિનો નિરોધ થયો તે યોગ યોગમાર્ગમાં પણ 'હું કાંઈ કરતો નથી' મનથી ત્યાગ કરીને યોગ સાધવાનો છે.

૨ યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા, અને સમાધિએ આઠ અંગ યોગનાં છે.

એ મોક્ષના બે પ્રકારને વિસ્તારથી આપ **શ્રી** સ્પષ્ટ કરે છેઃ–

**ब्रह्मा ब्राह्मणतां यातस्तद्रूपेण सुसेव्यते ॥१०॥**
**ते सर्वार्था न चाद्येन शास्त्रं किंचिदुदीरितम् ॥**

**पदार्थः-ब्रह्मा** ( બ્રહ્માજી ) **ब्राह्मणतां** ( બ્રાહ્મણપણાને) **यातः** ( પ્રાપ્ત થયેલા છે.) **तद्रूपेण** ( તેજ રૂપે ) **सुसेव्यते** ( સારી પેઠે ) સેવાય છે.)**ते**(તે) **सर्वार्थाः** (સર્વ પુરૂષાર્થો) **न** (બ્રહ્માથી સિધ્ધ ન થાય.) **च आद्येन** ( બ્રહ્માથી ) **शास्त्रं** ( વૈખાનસતંત્ર નામનું મોક્ષશાસ્ત્ર ) **किंचित्** ( કાંઈક ) **उदीरितम्** ( કહેવાયું છે.)

**ભાવાર્થ**:– બ્રહ્માજી(૧)બ્રાહ્મણપણાને પ્રાપ્ત થયેલા છે, માટે તે જ રૂપે સારી પેઠે સેવાય છે. અને બ્રહ્માથી તે સર્વ પુરૂષાર્થો સિધ્ધ નહિ થાય. બ્રહ્માએ વૈખાનસ તંત્ર નામનું મોક્ષશાસ્ત્ર કાંઇક કહેલું છે.

બ્રહ્માજીથી પુરૂષાર્થો સિધ્ધ થતાં નથી એમ નિર્ણય કરીને પુરૂષાર્થોના દાતા શિવ અને વિષ્ણુ જ છે એમ નિરૂપણ કરે છે :–

---

૧ સત્ત્વગુણ, રજોગુણ, અને તમોગુણ એ સદ્‌રૂપ પ્રકૃતિનાં ત્રણ ગુણ છે, સત્ત્વગુણના અધિષ્ઠાતા વિષ્ણુ છે, રજોગુણના બ્રહ્મા અને તમો ગુણના શિવાજી છે.જેમ બ્રાહ્મણો પોતપોતાનું વર્ણાશ્રમકર્મ કરે જાય છે, તેમ પ્રભુની આજ્ઞા પ્રમાણે બ્રહ્માજી પણ માત્ર સૃષ્ટિ કરવાનું કાર્ય જ કરે છે. અને તે જ રૂપે તે સેવાય પણ છે, માટે તે મોક્ષ આપે તો સૃષ્ટિ રચી શકે નહિ. તેમનાથી સર્વ પુરુષાર્થો સિધ્ધ નથી થતા. કોઇક વાર અર્થકામ હિરણ્યકશિપુ વગેરેને બ્રહ્માજીથી સિધ્ધ થયેલા જણાયા છે, પરંતુ તે પરિણામે દુઃખકારક નીવડયા છે, માટે બ્રહ્મા પુરૂષાર્થ આપી શકતા નથી. જો કે બ્રહ્માજીએ વૈખાનસ શાસ્ત્રમાં મોક્ષનું સ્વરૂપ કહ્યું છે, પણ તે પોતે મોક્ષ આપી શકતા નથી.

अत: शिवश्च विष्णुश्च जगतो हितकारकौ ।११॥
वस्तुन: स्थितिसंहारौ कार्यौ शास्त्रप्रवर्तकौ ॥
ब्रह्मैव तादृशं यस्मात् सर्वात्मकतयोदितौ ॥१२॥
निर्दोषपूर्णगुणता तत्तच्छास्त्रे तयो: कृता ॥

पदार्थ-अत : ( એ કારણથી ) शिव ( શિવ ) च ( અને ) विष्णु: ( વિષ્ણુ ) च ( અને ) जगत: ( જગતના ) हितकारकौ ( હિત કરનારા છે. ) वस्तुन: ( વસ્તુના ) स्थितिसंहारौ ( પાલન અને સંહાર ) कार्यौ ( તેમનાં કાર્ય છે ) शास्त्रप्रवर्तकौ ( શાસ્ત્રને પ્રવર્તાવનારા છે. ब्रह्म ( બ્રહ્મ ) एव ( જ ) तादृश ( તેવું છે. ) यस्मात् ( કારણ કે ) सर्वात्मकतया ( સર્વસ્વરૂપ પણાથી ) उदितौ ( કહેલા છે. ) निर्दोषपूर्णगुणता ( નિર્દોષપણું અને પૂર્ણગુણપણું ) तत्तच्छास्त्रे ( તે તે શાસ્ત્રમાં ) तयो: ( શિવ અને વિષ્ણુનું ) कृता સિદ્ધિ કરેલું છે ).

**ભાવાર્થ** :–એ કારણથી૧ વિષ્ણુ અને શિવ જગતમાં હિત કરનારા છે. અને પાલન (૨) અને સંહાર એ એમના કાર્યરૂપ છે. શાસ્ત્રને (૩) પ્રવર્તાવનારા છે. કારણ કે બ્રહ્મજ (૪) તેવું ( સર્વરૂપ) છે. ( માટે ) સર્વસ્વરૂપપણાથી તેઓને કહેલા છે. તે તે શાસ્ત્રમાં શિવ અને વિષ્ણુનું નિર્દોષપણું અને પૂર્ણગુણપણું સિદ્ધ કરેલું છે.

---

૧ બ્રહ્માજીથી પુરૂષાર્થો સિધ્ધ (૪) થઈ શકે એમ નથી.
૨ વેદ ભણનારાઓ બ્રહ્માને અવશ્ય પૂજે છે. વિષ્ણુ સત્ત્વગુણના અધિષ્ઠાતા હોવાથી પાલન કરે છે. શંકર તમોગુણના અધિષ્ઠાતા હોવાથી સંહાર કરે છે. ૩ વિષ્ણુ સત્ત્વગુણના શાસ્રો પ્રવર્તાવે છે. શંકર તમોગુણના શાસ્રો પ્રવર્તાવે છે.
૪ બ્રહ્મ તેવા તેવા કાર્ય માટે તે તે રૂપે તે ને નામો ધરીને પ્રકટ થાય છે, એટલે કે પાલન અને સંહાર માટે તે તે રૂપે તે તે વિષ્ણુ અને શિવ એવાં નામો ધરીને પ્રકટ થાય છે.

વિષ્ણુ અને શિવ પોતપોતાના ગુણને યોગ્ય હોય એવું ફલ આપે છે. એમ પ્રતિપાદન કરે છે. :–

**भोगमोक्षफले दातुं शक्तौ द्वावपि यद्यपि ॥**
**भोगः शिवेन मोक्षस्तु विष्णुनेति विनिश्चयः ॥१३॥**

**પદાર્થ** :–**भोगमोक्षफले** ( ભોગ અને મોક્ષરૂપ બે ફલ ) **दातुं** ( આપવાને ) **शक्तौ** ( સમર્થ છે. ) **द्वौ** ( બન્ને ) **अपि** (પણ) **यद्यपि** ( જો કે ) **भोग** ( ભોગ ) **शिवेन** ( શિવથી ) **मोक्षः** ( મોક્ષ ) **तु** (તો ) **विष्णुना** ( વિષ્ણુથી ) **इति** ( એવી રીતે ) **विनिश्चयः** વિશેષ કરીને નિશ્ચય થયલો છે ).

**ભાવાર્થ**:– ભોગ(૫) અને મોક્ષરૂપ બે ફલ આપવાને જો કે વિષ્ણુ અને શિવ બન્ને સમર્થ છે. તો પણ ભોગ શિવજીથી અને મોક્ષ વિષ્ણુથી ( મળે છે ) એમ વિશેષે કરીને નિશ્ચય થયેલો છે.

ઉપરનો સિદ્ધાંત દૃઢ કરવા માટે લૌકિક યુક્તિ બતાવે છેઃ–

**लोकेऽपि यत् प्रभुर्भुंक्ते तन्न यच्छति कर्हिचित् ॥**
**अतिप्रियाय तदपि दीयते क्वचिदेव हि ॥ १४ ॥**

**પદાર્થ**:–**लोके** ( લોકમાં ) **अपि** ( પણ ) **यत्** ( જેને ) **प्रभुः** ( સમર્થ પુરૂષ ) **भुंक्ते** ( કોઈને પણ ) **तत्** (તે) **न** (નહિ) **यच्छति** ( આપે ) **कर्हिचित्** ( કોઇ ને પણ )**अतिप्रियाय** ( અત્યંત પ્રિય હોય તેને ) **तत्** (તે) **अपि** (પણ) **दीयते** (આપવામાં આવે છે.) **क्वचित्** ( કોઈક વેળાએ ) **एव** ( જ ) **हि** ( ખચિત. )

**ભાવાર્થ**:–લોકમાં પણ સમર્થ પુરૂષ જે પોતે ભોગવે છે. તે વસ્તુ બીજા કોઈને પણ નહિ આપે પણ કોઇ અત્યંત પ્રિય હોય તો તેને અવશ્ય કોઇક વેળાએ જ તે આપવામાં આવે છે,

(૫) વૈષ્ણવ શાસ્ત્રોમાં વિષ્ણુનું નિર્દોષપણું અને પૂર્ણ ગુણપણું અને શૈવશાસ્ત્રોમાં શિવજીનું નિર્દોષપણું અને પૂર્ણગુણપણું કહેલું છે. શિવ અને વિષ્ણુ, ભગવાનના ગુણના અવતાર છે, માટે બન્ને ભોગ અને મોક્ષ આપી શકે છે.

શિવ અથવા વિષ્ણુ ભોગને અથવા મોક્ષને જ આપે એવો નિયમ માનવામાં કારણ બતાવે છેઃ–

**नियतार्थप्रदानेन तदीयत्वं तदाश्रयः ॥**
**प्रत्येकं साधनं चैतद् द्वितीयार्थे महान् श्रमः ॥ १५ ॥**

**पदार्थः–नियतार्थप्रदानेन** (નિયમિત કરેલા અર્થનું દાન કરવાથી) **तदीयत्वं** (તેનાપણું, **तदाश्रयः** (તે દેવનો આશ્રય થાય છે.) **प्रत्येकं** (દરેક પ્રત્યે) **साधनं** (સાધન છે) **च** (અને) **एतत्** (આ) **द्वितीयार्थे** (બીજાને માટે) **महान्** (મોટો) **श्रमः** (શ્રમ) છે.

**ભાવાર્થ** :– નિયમિત કરેલા અર્થનું દાન કરવા વડે તેનાપણું અને તેનો આશ્રય (સિદ્ધ થાય છે) એ દરેક પ્રત્યે સાધન છે. બીજાને માટે તો મોટો શ્રમ છે.

ત્યારે શું કરવું જોઈએ? તે આપ શ્રી સિદ્ધાન્ત ઉપદેશે છેઃ–

**जीवाः स्वभावतो दुष्टा दोषाभावाय सर्वदा ॥**
**श्रवणादि ततः प्रेम्णा सर्वं कार्यं हि सिध्यति ॥१६॥**

**पदार्थः–जीवाः** (જીવો) **स्वभावतः** (સ્વભાવથી) **दुष्टाः** (દુષ્ટ છે) **दोषाभावाय** (દોષ ન રહે માટે) **सर्वदा** (નિરંતર) **श्रवणादि** (શ્રવણ કીર્તન વગેરે) **ततः** (કરવાથી) **प्रेम्णा** (પ્રેમ વડે) **सर्वं** (સર્વ) **कार्यं** (કાર્ય) **हि** (કારણ કે) **सिध्यति** સિદ્ધ થાય છે.)

**ભાવાર્થ** :–જીવો સ્વભાવથી દુષ્ટ છે. દોષ ન રહેવા માટે નિરંતર જીવોએ શ્રીકૃષ્ણનાં શ્રવણ, [૨] કીર્તન વગેરે કરવા, કારણ કે તેમ કરવાથી પ્રેમલક્ષણા ભકિત વડે સર્વ કાર્ય સિધ્ધ થાય છે.

**સાર**–પહેલાં એવું સિધ્ધ થયું છે કે શિવજી પોતાના કોઇક અત્યંત પ્રિય ભકતને નિયમિત રીતે મોક્ષ આપે છે, અને વિષ્ણુ પોતાના અત્યંત પ્રિય ભકતને નિયમિત રીતે ભોગ પણ આપે છે. ત્યારે એમ સમજવું કે જેને શિવજીએ મોક્ષ આપ્યો હોય, તે શિવજીનો અતિપ્રિય ભકત છે, અને જેને વિષ્ણુએ ભોગ આપ્યો હોય, તે

વિષ્ણુનો અતિપ્રિય ભકત છે. એ પ્રમાણે નિયમિત રીતે જેને શિવજીથી મોક્ષ અને વિષ્ણુથી ભોગ મળે તે જીવનાં બે સાધન સિદ્ધ થાય છે. એક તો તેનાપણું એટલે કે શિવજીના અથવા વિષ્ણુના સેવકપણું અને બીજો તેનો શિવજી અથવા વિષ્ણુનો આશ્રય. એમ બન્ને સિદ્ધ થાય છે. વિષ્ણુભજન અને શિવભજન એ એક એકના પ્રત્યે સાધનરૂપ છે. વિષ્ણુભજન મોક્ષનું અને શિવ-ભજન ભોગનું સાધન છે. વિષ્ણુભજન કરીને વિષ્ણુ પાસે ભોગ માગે તો વિષ્ણુને શ્રમ પડે અને શિવભજન કરીને શિવ પાસે મોક્ષ માગે તો શિવજીને મોટો શ્રમ પડે. માટે સર્વ ત્યજીને શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય, આત્મનિવેદન એ નવ પ્રકારની શ્રીકૃષ્ણ ભકિત કરો. તે સિદ્ધ થયા પછી પ્રેમલક્ષણા ભકિત પ્રાપ્ત થાય છે, તે પ્રાપ્ત થયા પછી સર્વ કાર્ય સિદ્ધ થાય છે.

સિદ્ધાંત શો થયો તે ઉપદેશે છે :-

**मोक्षस्तु विष्णो सुलभो भोगश्च शिवतस्तथा ॥**
**समर्पणेनात्मनो हि तदीयत्वं भवेद् ध्रुवम् ॥१७॥**

**पदार्थः-मोक्षः** (મોક્ષ) **तु** (તો) **विष्णोः** (વિષ્ણુથી) **सुलभः** (સહેલાઈથી મળી શકે તેમ છે.) **भोग** (ભોગ) **च** (અને) **शिवतः** (શિવથી) **तथा** (તેમ) **समर्पणेन** (સમર્પણથી) **आत्मनः** (પોતાના) **हि** (ખચિતજ) **तदीयत्वं** (તેનાપણું) **भवेत्** (થાય) **ध्रुवम्** (નક્કી).

**ભાવાર્થ** :-મોક્ષ તો વિષ્ણુથી તેમ ભોગ શિવજીથી સહેલાઈથી મળી શકે તેમ છે. પોતાના[1] સમર્પણથી તેનાપણું નક્કી થાય.

સમર્પણ ન કરે તેની શી ગતિ થાય તે સ્પષ્ટ કરે છે :-

---

૧ પોતાનું જે કહેવાતું હોય તે પ્રભુને સમર્પવાથી તેના એટલે તે પ્રભુના થવાય છે અને તેથી તેનાપણું પણ પ્રાપ્ત થાય છે.

अतदीयता चापि केवलश्चेत् समाश्रितः ॥१९॥
तदाश्रयतदीयत्वबुद्ध्यै किंचित् समाचरेत् ॥
स्वधर्ममनुतिष्ठन् वै भारद्वैगुण्यमन्यथा ॥१९॥

पदार्थः-अतदीयतया (તેના થયા વિના) च (અને) अपि (પણ) केवलः (ફક્ત) चेत् (હોય) समाश्रितः (આશ્રય કરીને રહેલો) (તો મોક્ષ થાય) तदाश्रयतदीयत्वबुद्ध्यै (તેનો આશ્રય અને તેનાપણું એ જાણવા માટે) किंचित् (કાંઈક સાધન) समाचरेत् (કરવું.) स्वधर्मं (પોતાના ધર્મનું) अनुतिष्ठन् (અનુષ્ઠાન કરતાં કરતાં) वै (નક્કી) भारद्वैगुण्यं (બમણો ભાર) अन्यथा (સ્વધર્મને ન અનુસરે તો થાય.)

ભાવાર્થઃ—તેના થયા વિના ફક્ત આશ્રય કરીને રહેલો હોય તો પણ મોક્ષ થાય તેના આશ્રય અને તેનાપણું આ બન્ને જાણવા માટે ગુરૂ પાસે જવું વગેરે કાંઈક સાધન કરવું. અને તે પણ પોતાના ધર્મનું અનુષ્ઠાન કરતાં કરતાં શરણે જવું. સ્વવર્ણધર્મને ન અનુસરે તો બમણો ભાર થઈ જાય.

૧ સમર્પણ કરીને તેનાપણું મેળવ્યા સિવાય માત્ર વિષ્ણુનો જ આશ્રય કરી રાખે તો મોક્ષ થાય, પણ તે મોક્ષ તેનાપણું પ્રાપ્ત કર્યા જેવો ન સમજવો.

ગ્રન્થ સમાપ્ત કરતાં કહે છે કેઃ-

इत्येतत् कथितं सर्वं नैतज्ज्ञाने भ्रमः पुनः ॥

पदार्थ-इति (એ પ્રકારે) एतत् (આ) कथितं (કહેલું છે.) सर्वं (સર્વ) न (નથી) एतज्ज्ञाने (એ જ્ઞાનમાં) भ्रम (ભ્રાન્તિ) पुनः (ફરીને)

ભાવાર્થ:—એ પ્રકારે આ ઉપરનું સર્વ કહેલું છે. એ જ્ઞાનમાં ફરીને ભ્રાન્તિ કરવી નહિ.

**બાલબોધ ગ્રંથ સમાપ્ત**

## કાશીવાળા શ્રીપુરૂષોત્તમદાસજી શ્રીમહાપ્રભુજીના સેવકે આ ગ્રંથનો પ્રચાર કાશીમાં કર્યો સ્વસંપ્રદાયના આપણા સિદ્ધાંતો કયા ?

સિધ્ધાંતમુક્તાવલિમાં નીચેના સિધ્ધાંતો તારવવામાં આવ્યા છે.—

૧. જીવ પ્રભુનો અંશ છે, માટે અંશિરૂપ પ્રભુની સેવા કરવી એ દરેક જીવનો મુખ્ય ધર્મ છે. સેવા બે રીતે થઈ શકે છે. શરીરથી અને દ્રવ્યથી. એ બે રીતે સેવા કરતાં કરતાં ફલ રૂપ માનસી સેવા પ્રાપ્ત થાય છે.

૨. પરાત્પર પૂર્ણ પુરુષોત્તમ પરબ્રહ્મ શ્રી કૃષ્ણ જ છે.

૩. એ પૂર્ણ પુરૂષોત્તમનું ધામ તેમજ ગણી શકાય એવા આનંદ વાળું અક્ષર બ્રહ્મ છે.

૪. એ અક્ષર બ્રહ્મ જ આ જગત્સ્વરૂપે પરિણામ પામે છે. જગત એ અક્ષર બ્રહ્મનું જ સ્વરૂપ છે.

૫. ઉપર અક્ષરબ્રહ્મનાં બે સ્વરૂપ છે એમ કહ્યું. તે ગંગાજીના દૃષ્ટાંતથી સારી પેઠે સમજાશે. ગંગાજીના ત્રણ સ્વરૂપો છે. ૧. આધિદૈવિક(૨) આધ્યાત્મિક અને ૩. આધિભૌતિક ગંગાજીનું આધ્યાત્મિક સ્વરૂપ તે એ કે ગંગાજી પોતાનું નામ દૂરથી લેનારનાં પાપને હરે છે, એવું ગંગાજીનું માહાત્મ્યવાળું સ્વરૂપ છે. તે આધ્યાત્મિક કહેવાય છે. ગંગાજીનું બીજું સ્વરૂપ જલપ્રવાહ છે, અને તે આધિભૌતિક છે. તે જ પ્રમાણે અક્ષર બ્રહ્મનું પ્રભુનાં ધામરૂપે દર્શન થાય તે આધ્યાત્મિક સ્વરૂપ સમજવું, જગત્સ્વરૂપે જણાય તે આધિભૌતિક જાણવું.

૬. ગંગાજીમાં અત્યંત ભકિત થવાથી ગંગાજીએ ભગીરથને જેમ સાક્ષાત્ દર્શન આપ્યાં, તે જે સ્વરૂપ છે તે ગંગાજીનુ મૂળ અધિદૈવિક સ્વરૂપ છે. તેવી જ રીતે અહિ પણ પૂર્ણ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ એ આધિદૈવિક સ્વરૂપ છે.

૭. લોકમાં બીજાઓની કામના બ્રહ્મા આદીથી જ પૂરી થાય છે, અને ભકતોની કામના શ્રીકૃષ્ણથી જ પૂરી થાય છે.

૮. જીવ પોતે શુધ્ધ છે. પણ ચાળણી વચ્ચે રાખવાથી આકાશ જેમ કાણાંકાણાંવાળું લાગે છે, તેમ જીવમાં પણ અજ્ઞાનથી દોષો ભાસે છે, તે અજ્ઞાનનાં નાશ થતા પોતાનામાં શ્રીકૃષ્ણનાં દર્શન જીવને થાય છે.

૯. લૌકિક સ્વાર્થ માટે પ્રભુને ભજે તો દુઃખી થાય છે, દુઃખી થઈને પણ વૈરાગ્ય રાખીને પ્રભુને ભજે તો તેનો સંસાર દૂર થાય છે.

૧૦. ભકિતમાર્ગમાં રહ્યા વિના પ્રભુને ભજે તો દુઃખી થાય છે, માટે આત્માનંદરૂપી સમુદ્રમાં સ્થિતિ પ્રભુનું ચિંતન કરવું.

૧૧. પોતાના અને પ્રભુનાં સ્વરૂપનું જ્ઞાન ન હોય તો પુષ્ટિમાર્ગમાં અંગીકાર કરાયલા જીવોએ પૂજા ઉત્સવો જ્યાં થતા હોય ત્યાં જવું. તેવા અજ્ઞાની મર્યાદામાર્ગવાળાએ ગંગાજીના તટ ઉપર શ્રીમદ્‌ભાગવતનો પાઠ કરવો.

૧૨. પુષ્ટિમાર્ગમાં તો માત્ર અનુગ્રહ જ એટલે પ્રભુકૃપા જ મુખ્ય છે. જ્ઞાની અને ભકતો ઉપર પ્રભુકૃપા થાય તો માનસી-સેવારૂપ પરમ ફળ તેમને મળે, માટે જ જ્ઞાનમાર્ગ કરતાં ભકિતમાર્ગ શ્રેષ્ઠ છે. ભકિત ન હોય તો ભકિતમાર્ગથી ભ્રષ્ટ થાય છે; ગંગાજીના તટ ઉપર રહેલા ભકિત વિનાના દુષ્ટકર્મ કરનાર માણસની પેઠે નાશ થાય છે. માટે ભકિત તો અવશ્ય કરવી જ જોઈએ. ભકિત એ જ મોક્ષાધિક પરમ પુરુષાર્થ છે.

**चेतः तत् प्रवणं सेवा ॥ श्री कृष्णः सदा सेव्यः स्मर्तव्यश्च**

૧૩ (૧) **सालोक्य** વૈકુંઠવાસ (૨) **सार्ष्टि** ભક્ત પોતાના જેવું ઐશ્વર્ય આપે (૩) **सामीप्यः** સદા પાસે રહેવાનું આપે (૪) **सारुप्यः** પોતાના જેવું ચતુર્ભુજાદિ રૂપ આપે.

श्रीकृष्णाय नमः ॥

श्रीमद्वल्लभाधीश्वरप्रणीता

# સિદ્ધાંતમુકતાવલી.

શ્રીમદાચાર્યજી મહાપ્રભુજીએ ભગવાનની પ્રાપ્તિ માટે નિબંધ ગ્રંથમાં વૈદિક માર્ગ ( યજ્ઞયાગાદિક ) અને ભકિતમાર્ગનું નિરૂપણ કર્યું છે. તેમ જ શ્રીદશમસ્કંધસુબોધિનીજીમાં એક સ્વતંત્ર ભકિત માર્ગ ( વ્રજભકતોનો ) નિરૂપણ કર્યો છે. એ પ્રમાણે બન્ને જુદા જુદા ગ્રંથોમાં જુદા જુદા માર્ગો આપશ્રીએ દેખાડયા છે, તેનું કારણ શું ? ત્રણે માર્ગો જુદા જુદા માર્ગો જુદું જુદું ફળ આપે છે, એમ માનીને એ ત્રણે માર્ગ એકસરખા જ છે કે એમાં કોઇ શ્રેષ્ઠ કે કોઈ ઉતરતો નથી; એમ નિશ્ચય કરવો કે એ ત્રણ પ્રકારે બતાવેલા માર્ગમાં અમુક માર્ગ જ શ્રેષ્ઠ છે. એ સિધ્ધાંત દઢ કરવો ? એવી રીતે નિજજનોનાં મનમાં એક પ્રશ્ન ઉઠે છે. એ એ પ્રશ્નનું સમાધાન શોધવા માટે પ્રયાસ કરનારા અને સેવાનું સ્વરૂપ અને તેના અધિકાર આદિ વિષયોને જાણવા ઈચ્છનારાઓના સંતોષ માટે શ્રીમહાપ્રભુજીએ આ સિદ્ધાંતમુકતાવલી ગ્રંથ રચ્યો છે. એ ગ્રંથનો પ્રથમ શ્લોક નીચે મુજબ છેઃ—

नत्वा हरिं प्रवक्ष्यामि स्वसिद्धांतविनिश्चयम् ॥
कृष्णसेवा सदा कार्या मानसी सा परा मता ॥ १ ॥

**પદાર્થ**—**हरिं** (શ્રીહરિને) **नत्वा** (નમન કરીને) **स्वसिद्धांतविनिश्चयं** (પોતાના સિધ્ધાંતના નિશ્ચયને) **प्रवक्ष्यामि** (હું વિસ્તારીને કહું છું) **कृष्णसेवा** (સદાનંદ પ્રભુની સેવા) **सदा** (નિરંતર) **कार्या** (કરવી જોઇએ) **सा** (તે) **मानसी** (માનસી સેવા) **परा** (શ્રેષ્ઠ) **मता** (મનાયલી છે).

ભાવાર્થ :— શ્રીહરિને નમન કરીને પોતાના સિધ્ધાંતના નિશ્ચયને હું વિસ્તારીને કહું છું. (મુખ્ય સિધ્ધાંત એ છે કે) સદાનંદ

---

**श्याम तन, श्याम मन, श्याम ही हमारोधन आठोंप्रहर हमें ऊधो श्यामही से काम है। श्याम जिये श्याम हिये श्याम बिना नाहि प्रिये। योग कहाँ राखे यहाँ रोम रोम श्याम है**

શ્રીકૃષ્ણ પ્રભુની સેવા નિરંતર કરવી જોઈએ. (એમની સેવા ત્રણ પ્રકારની છે, તેમાં) તેમાં પણ "માનસી સેવા" શ્રેષ્ઠ મનાએલી છે.

માનસી સેવા એટલે શું? અને તે કેવી રીતે સિદ્ધ થાય છે, એ આપશ્રી અર્ધા શ્લોકથી સ્પષ્ટ કરે છે:—

**चेतस्तत्प्रवणं सेवा तत्सिद्ध्यै तनुवित्तजा ॥**

**પદાર્થઃ चेतः** (અંતઃકરણ) **तत्प्रवणं** (પ્રભુમાં પરોવાયલું રહે) **सेवा** (એ માનસી સેવા કહેવાય) **तत्सिद्ध्यै** (તે માનસી સેવા સિદ્ધ થવા માટે) **तनुवित्तजा** (દેહથી અને દ્રવ્યથી થઈ શકે તેવી સેવા).

ભાવાર્થઃ—અંતઃકરણ પ્રભુમાં પરોવાયલું રહે, એ માનસી સેવા કહેવાય. તે માનસી સેવા સિદ્ધ થવા માટે દેહથી અને દ્રવ્યથી થઈ શકે તેવી સેવા (કરવી જોઈએ).

૧. જીવો પ્રભુના અંશ છે, એથી જ સહજ દાસ છે, પ્રભુ અંશી છે, માટે સેવ્ય છે. એ કારણથી જીવનો મુખ્ય ધર્મ પ્રભુસેવા વિના બીજો હોય જ નહિ.

૨. ચિત્તનું વલણ નિરંતર પ્રભુ તરફ જ હોય. જેમ ગંગા-જલનો પ્રવાહ સમુદ્ર ભણી સદા સર્વદા વહેતો રહે છે, તેમ અંતઃકરણનું વલણ પ્રભુ તરફ જ રહેવું જોઈએ. અંતઃકરણ પ્રભુમાં પરોવાયલું રહેવું જોઈએ. એવું અંતઃકરણ થયા પછી જે સેવા કરવામાં આવે; તે ફલરૂપ માનસી સેવા કહેવાય.

૩. ધનથી સેવા બે પ્રકારે થાય છે. એક તો દ્રવ્યનો વ્યય પ્રભુસેવામાં કરવો, અને "પોતે જ સેવા કરવી." એ એક પ્રકાર છે. બીજો પ્રકાર દ્રવ્ય ખરચીને બીજાઓ પાસે સેવા કરાવવી એ છે. પહેલો પ્રકાર ઉત્તમ છે અને બીજો પ્રકાર મધ્યમ છે.

માનસી સેવા સિદ્ધ થવાની સાથે જ જે ગૌણ ફલો પ્રાપ્ત થાય છે, તે આપશ્રી નિરૂપણ કરે છેઃ—

**ततः संसारदुःखस्य निवृत्तिर्ब्रह्मबोधनम् ॥ २ ॥**

**પદાર્થઃ**-**ततः** (તે માનસી સેવાથી) **संसारदुःखस्य** (અહંતામમતા-રૂપી સંસારના દુઃખની) **निवृत्तिः** (નિવૃત્તિ) **ब्रह्मबोधनम्** (બ્રહ્મનું-જ્ઞાન)

ભાવાર્થઃ-તે માનસી સેવાથી અહંતામમતારૂપી સંસારના (૧) દુઃખની નિવૃત્તિ (થાય છે) અને બ્રહ્મનું (૨) જ્ઞાન (થાય છે.)

માનસી સેવાથી બે ફલ પ્રાપ્ત થાય છે, તેમાંનું બીજું બ્રહ્મ-જ્ઞાનરૂપી ફળ છે. એ બ્રહ્મજ્ઞાન તે અક્ષરબ્રહ્મનું જ્ઞાન છે. એ અક્ષરબ્રહ્મ છે તે પરબ્રહ્મ નથી, પરબ્રહ્મ તો એ અક્ષરબ્રહ્મથી પર "શ્રીકૃષ્ણ" છે, એમ આપશ્રી આજ્ઞા કરે છેઃ—

**परं ब्रह्म तु कृष्णो हि सच्चिदानन्दकं बृहत् ॥**

**પદાર્થઃ**-**परं** (પર) **ब्रह्म** (બ્રહ્મ) **तु** (તો) **कृष्ण** (શ્રીકૃષ્ણ જ છે) **हि** (કારણ કે) **बृहत्** (અક્ષરબ્રહ્મ) **सच्चिदानंदकं** (સત્) (ચિત્ અને ગણિત આનંદસ્વરૂપ)

ભાવાર્થઃ- (૩) પરબ્રહ્મ તો શ્રીકૃષ્ણ છે. કારણ કે અક્ષરબ્રહ્મ (સત્) (ચિત્ અને ગણિત આનંદસ્વરૂપ છે.)

---

૧. હું અને મારું એ જે મિથ્યા અભિમાન છે, એને અહંતામમતારૂપી સંસાર કહેવામાં આવે છે. એ અનિષ્ટ હોવાથી એની નિવૃત્તિ એટલે એ સંસારનો નાશ થઈ જવો એ એક ફળ છે.

૨. પોતાનામાં અને સમગ્ર જગતમાં અક્ષરબ્રહ્મનું જ્ઞાન થવું એ બ્રહ્મજ્ઞાન. અક્ષરબ્રહ્મ જીવરૂપે અને જગતરૂપે પરિણામ પામે છે, માટે જીવનું અને જગતનું અક્ષરબ્રહ્મરૂપે જ્ઞાન થવું ઈષ્ટ છે.

૩. અક્ષરબ્રહ્મથી પણ પર શ્રેષ્ઠ પુરુષોત્તમ તે શ્રીકૃષ્ણ છે. સત્ એટલે જે ત્રણે કાલમાં સત્તા ધરાવે ચિત્ એટલે ચૈતન્યરૂપ. આનંદ એટલે સુખરૂપ. અક્ષરબ્રહ્મમાં આનંદ થોડો છે, અને શ્રીકૃષ્ણમાં અગણિત છે, એમ વેદ કહે છે માટે "શ્રીકૃષ્ણ જ પરબ્રહ્મ છે" એ સિદ્ધાંત છે.

પરબ્રહ્મ તો શ્રીકૃષ્ણ છે, અને અક્ષર બ્રહ્મ ગણિત આનંદરૂપ છે, એમ સિધ્ધાંત કહીને હવે અક્ષરબ્રહ્મનાં સ્વરૂપનું સ્પષ્ટીકરણ આપશ્રી કરે છે. :-

द्विरूपं तद्धि सर्वं स्यादेकं तस्माद्विलक्षणम् ॥३॥

पदार्थ-तत् ( તે અક્ષરબ્રહ્મ) द्विरूपं ( બે સ્વરૂપવાળું ) हि ( ખચિત જ ) सर्वं ( સર્વ જગતરૂપ ) स्यात् ( થાય ) एकं ( એક ) तस्मात् ( તે જગતરૂપથી ) विलक्षणं ( વિલક્ષણ ).

ભાવાર્થ :- તે અક્ષર બે સ્વરૂપવાળું ખચિત જ છે. સર્વ ૧ જગતરૂપે પ્રકટ થયેલું એક સ્વરૂપ થાય અને એને એક તે જગતરૂપથી વિલક્ષણ થાય.

अपरं तत्र पूर्वस्मिन् वादिनो बहुधा जगुः ॥
मायिकं सगुणं कार्यं स्वतंत्रं चेति नैकधा ॥४॥

पदार्थ :- पूर्वस्मिन् ( અક્ષરબ્રહ્મનાં પ્રકટ થયેલાં પહેલા જગત્સ્વરૂપમાં ) तत्र ( તે ) वादिनः (વાદીઓ) बहुधा ( ઘણાપ્રકારે ) अपरं ( વેદથી ભિન્ન મત ) जगुः ( કહી ગયા છે. ) मायिकं ( માયા માંથી બનેલું ), सगुणं ( ગુણવાળું ) कार्यं ( કાર્યરૂપ ) स्वतंत्रं ( સ્વતંત્ર ) च ( અને બીજાં વેદવિરુદ્ધ મત ) इति ( એ પ્રમાણે ) न ( નથી ) एकधा ( એક પ્રકારે ).

---

૧ એ અક્ષરબ્રહ્મનાં બે સ્વરૂપ છે. એક સ્વરૂપ તો જગતરૂપ છે. જગત્સ્વરૂપે પ્રકટ થયેલું સ્વરૂપ તે અક્ષર બ્રહ્મનું એક સ્વરૂપ કહેવાય છે. બીજું સ્વરૂપ તે જગત્સ્વરૂપ કરતાં વિલક્ષણ છે, એ બ્રહ્મરૂપ છે. એની જ્ઞાનીઓ ઉપાસના કરે છે. તેમાં જ્ઞાનીઓનો ક્ષય થાય છે. એ પૂર્ણ પુરૂષોત્તમનાં ધામરૂપ છે. એવી રીતે અક્ષર બ્રહ્મનાં બે સ્વરૂપો થાય છે.

**ભાવાર્થ** :—અક્ષરબ્રહ્મનાં પ્રકટ થયેલાં તે પહેલાં જગત્સ્વરૂપમાં વાદીઓ ઘણા પ્રકારે વેદથી ભિન્ન મત કહી ગયા છે. ( કેટલાક ) (૧) માયામાંથી બનેલું, કેટલાક (૨) ગુણવાળું, ( કેટલાક) (૩) કાર્યરૂપ, (કેટલાક) (૪) સ્તતંત્ર અને ( કેટલાક ) બીજાં (૫) વિરુધ્ધ મત ( કહે છે તેથા ) એ પ્રમાણે એક પ્રકારે નથી. ૪

ઉપર જે વેદવિરૂદ્ધ મતો ગણાવ્યાં છે, તેનું નિરાકરણ વેદના બળથી જ થઈ જાય છે, માટે તેનું અહિ ખંડન ન કરતાં પોતાના મતનું જ નિરૂપણ અહિ કરે છે. પોતાના વેદમતનું નિરૂપણ કરતાં પૂર્વોકત અવૈદિક મતોનું ખંડન એમને એમ જ થઈ જશે.

**तदेवैतत्प्रकारेण भवतीति श्रुतेर्मतम् ॥**

**पदार्थ** :- **तत्** ( તે અક્ષરબ્રહ્મ ) **एव** ( જ ) **एतत्प्रकारेण** (એ પ્રકારે) **भवति** ( થાય છે. ) **इति** ( એવી રીતનું **श्रुते** (શ્રુતિ–વેદનું) **मतं** ( મત છે )

**ભાવાર્થ**:— તે અક્ષરબ્રહ્મ જ એ પ્રકારે ( જગતરૂપે ) થાય છે એમ શ્રુતિનું મત છે. ( અથવા તો તે અક્ષરબ્રહ્મ નીચે જણાવેલા પ્રકારે જ થાય છે. એમ શ્રુતિનું માનવું છે ).

૧. કેટલાક વાદીઓ આ જગતને માયાએ બનાવેલું કહે છે અને તેને મિથ્યા માને છે. આવું માનનાર **માયાવાદી** કહેવાય છે.

૨. સત્વગુણ, રજોગુણ અને તમોગુણ. એ ત્રણે ગુણો જેમાં રહેલા છે એવી પ્રકૃતિથી આખું બ્રહ્માંડ બનેલું છે એમ **સાંખ્ય મતવાળા** માને છે.

૩. સૂક્ષ્મ પરમાણુમાંથી આ જગતરૂપ કાર્ય બનેલું છે, એમ **ન્યાયમતવાળા** નૈયાયિકો માને છે.

૪ જગત તો સ્વતંત્ર છે, તેનો કોઈ કર્તા નથી, એમ **પૂર્વમીમાંસાવાળા** માને છે.

૫. **બૌદ્ધ, જૈન શાકત** વગેરે મતો વેદ વિરૂધ્ધ છે.

વેદ મત શું છે, તે જણાવે છે:—

**द्विरूपं चापि गङ्गावज्ज्ञेयं सा जलरूपिणी ॥ ५ ॥**
**माहात्म्यसंयुता नृणां सेवतां भुक्तिमुक्तिदा ॥**
**मर्यादामार्गविधिना तथा ब्रह्मापि बुध्यताम् ॥ ६ ॥**

પદાર્થ - **द्विरूपं** (બે રૂપ) **च** (અને) **अपि** (પણ) **गंगावत्** (ગંગાજીની પેઠે) **ज्ञेयं** (જાણવાં) **सा** (ગંગા) **जलरूपिणी** (જલરૂપ છે. **मर्यादामार्गविधिना** (મર્યાદામાર્ગના નિયમ પ્રમાણે **सेवतां** (સેવા કરનાર) **नृणां** (મનુષ્યોને) **भुक्तिमुक्तिदा** (ભોગ અને મોક્ષને આપનારી) **महात्म्यसंयुता** (માહાત્મ્યથી યુક્ત છે.) **तथा** (તેવી રીતે) **ब्रह्म** (અક્ષરબ્રહ્મ) **अपि** (પણ) **बुध्यताम्** (જાણો).

ભાવાર્થ : અને (અક્ષરબ્રહ્મનાં) બે [1]રૂપ પણ ગંગાજીની પેઠે જાણવાં. ગંગા જલરૂપ છે. [2]મર્યાદામાર્ગના નિયમ પ્રમાણે સેવા કરનારા મનુષ્યોને ભોગ [3]અને મોક્ષને આપનારાં અને માહાત્મ્યથી યુક્ત છે. [4]તેવી રીતે અક્ષરબ્રહ્મ પણ જાણો.

---

૧. અક્ષરબ્રહ્મનાં બે રૂપ છે. એક તો મૂલસ્વરૂપ, જે પૂર્ણ પુરૂષોત્તમનાં ધામરૂપ છે. બીજું જગત્સ્વરૂપ. ૨. ગંગાજીનાં પણ બે રૂપ છે. એક તો જલરૂપ કે જે પ્રવાહરૂપે નજરે પડે છે, વર્ષાઋતુમાં વધે છે અને ઉષ્ણકાલમાં ઘટે છે. આ રૂપને **આધિભૌતિક** કહે છે.

૩. વેદ અને ઋષિઓએ જે વિધિ કહેલો છે, તેને અનુસરીને ગંગાજીનું જે લોકો સેવન કરે છે, તેને ભોગ અને મોક્ષ ગંગાજી આપે છે. એવું ગંગાજીનું માહાત્મ્ય છે. એ માહાત્મ્યવાળું જે રૂપ તે ગંગાજીનું બીજું સ્વરૂપ છે. તે સ્વરૂપ **આધ્યાત્મિક** કહેવાય છે.

૪. ગંગાજીનાં જલરૂપ આધિભૌતિકરૂપની પેઠે અક્ષરબ્રહ્મનું જગતરૂપ એક સ્વરૂપ છે. ગંગાજીનાં માહાત્મ્યવાળા આધ્યાત્મિક સ્વરૂપની પેઠે અક્ષર બ્રહ્મનું મૂલ પૂર્ણ પુરૂષોત્તમનાં ધામરૂપ બીજું સ્વરૂપ છે.

અક્ષરબ્રહ્મનાં આધિભૌતિક અને આધ્યાત્મિક એમ બન્ને સ્વરૂપો ગંગાજીનાં દૃષ્ટાન્તથી સ્પષ્ટ કરીને, હવે આધિદૈવિક સ્વરૂપ પણ પણ એ જ દૃષ્ટાંતવડે સ્પષ્ટ કરવામાં આવે છે:—

**तत्रैव देवतामूर्तिर्भक्त्या या दृश्यते क्वचित् ।**
**गङ्गायां च विशेषेण प्रवाहाभेदबुद्धये ॥ ७ ॥**

**પદાર્થ** :-**तत्र** (તે ગંગાજીમાં) **एव** (જ) **या** (જે) **देवतामूर्तिः** (દેવતાનું સ્વરૂપ) **भक्त्या** (ભકિતવડે) **क्वचित्** (કોઈક વેળાએ) **दृश्यते** (દૃષ્ટિગોચર થાય છે). **च** (અને) **गङ्गायां** (દેવતાસ્વરૂપ ગંગાજીમાં) **विशेषेण** (વિશેષ ભકિતવડે) **प्रवाहाभेदबुद्धये** (પ્રવાહથી ભેદ નથી એમ જ્ઞાન થવા માટે) (ગંગાજી પ્રત્યક્ષ થાય છે.)

**ભાવાર્થ** : એ [1]ગંગાજીમાં જ જે દેવતાનું સ્વરૂપ ભકિતવડે કોઈક વેળાએ દૃષ્ટિગોચર થાય છે અને દેવતારૂપ ગંગાજીમાં વિશેષ ભકિતવડે પ્રવાહથી ભેદ નથી એમ જ્ઞાન થવા માટે ગંગાજી પ્રત્યક્ષ થાય છે.

---

૧. (પ્રવાહરૂપ અને તીર્થરૂપ–માહાત્મ્યવાળું રૂપ), એ બે રૂપવાળા ગંગાજીમાં એ બે સ્વરૂપ ઉપરાંત એક ત્રીજું દેવતારૂપ ભકિતવડે દેખાય છે. વિધિ પ્રમાણે ઉપાસના કરતાં તીર્થરૂપ આધ્યાત્મિક સ્વરૂપ જણાય છે. આધિદૈવિક દેવતારૂપ તો ભકિતવડે જ જણાય છે. તે પણ કોઈક જ વેળાએ, જ્યારે ભકિતની વૃદ્ધિ થયેલી હોય ત્યારે જ, બધી વખતે નહિ. અને કોઈક ઉત્તમ ભકતને એની ભકિત વિશેષ હોવાથી જલના પ્રવાહમાં જ ગંગાજી સાક્ષાત્ દેવતાસ્વરૂપે દર્શન આપે છે. જે દર્શન કર્યા પછી ગંગાજીનો પ્રવાહ અને ગંગાજીનું મૂલ દેવતાસ્વરૂપ ભિન્ન નથી, એમ જ્ઞાન થાય છે. એવી જ રીતે આ જગતરૂપી આધિભૌતિક રૂપમાં પણ ઉત્તમ ભકિતવડે જગત્ અને ભગવાન જુદા નથી એમ જ્ઞાન થવા માટે ભગવાન મૂલ સ્વરૂપે પ્રકટ થાય છે.

એ સંબંધમાં કાંઈક વિશેષ આજ્ઞા આપશ્રી કરે છેઃ—

**प्रत्यक्षा सा न सर्वेषां प्राकाम्यं स्यात्तया जले ॥**
**विहिताच्च फलात्तद्धि प्रतीत्यापि विशिष्यते ॥८॥**

**पदार्थः**-**सा** ( તે દેવતા સ્વરૂપ ગંગાજી ) **सर्वेषां** (બધાને) **प्रत्यक्षा** (પ્રત્યક્ષ) **न** (નથી.) **तया** (એ ગંગાજીવડે) **जले** (જલમાં) **प्राकाम्यं** (અત્યંત કામનાવાળાપણું) **स्यात्** (થાય.) **हि** (કારણ કે) **विहितात्** (શાસ્ત્રોમાં કહેલાં) **फलात्** (ફલથી) **प्रतीत्या** (પ્રતીતિવડે) **अपि च** (પણ) **तत्** (જલ) **विशिष्यते** (વિશેષ થાય છે).

**ભાવાર્થ**:–તે[૧] દેવતાસ્વરૂપ ગંગાજી બધાને પ્રત્યક્ષ નથી. એ ગંગાજીવડે જલમાં અત્યંત કામનાવાળાપણું થાય. કારણ કે શાસ્ત્રોમાં કહેલા ફલથી પ્રતીતિવડે પણ તે જલ વિશેષ થાય છે.

ઉપર પ્રમાણે દૃષ્ટાંતનું વિસ્તારથી વર્ણન કર્યા પછી એ દૃષ્ટંત ચાલુ પ્રસંગમાં કેમ બંધબેસતું થઇ પડે છે. એ આપ શ્રી જણાવે છેઃ—

---

૧. ગંગાજીનું મૂલ સ્વરૂપ તો કાંઈ સર્વને પ્રત્યક્ષ થતું નથી, પરંતુ તે દેવતાસ્વરૂપ ગંગાજી જલમાં છે, એમ ગંગાસ્વરૂપ દેવતાનો જલમાં સંબંધ જણાયાથી ગંગાજલમાં પણ શ્રધ્ધાપૂર્વક સ્નાનપાન આદિ વ્યવહાર કરવાની કામના થાય છે. મૂલ દેવતાસ્વરૂપ જલમાં છે, માટે કામના પણ અત્યંત થાય છે, કે ક્યારે ગંગાજીના જલનાં દર્શન કરું ? અને તેમાં સ્નાન કરું ? શાસ્ત્રોમાં ગંગાજીના જલનાં દર્શનનું, પાનનું તેનાથી સ્નાન કરવાનું ઘણું ફળ કહ્યું છે, તેની અંતઃકરણમાં પ્રતીતિ થયા પછી, તેનો અંત.ને કરુણ અનુભવ થયા પછી, તે ગંગાજલ પણ સર્વ જલ કરતાં વિશેષ થાય છે. એ પ્રમાણે જગતમાં પણ જે ભકતોના હૃદયોમાં પ્રભુ બિરાજે છે, તે ભકતો બીજા સાધારણ માણસો કરતાં વિશેષ ગણાય છે.

**यथा जलं तथा सर्वं यथा शक्ता तथा बृहत् ॥**
**यथा देवी तथा कृष्णस्तत्राप्येतदिहोच्यते ॥ ९ ॥**

**पदार्थ :-यथा** (જેમ) **जलं** (ગંગાજલ) **तथा** (તેમ) **सर्वं** (આ બધું જગત) **यथा** (જેમ) **शक्ता** (સમર્થ માહાત્મ્યવાળા ગંગાજી) **तथा** ( તેવી રીતે ) **बृहत्** (અક્ષર બ્રહ્મ) **तत्र** (ત્યાં) **अपि** (પણ) **यथा** (જેમ) **देवी** (મૂળ દેવતાસ્વરૂપ ગંગાજી) **तथा** ( તેમ) **इह** (અહીં) **श्रीकृष्णः** ( શ્રીકૃષ્ણ છે. ) **एतत्** ( એમ ) **उच्यते** ( કહેવાય છે. )

ભાવાર્થ :- દૃષ્ટાંતમાં જેમ ગંગાજલ છે. તેમ ચાલુ પ્રસંગમાં આ બધું જગત છે. ત્યાં જેમ સમર્થ માહાત્મ્યવાળાં તીર્થરૂપ ગંગાજી છે. તેમ અક્ષરબ્રહ્મ છે, ત્યાં જેમ મૂળ દેવતારૂપ ગંગાજી છે, તેમ અહિ શ્રીકૃષ્ણ છે. એમ કહેવાય છે.

## સિદ્ધાંત સમજવાનું કોષ્ટક

ગંગાજી

| ૧. આધિદૈવિક. | ૨. આધ્યાત્મિક. | ૩. આધિભૌતિક. |
| --- | --- | --- |
| (મૂલ દેવતાસ્વરૂપ). | (તીર્થરૂપ). | (જલપ્રવાહરૂપ). |

પૂર્ણ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ.

| ૧. આધિદૈવિક. | ૧. આધ્યાત્મિક. | ૩. આધિભૌતિક. |
| --- | --- | --- |
| (શ્રીકૃષ્ણ). | (અક્ષરબ્રહ્મરૂપ). | (જગદ્રૂપ). |

જગતના સ્વરૂપનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છેઃ—

**મહાસભાની ધાર્મિક સરળ પરીક્ષાઓનો ગામે ગામ પ્રચાર કરો. તમારા ગામમાં પાઠશાળા સ્થાપો.**

**जगत्तु त्रिविधं प्रोक्तं ब्रह्मविष्णुशिवास्ततः ॥**
**देवता रूपवत् प्रोक्ता ब्रह्मणीत्थं हरिर्मतः ॥१०॥**

**पदार्थ :– जगत्** (જગત) **तु** (તો) **त्रिविधं** (ત્રણ પ્રકારનું) **प्रोक्तं** (કહેવામાં આવ્યું છે.) **ततः** (તેથી) **ब्रह्मविष्णुशिवाः** બ્રહ્માજી વિષ્ણુ અને શિવાજી એ ત્રણ **ब्रह्मणि** (બ્રહ્મમાં) **देवताः** (દેવતાઓ **रूपवत्** (સ્વરૂપની પેઠે) **प्रोक्ताः** (કહેવાયલા છે.) **इत्थं** (એ પ્રમાણે) **हरिः** (શ્રીકૃષ્ણ એક જ) **मतः** (મનાયલા) છે. ૧. ગંગાજીનું આધિભૌતિક સ્વરૂપ જલ એક પ્રકારનું જ છે, અને શ્રીકૃષ્ણનું આધિભૌતિક સ્વરૂપ જગત તો ત્રણ પ્રકારનું છે. સત્વગુણ, રજોગુણ અને તમોગુણના ભેદથી ત્રણ પ્રકારનું છે. એ ત્રણેના અધિષ્ઠાતા વિષ્ણુ બ્રહ્મા અને શિવજી છે. એ ત્રણે દેવતાઓના રૂપની પેઠે કહેવાયલા છે. દેવતાઓ જેમ ઈંદ્રના નિયમમાં રહે છે, સ્વતંત્ર નથી. તેમ બ્રહ્માદિક ત્રણ દેવો પણ સ્વતંત્ર નથી. અક્ષર બ્રહ્મમાં તેઓ ત્રણે છે, અને તે ત્રણેના નિયામક માત્ર એક શ્રીહરિ...શ્રીકૃષ્ણ જ છે એવો સિદ્ધાંત છે.

જગત ત્રણ ગુણોવાળું હોવાથી, અને એ ત્રણે ગુણોના અધિષ્ઠાતા બ્રહ્માદિક હોવાથી, સર્વ જગતના નિયામક ત્રણે દેવતાઓ હોવા જોઇએ. ભકતો પણ જગતમાં જ આવી જતા હોવાથી તેના નિયામક પણ બ્રહ્માદિક ગણાવવા જોઇએ. એ સંશય ઉત્પન્ન થતાં નિર્ણય કરવા આવે છેઃ—

**कामचारस्तु लोकेऽस्मिन् ब्रह्मादिभ्यो न चान्यथा ॥**
**परमानन्दरूपे तु कृष्णे स्वात्मनि निश्चयः ॥ ११ ॥**

**पदार्थ अस्मिन्** (આ) **लोके** (લોકમાં) **कामचारः** (સ્વતંત્ર રીત ઇચ્છિતપ્રાપ્તિ **तु** (તો) **ब्रह्मादिभ्यः** (બ્રહ્માદિ ત્રણ દેવથી), (છે), **च** (પણ) **अन्यथा** (બીજી રીતે) ન નથી). (ભકતોને તો) **स्वात्मनि** (ઐહિક અને પારલૌકિ પુરુષાર્થસંબંધી) **परमानन्दरूपे**

(પરમ આનંદસ્વરૂપ) **कृष्णे** (શ્રીકૃષ્ણમાં) (સ્વતંત્ર રીતે ઇચ્છિત-પ્રાપ્તિ છે એવો) **निश्चयः** (નિશ્ચય) છે.

**ભાવાર્થ** :–આ લોકમાં સ્વતંત્ર રીતે ઇચ્છિતપ્રાપ્તિ થવી તે તો બ્રહ્માદિક ત્રણ દેવોથી છે, બીજી રીતે નથી. ભક્તોને તો ઐહિક અને પારલૌકિક પુરુષાર્થસંબંધે પરમ આનંદસ્વરૂપ શ્રીકૃષ્ણમાં સ્વતંત્ર રીતે ઇચ્છિત પ્રાપ્તિ છે એવો નિશ્ચય છે.

આ લોકમાં સ્વતંત્ર રીતે અનેક કામનાઓ પૂરી કરવી તે તો બ્રહ્માદિ દેવોના સ્વાધીનમાં છે. તેમનાથી જ તે થઈ શકે છે. ભક્તોને તો આ લોકના અને પારલોકના પુરૂષાર્થોમાં ઇચ્છિતપ્રાપ્તિ થવી એ શ્રીકૃષ્ણને આધીન છે. ભક્ત લોકોના સર્વ પુરુષાર્થો સિધ્ધ થવા એ શ્રીકૃષ્ણના હસ્તમાં છે ભક્તો પોતાની ઇચ્છિતપ્રાપ્તિ થવા માટે શ્રીકૃષ્ણનો જ આશ્રય કરે છે એવો સિધ્ધાંત છે.

ઉપર પ્રમાણે સિધ્ધાંતનું પ્રતિપાદન કરીને, એ સિધ્ધાંત જાણીને શું કરવું તે આજ્ઞા કરે છે:—

**अतस्तु ब्रह्मवादेन कृष्णे बुद्धिर्विधीयताम् ॥**

**पदार्थः**-**अतः** (એ કારણથી) **ब्रह्मवादेन** (આ સર્વ બ્રહ્મ છે એ વાદને અનુસરીને) **कृष्णे** (શ્રીકૃષ્ણમાં) **बुद्धिः** (બુદ્ધિ) **विधीयताम्** (કરો).

**ભાવાર્થ** :–(આધિદૈવિક પૂર્ણ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ જ છે) એ કારણથી, આ સર્વ બ્રહ્મ જ છે વાદને અનુસરીને શ્રીકૃષ્ણમાં બુદ્ધિ કરો.

હવે જીવનાં સ્વરૂપનો વિચાર કરે છે:—

**आत्मनि ब्रह्मरूपे तु छिद्रा व्योम्नीव चेतनाः ॥ १२ ॥**

**पदार्थः**-**आत्मनि** (જીવાત્મા સંબંધે) (કહેવામાં આવે છે). **व्योम्नी** (આકાશમાં) **छिद्राःइव** (છિદ્રો હોયને શું એમ) **ब्रह्मरूपे** (અક્ષરબ્રહ્મમાં) **चेतनाः** (જીવો છે.)

ભાવાર્થ:-(હવે) જીવાત્મા સંબંધે કહેવામાં આવે છે. આકાશમાં છિદ્રો હોય ને શું એમ અક્ષરબ્રહ્મમાં જીવો (જણાય છે) ચાળણી વચ્ચે રાખીને આકાશ તરફ જોવાથી આકાશમાં ઝીણાં ઝીણાં કાણાં જણાય છે. તે માત્ર ચાળણી આડી હોવાથી જ જણાય છે, તે ખરાં નથી, કારણ કે ચાળણી ખસેડી લેવાથી તે જણાતાં નથી. એવી જ રીતે જીવો સૂક્ષ્મ છે, અક્ષરબ્રહ્મરૂપ છે, પણ અજ્ઞાનથી તેમાં દુઃખીપણું, તુચ્છપણું વગેરે ધર્મો અનુભવાય છે. જીવ શુદ્ધ છે. જેમ મેરૂરૂપી મહાસુવર્ણમાંથી એક સોનાનો કટકો જુદો કાઢી લેતાં તે પણ જેમ સુવર્ણ જ કહેવાય છે, તેમ જીવ અગ્નિમાંથી તણખા નીકળે તેમ અક્ષરબ્રહ્મમાંથી નીકળ્યો છે, માટે અક્ષર બ્રહ્મરૂપ છે.

મોક્ષદશાને પ્રાપ્ત થતાં જીવને કેવું જ્ઞાન થાય છે તે આપશ્રી ઉપદેશે છેઃ—

**उपाधिनाशे विज्ञाने ब्रह्मात्मत्वावबोधने ॥**
**गङ्गातीरस्थितो यद्वद्देवतां तत्र पश्यति ॥ १३ ॥**
**तथा कृष्णं परं ब्रह्म स्वस्मिन् ज्ञानी प्रपश्यति ॥**

**પદાર્થ-उपाधिनाशे** (અજ્ઞાનરૂપી ઉપાધિનો નાશ થયા પછી) **विज्ञाने ब्रह्मात्मत्वावबोधने** (જીવાત્માનું અક્ષરબ્રહ્મરૂપે જાણવા રૂપ) અનુભવરૂપ જ્ઞાન થતાં), **गंगातीरस्थितः** (ગંગાજીના તીર ઉપર રહેલો પુરુષ) **यद्वत्** (જેમ) **तत्र** (ગંગાજીના પ્રવાહમાં) **देवतां** (ગંગાજીનાં મૂળ આધિદૈવિક સ્વરૂપને) **पश्यति** (જુએ છે), **तथा** (તેવી રીતે) **ज्ञानी** (જ્ઞાની પુરુષ) **स्वस्मिन्** (પોતાનામાં) **परं** (પર) **ब्रह्म** (બ્રહ્મસ્વરૂપ) **कृष्ण** (શ્રીકૃષ્ણને) **प्रपश्यति** (સારી પેઠે જુએ છે).

**ભાવાર્થ**:-ગંગાજીના તીરઉપર રહેલો પુરુષ જેમ ગંગાજીના પ્રવાહમાં ગંગાજીના મૂળ આધિદૈવિક સ્વરૂપને જુએ છે, તેવી

રીતે, અજ્ઞાનરૂપી ઉપાધિનો નાશ થયા પછી જીવાત્માનું અક્ષરબ્રહ્મરૂપે જાણવારૂપ અનુભવસહિત જ્ઞાન થતાં જ્ઞાની પુરૂષ પણ ૧ પોતાનામાં પરબ્રહ્મસ્વરૂપ શ્રીકૃષ્ણને જ સારી પેઠે જુએ છે.

સંસારી થઈને પ્રભુને ભજે તો દુઃખી થાય છે, એમ નિરૂપણ કરે છે. અર્થાત્ ઉપર મધ્યમ અધિકારીનું સ્વરૂપ જણાવ્યું, હવે હીન અધિકારીનું સ્વરૂપ જણાવે છેઃ—

**संसारी यस्तु भजते स दूरस्थो यथा तथा ॥ १४ ॥**
**अपेक्षितजलादीनामभावात्तत्र दुःखभाक् ॥**

**પદાર્થઃ**–**यः** (જે) **संसारी** (સંસારમાં આસક્તિવાળો) **भजते** (ભજે છે). **सः** (તે) **तु** (તો) **यथा** (જેમ) **दूरस्थ** (ગંગાજીથી દૂર રહેલો પુરૂષ) **अपेक्षितजलादीनां** (આવશ્યક જલાદિકના) **अभावात्** (અભાવથી) **तत्र** (ત્યાં) **दुःखभाक्** (દુઃખ ભોગવનારો થાય છે). **तथा** (તેમ).

**ભાવાર્થઃ**–જે સંસારમાં આસક્તિવાળો (થઈને પ્રભુને) ભજે છે તે તો જેમ ગંગાજીથી દૂર રહેલો પુરૂષ (ગંગાજીનું ભજન કરતાં) જેની ઘણી જ જરૂર પડે તેવા ગંગાજળ આદિ (સાધનોના) અભાવથી દુઃખી થાય છે, તેમ તે (સંસારી) દુઃખ ભોગવનારો થાય છે. ગંગાજીથી ઘણો દૂર રહીને ગંગાજીનું ભજન કરનારો પુરૂષ એક રીતે દુઃખી થાય છે. કારણ કે ગંગાજલ વગેરે સાધનો તેની પાસે છે જ નહિ. ગંગાજીનું તીર, ગંગાજીનો પ્રવાહ આદિ સમીપમાં હોય તો જ તે સુખથી ગંગાજીને ભજી શકે દૂર રહેતાં

---

૧. પોતાનામાં પ્રભુને જ જુએ છે. એ જ્ઞાનીનું સર્વસ્વરૂપ શ્રીહરિ જ છે. શ્રીહરિ વિના તે બીજું કાંઈ જોતો જ નથી. એવી રીતે જ્ઞાની થઈને પ્રભુનું ભજન કરે તો તેના ઉપયોગ માટે જે કાંઈ જોઈએ તો પ્રભુ જ તે સંપાદન કરી આપે છે. એવો જ્ઞાની ભક્ત કોઈ પણ વખતે દુઃખી થતો નથી.

દુઃખી થાય એ પ્રમાણે સંસારી થઇને સંસારમાં જ રહીને પ્રભુભજન કરે તો તેને પ્રભુના સ્વરૂપ સંબંધી પદાર્થો નથી મળ્યા માટે કલેશ જ થાય. સંસારમાં આસકિત રાખીને ભગવત્સ્વરૂપ સંબંધી પદાર્થો મેળવવાનો પ્રયાસ કરે, પણ તે મળે નહિ, તેથી સંસારીને અત્યંત દુઃખ જ થાય છે.

ભકિતમાર્ગમાં રહીને પ્રભુનું ભજન કરવું એમ આજ્ઞા કરે છે:—

**तस्मात् श्रीकृष्णमार्गस्थो विमुक्तः सर्वलोकतः ॥१५॥**
**आत्मानन्दसमुद्रस्थं कृष्णमेव विचिन्तयेत् ॥**

**पदार्थः तस्मात्** ( તેથી ) **श्रीकृष्णमार्गस्थः** ( શ્રી કૃષ્ણ ભગવાને પ્રકટ કરેલા ભકિતમાર્ગમાં રહેનાર ) **सर्वलोकतः** ( સર્વલોકથી ) **विमुक्तः** ( વિખૂટો પડેલો એવો ) **आत्मानन्दसमुद्रस्थ** ( સ્વરૂપાનંદરૂપી સમુદ્રમાં સ્થિતિ કરનારા ) **कृष्ण** ( શ્રીકૃષ્ણને ) **एव** ( જ ) **विचिन्तयेत्** ( સ્મરણ કરે )

ભાવાર્થ :— ( સંસારી થઇને ભજતા દુઃખી થાય છે, ) તેથી શ્રી કૃષ્ણ ભગવાને પ્રકટ કરેલા ભકિમમાર્ગમાં રહેનાર અને સર્વ લોકથી છુટા પડેલા એવા થઇને સ્વરૂપાનંદરૂપી સમુદ્રમાં સ્થિતિ કરનારા શ્રીકૃષ્ણનું જ સ્મરણ કરવું જોઇએ.

**लोकार्थी चेद् भजेत् कृष्णं क्लिष्टो भवति सर्वथा ॥१६॥**
**क्लिष्टोऽपि चेद भजेत् कृष्णं लोको नश्यति सर्वथा ॥**

**पदार्थः लोकार्थी** ( લોકમાં પ્રતિષ્ઠા ધન મળે વગેરે સ્વાર્થવાળો ) **चेत्** ( જો ) **कृष्ण** ( શ્રી કૃષ્ણને ) **भजेत्** ( ભજે ), **सर्वथा** ( ખચિત જ સર્વ રીતે ) **क्लिष्टः** ( કલેશવાળો ) **भवति** ( થાય છે. ) **क्लिष्ट** ( એ પ્રમાણે કલેશ પામેલો ) **अपि** ( છતાં પણ ) **चेत्** ( જો ) **कृष्णं** ( શ્રીકૃષ્ણને ) **भजेत्** ( ભજે ) ( તો ) **लोक** ( બાધક સ્વાર્થ ) **सर्वथा** ( સર્વાંશે ) **नश्यति** ( નાશ પામે છે. ).

**ભાવાર્થ:** લોકમાં પ્રતિષ્ઠા મળે, ધન મળે, વગેરે સ્વાર્થ રાખીને જો

શ્રીકૃષ્ણને ભજે તો ખચિત જ, સર્વ રીતે તેને ક્લેશ થાય છે. એ પ્રમાણે કલેશ પામીને પણ જો લોકથી વૈરાગ્ય આવતાં શ્રીકૃષ્ણને ભજે તો ભક્તિનો બાધક સ્વાર્થ સંસાર સર્વાંશે નાશ પામે છે.

**ज्ञानाभावे पुष्टिमार्गी तिष्ठेत् पूजोत्सवादिषु ॥१७॥**

**પદાર્થ-पुष्टिमार्गी** (પુષ્ટિમાર્ગમાં જેનો અંગીકાર થયો છે, તેવો ભક્ત) **ज्ञानाभावे** (પ્રભુતાં અને પોતાનાં સ્વરૂપનું જ્ઞાન ન હોય તો) **पूजोत्सवादिषु** (પૂજા ઉત્સવ આદિમાં **तिष्ठेत्** (રહે.)

ભાવાર્થ : પુષ્ટિમાર્ગમાં જેનો અંગીકાર થયેલો છે તેવા ભક્તે પ્રભુનાં અને પોતાનાં સ્વરૂપનું જ્ઞાન ન હોય તો જે ભગવત્‌મંદિરમાં પૂજા ઉત્સવ આદિ થતાં હોય ત્યાં રહેવું જોઈએ.

**मर्यादास्थस्तु गङ्गायां श्रीभागवततत्परः ।।**

**પદાર્થ-मर्यादास्थः** (મર્યાદામાર્ગમાં સ્થિતિ કરનાર) **तु** (તો) **गङ्गायां** (ગંગાજી તટ ઉપર) **श्रीभागवततत्परः** (શ્રીમદ્‌ભાગવતના પાઠમાં તત્પર થઈને રહે.)

ભાવાર્થ :- પ્રભુનાં અને પોતાના સ્વરૂપનું જ્ઞાન ન હોય તો મર્યાદામાર્ગમાં રહેનારાએ ગંગાજીના તટ ઉપર શ્રીમદ્‌ભાગવતનો પાઠ કરતા તત્પર થઈને રહેવું જોઇએ.

પુષ્ટિમાર્ગીય ભક્તમાં જે વિશેષ છે તે આજ્ઞા કરે છેઃ—

**अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः ।।१८।**

**પદાર્થ :-पुष्टिमार्गे** ( પુષ્ટિમાર્ગમાં ) **अनुग्रहः** ( પ્રભુનો અનુગ્રહ ) **नियामकः** ( નિયમ કરનાર છે. ) **इति** ( એ પ્રકારે ) **स्थितिः** ( સ્થિતિ છે. ).

---

અખિલ ભારતીય શ્રીબાલકૃષ્ણ શુધ્ધાદ્વૈત મહાસભા તરફથી પ્રકાશિત કરવામાં આવતા, પુસ્તક પ્રકાશન સંશોધન–પુનમુદ્રણ યોજનામાં તમારો વિવિધ રીતે સહકાર જોઇએ છે. માટે આજેજ સુરત લખો.

ભાવાર્થ:–[1]પુષ્ટિમાર્ગમાં પ્રભુનો અનુગ્રહ નિયમ કરનાર છે, એ પ્રકારે સ્થિતિ છે.

મર્યાદામાર્ગના જ્ઞાની અને ભક્તને પણ ફળરૂપ સેવા પ્રભુના વિશેષ અનુગ્રહથી પ્રાપ્ત થાય છે એમ આપ શ્રી જણાવે છે:—

**उभयोस्तु क्रमेणैव पूर्वोक्तैव फलिष्यति ॥**

પદાર્થ :– **उभयोः** (મર્યાદામાર્ગનાં જ્ઞાની અને ભક્તને) **तु** (તો) **क्रमेण** (અનુક્રમે) **एव** (જ) **पूर्वोक्ता** (પૂર્વે કહેલી માનસી સેવા) **एव** (જ) **फलिष्यति** (ફલશે.)

ભાવાર્થ :– મર્યાદામાર્ગના (જ્ઞાની અને) ભક્તોને તે અનુગ્રહથી અનુક્રમે પૂર્વે કહેલી ફલરૂપ માનસી સેવા જ ફલશે.[2]

ભક્તિમાર્ગની શ્રેષ્ઠતા કહે છે:—

**ज्ञानाधिको भक्तिमार्ग एवं तस्मान्निरूपितः ॥ १९ ॥**

પદાર્થ:- **एवं** (શ્રી પુરુષોત્તમની પ્રાપ્તિ કરાવી આપે છે માટે) **भक्तिमार्गः** (પુષ્ટિભક્તિમાર્ગ) **ज्ञानाधिक** (જ્ઞાન કરતા શ્રેષ્ઠ છે.)

---

૧. પુષ્ટિ એટલે પોષણ **पोषणं तदनुग्रहः** એ ભગવદ્વાક્યથી પોષણ એટલે પ્રભુનો અનુગ્રહ, પ્રભુની કૃપા—એ કૃપાનો માર્ગ તે પુષ્ટિમાર્ગ કહેવાય. એ પુષ્ટિમાર્ગમાં દરેક કાર્ય પ્રભુના અનુગ્રહથી જ થાય છે. એ માર્ગમાં સર્વનું નિયમન કરનાર બીજુ કોઈ નથી. માત્ર ભગવદનુગ્રહ જ સર્વનું નિયમન કરે છે. એવી સ્થિતિ છે.

૨. વેદવિધિ પ્રમાણે ચાલનારા જ્ઞાની અને ભક્તોઉપર પણ જો પ્રભુનો અનુગ્રહ થાય ત્યારે જ્ઞાનીને પૂર્ણ પુરુષોત્તમનું જ્ઞાન પ્રાપ્ત થાય અને પછી ભક્તિ પ્રાપ્ત થાય, તેમ જ ભક્તને પુષ્ટિમાર્ગની ભક્તિ પ્રાપ્ત થાય. એ પ્રમાણે થયા પછી તનુજાવિત્તજા કર્યા પછી ફલરૂપ માનસી સેવા સિદ્ધ થાય.

**तस्मात्** ( ગંગાજીના દૃષ્ટાંતથી) **निरूपितः** (નિરૂપણ કર્યો છે.)

**ભાવાર્થ**:–એ[1] પ્રમાણે આધિદૈવિક મૂલ પૂર્ણ પુરૂષોત્તમની પ્રાપ્તિ કરાવી આપે છે માટે પુષ્ટિભક્તિમાર્ગ જ્ઞાન કરતાં શ્રેષ્ઠ છે, એમ ગંગાજીના દૃષ્ટાંતથી નિરૂપણ કરેલું છે.

ગંગાજીના દૃષ્ટાંતનું બીજું પણ રહસ્ય બતાવે છે:—

**भक्त्यभावे तु तीरस्थो यथा दुष्टैः स्वकर्मभिः ॥**

**अन्यथाभावमापन्न स्तस्मात् स्थानात् च नश्यति ॥२०॥**

**પદાર્થ**:–**भक्त्यभावे** (ભક્તિના અભાવમાં **तु** (તો) **तीरस्थः** (ગંગાજીના તીર ઉપર રહેલો) **यथा** (જેમ) **दुष्टैः** (દુષ્ટ એવાં) **स्वकर्मभिः** (પોતાનાં કર્મોવડે) **अन्यथाभावं** (પાખંડ ભાવને) **आपन्नः** (પામેલો થાય છે.) **च** (અને) **तस्मात्** (તે) **स्थानात्** ( સ્થાનથી ) **नश्यति** (નાશ પામે છે.)

**ભાવાર્થ** :– [1]ગંગાજીની ભક્તિ કરે નહિ, અને ગંગાજીના તીર ઉપર રહેલો હોય, તે જેમ પોતાના દુષ્ટ કર્મોવડે પાખંડ ભાવને પ્રાપ્ત થાય છે, પછી તે સ્થાનથી તે નાશ પામે છે એવી જ રીતે પ્રભુની ભક્તિ વિનાનો નાશ પામે છે.

---

૧. ગંગાજીના તટ ઉપર રહે, પરંતુ ગંગાજીની ભક્તિ કરે નહિ, અને પછી દુષ્ટકર્મ કરે, તેથી પાખંડીપણાને પ્રાપ્ત થાય, અને પછી તે સ્થાનથી નાશ પામે, તેમ ભક્તિમાર્ગમાં રહે અને પ્રભુભક્તિ ન કરે, સંસારમાં આસક્ત રહે તો ભક્તિમાર્ગથી નાશ પામે છે. ભક્તિમાર્ગથી ભ્રષ્ટ થાય છે, એમ સમજવું.

૧. જ્ઞાનમાર્ગમાં આધ્યાત્મિક અક્ષર બ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત થાય છે, અને પરિણામે નદીઓ જેમ સમુદ્રમાં મળી જાય છે, તેમ એ જ્ઞાનવાળો અક્ષર બ્રહ્મમાં મળી જાય છે, પુષ્ટિમાર્ગ તો આધિદૈવિક અને અક્ષર બ્રહ્મથી પણ પર એવા પૂર્ણ પુરૂષોત્તમની પ્રાપ્તિ કરાવે છે, માટે તે જ્ઞાનમાંથી ઉત્કૃષ્ટ હોય, તેમાં આશ્ચર્ય શું ?

---

**તમારા ગામમાં મહાસભાનું કેન્દ્ર ન હોય તો સ્થાપો.**

ગ્રંથની સમાપ્તિ કરતાં આજ્ઞા કરે છે કેઃ-

**एवं स्वशास्त्रसर्वस्वं मया गुप्तं निरूपितम् ॥**
**एतद् बुद्ध्वा विमुच्येतपुरुषः सर्वसंशयात् ॥२१॥**

**पदार्थः एवं** (એ પ્રમાણે) **गुप्तं** (ગુપ્ત એવું) **स्वशास्त्रसर्वस्वं** (પોતાના શાસ્ત્રનું સર્વ રહસ્ય) **मया** (મેં) **निरूपितं** (નિરૂપણ કર્યું છે. **एतत्** (એને **बुद्ध्वा** (જાણીને) **पुरुषः** (પુરુષ) **सर्वसंशयात्** (બધા સંશયથી) **विमुच्येत** (અવશ્ય મુક્ત થવો જોઈએ).

ભાવાર્થ :–એ પ્રમાણે ગુપ્ત એવું પોતાના શાસ્ત્રનું રહસ્ય નિરૂપણ કર્યું છે એને જાણીને પુરૂષ બધા સંશયથી અવશ્ય મુક્ત થવો જોઈએ.

સિધ્ધાન્ત મુક્તાવલિ ગ્રંથ સંપૂર્ણ

---

અખિલ ભારતીય શ્રી બાલકૃષ્ણ શુધ્ધાદ્વૈત મહાસભા, મોટામંદિરની પોળ, સુરતની પરીક્ષાઓ (સ્થાપના સંવત ૧૯૮૨!)

ગુજરાતી, હિન્દી અથવા સંસ્કૃત ભાષાના ગ્રંથોદ્વારા સામ્પ્રદાયિક જ્ઞાનનો પ્રચાર વૈષ્ણવોમાં થાય, એ હેતુથી આ મહાસભાએ સંવત ૧૯૮૨ની સાલથી આ પરીક્ષાઓ શરૂ કરી છે. આ નિઃસ્વાર્થ પ્રવૃત્તિથી સામ્પ્રદાયિક સિદ્ધાંતજ્ઞાનનો પ્રચાર લગભગ ચોપ્પન (૫૪) વર્ષોથી સુંદર સંગીન રીતે થઈ રહયો છે. પ્રાયઃ અંગ્રેજી ભણેલા યુવકો અને બહેનો આ પરીક્ષામા ભાગ લે છે. આ પરીક્ષાઓમાં બેસવા માટે છેલ્લી પદવીની પરીક્ષામાં પાંચ રુપિઆ, પ્રવેશ ફી, તેમજ પૂર્વ પ્રથમાથી ચતુર્થી સુધી ૨ રૂપિયા પ્રવેશ ફી છે, ગુજરાતી ચાર ધોરણ પાસ કરનાર, કોઈ પણ ઉંમરના સ્ત્રી–પુરૂષ આ પરીક્ષામાં બેસી શકે છે. પ્રતિવર્ષ સરાસરી ૩૦૦૦ પરીક્ષાર્થી ભારતમાં લગભગ ૧૫૧ કેન્દ્રોમાં થઈને બેસે છે. આ ઉપરથી એક વિદ્યાપીઠ ચાલતી હોય તેવો લાભ આ પરીક્ષાઓથી સમસ્ત મનુષ્યમાત્રને થઈ રહયો છે. ખાનગીમાં અથવા પાઠશાળામાં અભ્યાસ કરી, આ પરીક્ષાઓ પોતપોતાના ગામમાં નિરીક્ષકોની દેખરેખ નીચે આપી શકાશે. માટે પરીક્ષાઓ આપો.

॥ नमः श्रीकृष्णाय ॥

# સિદ્ધાન્ત રહસ્ય

## ગ્રંથનો ઉપક્રમ

સ્નેહમાર્ગનો મુખ્ય સિદ્ધાંત એવો છે કે પ્રભુ ઈચ્છા સર્વ કાર્યનું કારણ છે. આ ઈચ્છા જ પુષ્ટિમાર્ગ પ્રકટ કરવો એવી સ્થિતિ ઉપર આવતાં પ્રભુએ શ્રીમદાચાર્યજીને આજ્ઞા કરી કે શ્રી ભાગવતનો ગુઢાર્થ પ્રકટ કરી પુષ્ટિમાર્ગ પ્રકટ કરો. આ આજ્ઞા પ્રમાણે ભૂતલ ઉપર પધારી નિર્ગુણ સ્નેહરૂપ ભકિતનો ઉપદેશ આપ્યો. તેથી પોતે '**द्वैवोद्धारप्रयत्नात्मा**' કહેવાયા શુદ્ધ અદ્વૈતનું પણ ભાન કરાવ્યું. પૂજામાર્ગ કરતાં શુધ્ધ ભકિતમાર્ગ વિલક્ષણ છે. એવું જણાવી આપ્યું. સેવ્ય શ્રી કૃષ્ણ પરબ્રહ્મની સેવાનો પ્રકાર બતાવ્યો. અને સર્વ રીતે સરળ માર્ગો બતાવ્યા.

સેવ્ય પ્રભુ શ્રીકૃષ્ણ પરબ્રહ્મ દોષરહિત પૂર્ણ ગુણવાળા આનંદરૂપ સર્વ અવયવવાળા, સર્વોત્તમ અને નિર્દોષ છે. અને સેવા કરનાર જીવો કલિયુગના દોષથી દુષ્ટ અને દોષથી ભરેલા છે. આવા દોષવાળાઓની સેવાને પ્રભુ અંગીકર કેમ કરે? સેવાનો જ્યારે સ્વીકાર કરે ત્યારે જ ફળ મળે. સેવાનો સ્વીકાર ન કરે ત્યારે સેવામાર્ગ–ભકિતમાર્ગ પણ સફલ ન થાય. આવા વિચારની ચિંતામાં ક્ષણવાર રહયા, તેટલામાં શ્રી ગોકુલેન્દુ (શ્રીકૃષ્ણ) આપ પોતે જ શ્રીગોકુળમાં પ્રકટ થયા. પ્રકટ થઈ મંત્રનું દાન કરી અને પોતાની સેવામાં પ્રતિબંધ કરનારા દોષોની નિવૃત્તિ થવા માટે ઉપાય બતાવ્યા. તેને શ્રીમહાપ્રભુજી આ ગ્રંથમાં કહે છે.

* કૃષ્ણ શબ્દમાં "કૃષ" શબ્દ સત્તાને સુચવે છે, અને 'ણ' શબ્દ સુખને (આનંદને) સૂચવે છે. તે બંનેનો એકઠો અર્થ કરીએ તો પરબ્રહ્મ શ્રીકૃષ્ણ જ થાય છે.

જે ઉપદેશ બ્રહ્મસંબંધ ગ્રહણ કરતી વખતે લેવામાં આવે છે, તેનાથી જીવના બ્રહ્મસંબંધ થતાં પહેલાંના દોષો નિવૃત્ત થાય છે, પોતાના ભકતો આ ઉપદેશ જાણે એવો વિચાર કરી ભગવદીયો ઉપર કૃપા કરીને ભગવાને કહેલું ગૂઢ રહસ્ય આ ગ્રંથમાં શ્રીમદાચાર્યચરણ પ્રકટ કરે છે.

વેદની માફક ગદ્યમંત્ર સાક્ષાત્ ભગવાને કહેલો સ્વતંત્ર મંત્ર છે. ગદ્યમંત્રમાં સ્ત્રી-પુરૂષ વગેરે ભકતમાત્ર દૈવી જીવો અધિકારી છે. જુઓ ભાગવત. પ્રલ્હાદની માતાને નારદે નવ પ્રકારની ભક્તિનો ઉપદેશ આપ્યો હતો. અને ભગવાન કહે છે કે, " વિદ્યાધર, મનુષ્ય, વૈશ્ય, શૂદ્ર, સ્ત્રી, અંત્યજ, વિગેરે અને રજોગુણ તમોગુણવાળાં વૃત્રાસુર વિગેરે બહુ જ પ્રાણીઓ મારી ભક્તિથી મને મળેલાં છે" માટે સ્ત્રી વિગેરેના શરણમાં અધિકાર સ્પષ્ટ શાસ્ત્રોકત છે, ગદ્યમંત્ર સ્વતંત્ર છે.

આ સાક્ષાત્ પ્રભુએ કહેલું એ વેદ સમાન જ છે. વેદ પણ ઈશ્વરે કહેલો છે. આ મંત્ર પણ પ્રભુએ કહેલો છે. આ મંત્રમાં " આત્મા સાથે " એમ " આત્મા " જોડે " સાથે " શબ્દ જોડેલો હોવાથી, પિતા સાથે પુત્ર આવે છે. તેમાં જેમ પિતાની મોટાઈ ગણાય છે. તેમ અહીં આત્માની મોટાઈ-મુખ્યતા છે.

પ્રભુએ જે દિવસે પ્રકટ થઈ ને કહ્યું તે દિવસ પ્રથમ શ્લોકમાં બતાવવામાં આવે છે.

**श्रावणस्यामले पक्षे एकादश्यां महानिशि ।**
**साक्षाद् भगवता प्रोक्तं तदक्षरश उच्यते ॥१॥**

સાન્વયપદાર્થ:

| | |
|---|---|
| **श्रावणस्य**=શ્રાવણ માસના | **साक्षात्**=પ્રત્યક્ષ |
| **अमले, पक्षे**=શુકલ પક્ષમાં | **प्रोक्तं**=જે કહેલું છે |
| **एकादश्यां**=એકાદશીને દિવસે | **तत्**=તે |
| **महानिशि**=અર્ધ રાત્રિએ | **अक्षरशः**=અક્ષરે અક્ષર |
| **भगवता**=શ્રી ગોપીજનવલ્લભે | **उच्यते**=કહીએ છીએ |

**અર્થ**—શ્રાવણ માસના શુકલપક્ષમાં એકાદશીની મધ્ય રાત્રિએ સાક્ષાત્ ભગવાને (પ્રકટ થઈ) જે ઉપદેશ કર્યો છે. તે અક્ષરે અક્ષર (આ ગ્રંથમાં) કહેવાય છે. એમ શ્રીમહાપ્રભુજી કહે છે.

**વિવેચન**—જે ઉત્તમ કાર્ય છે. તેના આગળ પાછળના સંયોગો પણ ઉત્તમ જ હોય છે. આ નિયમાનુસાર આ દિવસ પણ દૈવી છે. દરેક માસનાં નામ નક્ષત્ર ઉપરથી જ પડયા છે.

**માસ શ્રાવણ**—શ્રવણ નક્ષત્ર જે પૂર્ણિમાએ હોય તે શ્રાવણ માસ શ્રવણ નક્ષત્ર વૈષ્ણવ છે, માસ પણ વૈષ્ણવજ છે, તેથી પવિત્ર કરનાર છે. **પક્ષ શુકલ**—અજવાળીઆમાં જેમ ચંદ્ર વૃધ્ધિ પામે છે અને અંધકાર નાશ પામે છે. તેમ શરણે આવેલાનો અજ્ઞાનરૂપી અંધકાર દોષ નાશ પામે છે. ભાવ વૃધ્ધિ પામે છે.

**એકાદશી તિથિ**—એટલે ઉપવાસથી પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય અને મન મળી અગીયારે ઈન્દ્રિયોને નિર્દોષ કરનારી અને ઉપ એટલે ભગવાનની પાસે, આખો દિન વાસ કરાવનાર આ તિથિ છે. તેથી ભકતના આધ્યાત્મિક દોષ નાશ થાય છે.

**સમય મધ્યરાત્રિનો છે.** તે પ્રભુ શ્રીકૃષ્ણ અંતરંગ ભકત ગોપીજનોના સર્વ પુરૂષાર્થ સિદ્ધિ કરવા મધ્ય રાત્રિએ શ્રીગોકુળમાં પ્રકટ થયા, તેમ અહીંઆ પણ શ્રીમદાચાર્યજી માટે અને તે દ્વારા સર્વે ભગવદીયોના પુરૂષાર્થો સિદ્ધ કરવા મધ્ય રાત્રિએ પ્રકટ થયા અને મંત્ર કહ્યો એ રહસ્ય છે.

આ પ્રમાણે જે પવિત્ર સમયમાં પ્રભુએ ઉપદેશ આપ્યો તે કાલ સાધનરૂપ બની ભકતના સર્વ દોષોને હરે છે.

ભગવાનની આજ્ઞા કોઈ વખત સ્વપ્નદ્વારા થાય છે. કોઈ વખત સેવકદ્વારા થાય છે. કોઈ વખત આકાશવાણીથી થાય છે. આ આજ્ઞાઓ સાક્ષાત્ આજ્ઞા ન કહેવાય, પરંતુ આચાર્યશ્રીને **સાક્ષાત્ પ્રભુએ પ્રકટ થઈ આજ્ઞા કરેલી છે.**

આ પ્રમાણે ઉપક્રમ કરી હવે જે ઉપદેશ સાંભળવામાં આવ્યો તે ઉપદેશ કહે છે.

**ब्रह्मसंबंधकरणात् सर्वेषां देहजीवयोः ॥**
**सर्वदोषनिवृत्तिर्हि दोषाः पंचविधाः स्मृताः ॥ २ ॥**

સાન્વયપદાર્થ :

**ब्रह्मसंबंधकरणात्**=બ્રહ્મસંબંધ કરવાથી
**सर्वेषाम्**=બધાના
**देहजीवयो**:= દેહ અને જીવના
**सर्वदोष निवृत्ति**=બધા દોષોની નિવૃત્તિ
**हि**=નિશ્ચયે કરીને થાય છે
**दोषाः**=અને તે દોષો
**पंचविधा**:=પાંચ પ્રકારના
**स्मृताः**=કહેલા છે.

અર્થ—બ્રહ્મસંબંધ કરવાથી દેહ અને જીવના સર્વે દોષની નિવૃત્તિ નિશ્ચય થાય છે. આ દોષો પાંચ પ્રકારના છે.

(૧) ભગવાન-શ્રીકૃષ્ણચન્દ્ર પરબ્રહ્મ પુરુષોત્તમ છે, ૧ તેમને વેદાન્તમાં બ્રહ્મ, સ્મૃતિમાં પરમાત્મા, અને ભાગવતમાં ભગવાન એમ કહે છે.

(૨) **બ્રહ્મસંબંધ** સચ્ચિદાનંદ પ્રભુમાંથી ચિદંશ અનેક જીવો નિકળ્યા છે, એટલે પ્રભુ સાથે તેમનો નિત્ય અંશાંશિસંબંધ હોઈ—સ્વામિપણાનો પણ સંબંધ છે. તે સંબંધને જીવ આ બ્રહ્મસંબંધથી પુનઃયાદ કરે છે બ્રાહ્મણ હો, ક્ષત્રિય હો, વૈશ્ય હો કે શૂદ્ર હો, પ્રાણિમાત્ર હો, હો તે હો, પરંતુ સર્વને પ્રભુ સાથે સેવ્યસેવકસંબંધ સમજી જીવે સેવાધર્મ સ્વીકારે જ છુટકો છે. જો ન સ્વીકારે તો ઉદ્ધાર નથી. જીવ પ્રભુનો અંશ છે, ભગવાન અંશી છે, જીવ પ્રભુનો સેવક છે. પ્રભુ સ્વામી છે, આ સંબંધને બ્રહ્મસંબંધ મંત્રથી હવે જીવ પુનઃ સભારે છે.

**१ वेदान्ते च स्मृतौ ब्रह्म लिङ्गं भागवते तथा, ब्रह्मेति परमात्मेति भगवान् इति शब्द्यते ।**

(૩) જીવઃ—ભગવાનને જ્યારે "હું અનેક થાઉં" એવી સૃષ્ટિરૂપે રમણુ કરવાની ઈચ્છા થઇ, ત્યારે જેમ અગ્નિમાંથી અનેક પ્રકારના વિસ્ફુલિંગ (તણખા) નિકળે છે, તેમ બ્રહ્મમાંથી અનેક પ્રકારના જીવનું વ્યુચ્ચરણ થયું. (વ્યુચ્ચરણ એટલે બ્રહ્મમાંથી નિકળવું.) વ્યુચ્ચરણ સમયે જીવ બ્રહ્મરૂપ જ હતો, સાકાર અને ભગવદ્રુપ હતો ૨ બ્રહ્મવાદના નિયમ પ્રમાણે જીવ અણુ છે, ભગવાનનો અંશ છે, હૃદયમાં બિરાજે છે, છતાં તેનું ચૈતન્ય આખા શરીરમાં ફેલાય છે. પ્રભુ ઈચ્છાએ તેમાંથી આનંદાંશનો તિરોભાવ થયો અને આનંદાંશ ગુપ્ત થતાં ભગવાનના (૩) ધર્મો ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય, આ છએ ધર્મ ગુપ્ત થઈ ગયા, આ છ ધર્મ સંતાઈ જવાથી અવિદ્યા લાગી, તેથી જીવને સંસારબંધન અને વિપરીતપણું થયું. **ઐશ્વર્ય**ના તિરોભાવથી કંગાળ અને પરાધીન બન્યો. **વીર્ય**ના તિરોભાવથી દુઃખી થયો. **યશ**ના તિરોભાવથી સર્વથી હીન થયો, **શ્રી**ના તિરોભાવથી જન્મમરણ વિપત્તિનો ભોગ થયો, **જ્ઞાન**ના તિરોભાવથી દેહમાં અહંબુદ્ધિ માની લીધી. એટલુંજ નહિ પણ અપસ્માર રોગીની માફક વિપરીત જ્ઞાનવાળો થાય. છે. **વૈરાગ્ય**નો તિરોભાવ થવાથી વિષયાસક્તિ જીવમાં આવી.

(૪) આ પ્રમાણે જીવને બંધ અને વિપરીતપણું થયું છે. તે દૂર કરવાને આ મંત્ર છે. બ્રહ્મ–પ્રભુ સાથેનો પૂર્વે સમ્બન્ધ હતો તે સમ્બન્ધ જોડવાની પ્રાણીમાત્રની ફરજ છે. આ સમ્બન્ધથી જીવ બ્રહ્મરૂપ થાય છે. જ્ઞાન અને વિવેક યુક્ત આ મનુષ્યાવતારે વખતે પ્રભુ સાથેના સમ્બન્ધનું સ્મરણ કરવાની ઉત્તમ તક ગુમાવવી ન જોઈએ, જો જીવ આ તક ગુમાવે તો શાસ્ત્ર તેને આત્મઘાતી

---

૨ अंशो नाना व्यपदेशात्, ब्रह्मसूत्रं। कृषिर्भूवाचकः शब्दः णश्च निर्वृतिवाचकः। तयोरैक्यं परब्रह्म कृष्ण इत्यभिधीयते॥

કહે છે.[1] આ જીવને પ્રભુ–સાથેનો સમ્બન્ધ સરલતાથી કરાવનાર કોઈ મંત્ર હોય તો તે બ્રહ્મસમ્બન્ધ મંત્ર છે.

**પ્રભુસંબંધમાં કરણ બાધક દૂર થાય છે**

(૫) ભગવાનમાંથી જીવ હજારો વર્ષથી જુદો પડયો, તે વર્ષ સંખ્યા ગણી શકાતી નથી. જુદા પડ્યા પછી અવિદ્યાથી સંસારી બન્યો, અને દેહાધ્યાસ, પ્રાણાધ્યાસ, અન્તઃકરણ ધ્યાસ, ઈન્દ્રિયાધ્યાસ, આ ચાર અધ્યાસથી પોતાનું ભગવત્સ્વરૂપનું ભાન ભૂલ્યો અને પ્રભુ સાથેનો અંશાશી સમ્બન્ધ પણ ભુલી ગયો, પ્રભુએ સ્વરમણ માટે કરેલા જગતના પદાર્થને પોતાના માની બેઠો, અર્થાત અવિદ્યા અને સર્વે દોષો એ બન્ને પ્રભુનો સમ્બન્ધ થવા દેતાં નથી. આ બન્નેને મૂળમાંથી હઠાવનાર જો કોઈ બળવાન હોય તો તે "આત્મનિવેદન" દીક્ષા છે. કારણ કે આ મંત્ર શ્રીગોપીજનવલ્લભે જીવને નિર્દોષ બનાવી શરણે લેવા પ્રકટ કર્યો છે.

**બ્રહ્મસંબંધ મંત્ર ભાવાર્થ**

[૬] "હજારો વર્ષથી શ્રી કૃષ્ણનો વિયોગ થયેલો છે. શ્રીકૃષ્ણના વિયોગથી તાપ કલેશ (વિપ્રયોગાનન્દ) થવો જોઇએ તે તાપ મારો તિરોભૂત થયો છે. એવો હું જીવ, ભગવાન શ્રીકૃષ્ણ શ્રીગોપીજનવલ્લભને મારો દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અંતકરણ અને તેના ધર્મો, સ્ત્રી, ઘર, પુત્ર, આપ્ત, વિત્ત (દ્રવ્ય) આ લોક અને પરલોક સમ્બન્ધિ સર્વ મારા આત્મા સાથે અર્પણ કરૂં છું. દાસ છું.

હે કૃષ્ણ હું આપનો છું."

सहजा देशकालोत्था लोकवेदनिरूपिताः ॥
संयोगजाः स्पर्शजाश्च न मन्तव्या कथंचन ।३॥

---

१ पराभिध्यानात्तु तिरोहितं ततो ह्यस्य बन्धविपर्ययौ ।
ब्रह्मसूत्रम् न तरेत् स आत्महा ।

### સાન્વયપદાર્થ

**સહજાઃ**-સહજ દોષો,
**દેશકાલોત્થા**-દેશ તથા કાલથી ઉત્પન્ન થતાં દોષો
**લોકવેદનિરૂપિતાઃ**-તે પાંચે દોષ લોક તથા વેદમાં નિરૂપણ કરેલો છે
**સંયોગજા**-સંયોગથી થતા દોષો
**ચ**-અને
**સ્પર્શજાઃ**-સ્પર્શથી થતા દોષો
**કથંચન**-કોઈ પ્રકારે (ભક્તિ માર્ગમાં)
**ન. મન્તવ્યાઃ**-માનવા નહિ

**અર્થ**—દેહની સાથે જ ઉત્પન્ન થનારા, દેશ અને સમયને અનુસરી ઉત્પન્ન થનારા, સંયોગથી ઉત્પન્ન થનારા, અને સ્પર્શથી ઉત્પન્ન થનારા, આ પાંચ દોષો લોક અને વેદમાં નિરૂપણ કર્યા છે, તે બ્રહ્મસંબંધથી નિવૃત્ત થાય છે, તેથી કોઇ પ્રકારે સેવામાં અડચણરૂપ માનવા ન જોઇએ.

**વિવેચન**—નીચે બતાવેલ પાંચ પ્રકારના દોષો બ્રહ્મસંબંધ કર્યા પછી બાધ કરતા નથી. તેથી આ દોષોથી નિવૃત્ત થઈ નિર્દોષ છું, એમ માની સેવા કરવી જોઇએ. નિર્દોષ જીવે કરેલી સેવા પ્રભુ સ્વીકારે છે.

**૧ સહજદોષ**—સહજ દોષ બે પ્રકારનો છે, સ્થૂલ દેહમાં માતા પિતાની અપવિત્રતાથી સાથે જ કોઇ અવશ્ય રોગાદિ થાય છે તે, અને પાંચ મહાભૂત (પૃથ્વી, અપ, તેજ વાયુ, આકાશ.) ના પાંચ દોષો છે. જેને સારુ પૂજામાં ભૂતશુદ્ધિ કરવી પડે છે. મ્લેચ્છ, સ્ત્રી, શૂદ્ર યોનિમાં જન્મ વિગેરે પણ અધિકાર નાશ કરનાર સહજ દોષ છે. ૨ જીવની સાથે અવિદ્યા (અહંતા મમતા)થી ઉત્પન્ન થનારા દોષો છે. સૂક્ષ્મ દેહના કામ ક્રોધાદિ તે સહજ દોષ એટલે સાથે રહેનારા છે.

**૨ દેશથી થનારા**—પૂજાના સ્થાનમાં અપવિત્રતા હોય

---

+ ૧ ઈન્દ્રિયાધ્યાસ ૨ પ્રાણાધ્યાસ ૩ દેહાધ્યાસ ૪ અન્તઃકરણાધ્યાસ ૫ સ્વરૂપનું વિસ્મરણ. અવિદ્યાનાં આ પાંચ પર્વ છે.

છે. માટે આસન શુદ્ધિ કરવી પડે છે. અને મગધ, મારવાડ સિન્ધ વિગેરે દેશો દોષવાળા ગણેલા છે. તેથી દેશથી થનારો દોષ તે સમજવો.

**૩ કાલથી થનાર** — બાલવૃદ્ધાવસ્થાદિ દોષ; અમુક મુહૂર્તમાં અમુક કામ કરવું, તે કાલ વીતી જાય તો તે પણ કાલ દોષ લાગે છે. તે કાલ દોષ. અથવા કલિદોષ મહાન બાધક થાય છે.

**૪ સંયોગથી થનાર**—બુદ્ધિપૂર્વક કામના કરવામાં આવે તેને સંયોગદોષ કહેવાય છે. શૂદ્રાદિ સંસર્ગ પતિતાદિ શૂદ્ર વિગેરે સંસર્ગ સાથે રહેવાથી દોષ થાય છે. તે સંયોગ દોષ જાણવો.

**૫ સ્પર્શથી થનાર**—બુદ્ધિપૂર્વક કામના વગર નિષિદ્ધ ઈન્દ્રિયાર્થ સંયોગ તે સ્પર્શ દોષ કહેવાય છે. આમા અપવિત્રને અડકવાથી થનારા દોષોનો સમાવેશ થાય છે.

આ પાંચ પ્રકારના દોષો વેદમાં અને લોકનાં એટલે સ્મૃતિ વિગેરેમાં બતાવવામાં આવ્યા છે. તેને નિવારણ કરવા પૂજામાં વિધિ કરવો જોઈએ બ્રહ્મસંબંધથી આ પાંચ દોષો કદાપિ પણ સેવામાં પ્રતિબંધ કરનારા થતા જ નથી, મનમાં વિચાર પણ ન લાવવો કે બ્રહ્મસંબંધ લીધા પછી હું શૂદ્ર છું, મારી સેવાને પ્રભુ સ્વીકારશે કે નહિ ?' કારણ કે નિર્દોષ પૂર્ણાનન્દ ભગવાનનો સંબંધ થવાથી સર્વ દેહ અને વસ્તુ પવિત્ર થાય. એ સ્પષ્ટ સિદ્ધ જ છે. ભગવાન કહે છે કે ચાંડાલ, સ્ત્રી, શૂદ્ર પણ જો મારામાં નિષ્ઠા રાખી ભકિત કરે તો તે પવિત્ર થાય છે. તો આ દોષો નિવૃત્તિ થાય એમાં નવાઇ શી ?

**પૂજામાર્ગ અને ભકિતમાર્ગમાં બહુ જ તફાવત છે.** પૂજામાર્ગમાં જેની સેવા થાય છે તે પુરુષોત્તમની નહિ પણ ભગવાનની વિભૂતિની છે. ભકિતમાર્ગમાં પરબ્રહ્મમાં પુરુષોત્તમની જ

સેવા થાય છે. તેથી નિર્દોષ થાય છે. **પૂજામાર્ગનો** કર્મમાર્ગમાં સમાવેશ થાય છે. ભકિતમાર્ગમાં થાય છે. **પૂજામાર્ગમાં** તે દેવનું આહ્વાન કરે છે ને પૂજા પૂર્ણ થતાં વિસર્જન કરે છે. તેથી તે દેવ મંત્રને તાબે છે પુરૂષોત્તમ તો જ્યાં ભકતનો પ્રેમ દેખે ત્યાં વગર બોલાવે પણ તેના હૃદયમાં સ્થિર થાય છે. **પૂજામાર્ગમાં** અમુકનો જ અધિકાર છે. ભકિતમાર્ગમાં સર્વ ગન્ધર્વ. મનુષ્ય, પશુ, ગજ, વગેરે સર્વ પ્રભુના સ્નેહથી અધિકારી છે. પૂજામાં વિધિને આધિન સર્વ ક્રિયા થાય, સેવામાં પ્રભુના સુખનો વિચારપૂર્વક ભાગવતની લીલાના ભાવને અનુસરીને સેવા પ્રણાલી છે. ભકિતમાર્ગમાં ભકત બ્રહ્મસંબંધ થયા પછી પોતે દેહ, ઈન્દ્રિય, પ્રાણ, જીવ, ધન, દ્રવ્ય, ગૃહ, આત્મા વિગેરે સર્વ ભગવાનનું જ છે. એવી ભગવદીયત્વ બુદ્ધિ થાય છે. માટે જ ભકિતમાર્ગીય ભકતને આદોષો બાધા કરતા નથી. માટે પૂજામાર્ગ ભકિતમાર્ગથી જુદો જ છે.

**બ્રહ્મસંબંધ કર્યા સિવાય દોષનિવૃત્ત કરવાનો કોઇ પણ ઉપાય નથી**

**अन्यथा सर्वदोषाणां न निवृत्तिः कथंचन ॥**
**असमर्पितवस्तूनां तस्मात् वर्जनमाचरेत ॥४॥**

**સાન્વયપદાર્થ :**

**अन्यथा**–બ્રહ્મસંબંધ કર્યા વિના બીજી કોઈ રીતે
**सर्वदोषाणाम्**–આગળ કહેલા બધા દોષોની
**निवृत्तिः**–નિવૃત્તિ
**कथचन**–કોઇ પણ પ્રકારે
**न**–થથી મથી.
**तस्मात्**–બ્રહ્મસંબંધ પછી પણ
**असमर्पितवस्तूनां**–શ્રાં પ્રભુને નહિસમર્પણ કરેલાં પદાર્થોનો
**वर्जनम्**–ત્યાગ
**आचरेत्**–કરવો

અર્થ—પ્રભુને નિવેદન કર્યા સિવાય સર્વ દોષની નિવૃત્તિ, કર્મ જ્ઞાન કે **પ્રાયશ્ચિત** વિગેરે કોઈપણ **પ્રકારથી** થતી નથી,

તેટલા માટે ન સમર્પેલી વસ્તુઓનો ઉપયોગ કરવો નહિ.

**વિવેચન** : ભગવાનને આત્મનિવેદન કરવાથી જેવી રીતે સર્વ દોષની નિવૃત્તિ થાય છે. તેવી રીતે બીજા કોઈ પ્રકારથી થતી નથી.

**કર્મથી પાપ નિવૃત્તિ**-ભાગવત ચોથા સ્કંધમાં " કર્મણા કર્મનિર્હારો નાત્યન્તિક ઈષ્યતે " પાપ નિવૃત્તિ કર્મથી થનાર નથી." એમ કહ્યું છે.

**પ્રાયશ્ચિતથી**—સમૂહદોષની નિવૃત્તિ થતી નથી. ષષ્ઠ સ્કંધમાં કહે છે કે હે પરીક્ષિત ! પ્રાયશ્ચિત તો અવિદ્વાનને સારૂ એક કારણ છે. પ્રાયશ્ચિત કર્મથી સમૂલ દોષની નિવૃત્તિ થતી નથી.

**જ્ઞાનથી**—સર્વ દોષોની નિવૃત્તિ થાય છે. એવું ગીતાજી વિગેરેમાં કહ્યું છે, પરંતુ જ્ઞાન થવામાં પ્રથમ યમ, નિયમ, દમ એટલે ઇંદ્રિયનિગ્રહ, તપ, બ્રહ્મચર્ય, શમ, તિતિક્ષા વગેરે સર્વ નિયમો પાળે અને વેદ વેદાન્તનું પૂર્ણજ્ઞાન સંપાદન કરે ત્યારે જ્ઞાન સંપાદન થાય, ત્યારબાદ આ કલિકાલમાં તીવ્ર વૈરાગ્ય વિના જ્ઞાન ઉત્પન્ન થવું મુશ્કેલ હોવાથી જ્ઞાનથી દોષનિવૃત્તિ અશકય છે. માટે જ ભાગવતમાં કહે છે કે "જ્ઞાનમાર્ગથી કંટાળી સર્વથી શ્રેષ્ઠ ભકિતમાર્ગમાં પ્રવેશ કરે છે.

**ભકિતથી**—સૂર્યના ઉદયથી ઝાકળ નાશ પામે છે તેમ ભક્તિના ઉદયથી સર્વ દોષની નિવૃત્તિ થાય છે."

## શુધ્ધિ એટલે શું.

**શુદ્ધિ** ત્રણ પ્રકારની છે. આધિભૌતિક, આધ્યાત્મિક, આધિદૈવિક, નિવેદનમંત્ર ગ્રહણ કરવાથી બ્રહ્મસંબંધ થાય છે, આ બ્રહ્મસંબંધથી સ્વપદાર્થની **આધિદૈવિક શુધ્ધિ** થાય છે.

૧. સ્મૃતિ—પુરાણ—ધર્મશાસ્ત્રોમાં કહેલી શુધ્ધિ આચાર વિચાર યથાશાસ્ત્ર આચરવાથી ભૌતિક શુદ્ધિ થાય છે. તે અવશ્ય

આચરવા. જેમ પાત્રોને તપાવવા, સેવામાં કોઇ અશુધ્ધ સ્પર્શ થાય તો સ્નાન કરી ફરી સેવામાં જવું, પિંડર–વૃધ્ધિ સૂતકમાં ભગવાનનો સ્પર્શ ન કરવો. વિગેરે આ સમ્પ્રદાયમાં યથાર્થ પાલન થાય છે. આ શુધ્ધિ ભૌતિક છે. તે નિવેદન કર્યા છતાં પ્રતિદિન કરવી જ જોઇએ.

૨. શઙ્ખોદક તુલસીપત્ર શરણમંત્ર વિગેરે ઉચ્ચારપૂર્વક જે શુદ્ધિ થાય છે. તે સમ્પ્રદાયમાં પ્રસિદ્ધ છે. અને સંધ્યોપાસનાદિ સર્વનિત્યકર્મ કરવા જોઇએ. " उद्धवागात् कृत ह्न नेकः " ઉધ્ધવજી જેવા ભકતો પણ સંધ્યાદિ આહ્નિક કરતાં હતા. આ સર્વ આધ્યાત્મિક શુધ્ધિ છે

૩ નિવેદનમંત્રદ્વારા દેહ, આત્મા, ઇન્દ્રિય અને સમર્પિત સર્વ પદાર્થમાત્રની આધિદૈવિક શુધ્ધિ થાય છે. આ શુધ્ધિ આ સિદ્ધાંત રહસ્યમાં કરેલી છે આજ શુદ્ધિ કરવાથી સર્વ ભગવદીય શુધ્ધ થાય છે. ( શ્રીલ્લાલુભટ્ટ )

પ્રભુને દેહ–પ્રાણ–જીવ–ધન–દ્રવ્ય વિગેરે સર્વ પદાર્થો અર્પણ કરી, દોષ વગરના કરવા, અને આ સર્વ ભગવાનના છે. એવી બુધ્ધિ રાખવી, પ્રભુમાં ચિત્ત રાખી સેવામાં જોડાવું. તેથી જ નિર્દોષ થાય છે. બ્રહ્મસંબંધ થયા પછી પણ એક એવો નિયમ રાખવો કે પ્રભુને અર્પણ કર્યા સિવાયની કોઇ પણ વસ્તુ ઉપયોગમાં લેવી નહિ, કે જેથી આ કલિકાલમાં દેશ અને કાળના કોઇ દોષ લાગુ થાય નહિ. માટે સર્વ વસ્તુઓ અર્પણ કરવી યોગ્ય છે.

પ્રભુને અર્પણ કર્યા પછી તેમાંથી પોતે અન્નાદિકનો ઉપયોગ કરે, પહેલાં ઉપયોગ ન કરવો એમ હવે કહે છે.

निवेदिभि : समर्प्यैव सर्वं कुर्यादिति स्थितिः ॥
न मतं देवदेवस्य सामिभुक्तं समर्पणम् ॥ ५ ॥

## સાન્વયપદાર્થ:

**નિવેદિભિઃ**–પ્રભુને નિવેદન કરેલ ભકતોએ, (નિવેદિત પદાર્થોથી)
**સમર્પ્ય-एव** સમર્પણ કરીનેજ
**સર્વં**-બધું (લૌકિક તથા વૈદિક કાર્ય)
**કુર્યાત્ इति**-કરવું, એ પ્રમાણે
**સ્થિતિઃ**-(ભકિતમાર્ગની)મર્યાદા છે
**દેવદેવસ્ય**-દેવોના પણ દેવ શ્રીપ્રભુને
**સામિભુક્તસમર્પણમ્**-અર્ધ ભોગવેલી વસ્તુનું સમર્પણ
**ન, મતં** સંમત નથી.

અર્થ— જેણે પ્રભુને નિવેદન કર્યું છે, તેણે તો પ્રભુને સર્સ અર્પણ કરીને જ સર્વ કાર્ય કરવાં એવી ભકિતમાર્ગની મર્યાદા છે. દેવના પણ દેવ શ્રી કૃષ્ણ પ્રભુને અર્ધ ભોગવેલી વસ્તુ અર્પણ કરવી એ યોગ્ય નથી.

**વિવેચન**—ભકિતમાર્ગીય ગુરુદ્વારા જેણે ભગવાનને ધન. ગૃહ, સ્ત્રી, પ્રાણ, પુત્ર, વિત્ત વિગેરે સર્વ અર્પણ કર્યું છે. અને સ્ત્રી, પુત્ર વિગેરે સ્વકુટુંબને સેવામાં યોજેલા છે, તેણે તો સર્વ ભગવાનને અર્પણ કરી સર્વં કાર્યો કરવાં અર્થાત્ દરરોજ ખાવાના અન્ન વગેરે પ્રભુને અર્પણ કરીને જ ઉપયોગ કરવો, વસ્ત્ર—અલંકાર સર્વ પ્રભુને અર્પણ કરવાં એવો ભકિતમાર્ગનો ખાસ નિયમ છે. શ્રાધ્ધ હોય ત્યારે પિતૃઓને પણ પ્રસાદી અન્નથી તૃપ્ત કરવા. યજ્ઞ કરવો કુાંય તો પ્રભુને અર્પણ કરીને જ હુતદ્રવ્ય ઘી વિગેરે વાપરવું. લગ્ન વિગેરે પ્રસ્તુતમાં બ્રહ્મણભોજન પણ ભગવાન્ને પણ ભગવાન્ને અર્પણ કરીને વાપરવું- પ્રભુને વિનંતી કરી લગ્ન કાર્ય આરંભવૂં એવા ખાસ નિયમ રાખવા જોઇએ.

**અર્ધ ભોગવેલી વસ્તુ ભગવાનને અર્પણ કરવી નહિ**—પ્રભુને અર્પણ કરવા આણેલી વસ્તુમાંથી બાલક કે સ્ત્રી વિગેરેએ અજ્ઞાનથી ઉપયોગ કર્યો હોય. તો તે અર્પણ કરવી **નહિ.** અથવા એક વસ્તુ આણી અને અર્ધ ભાગ પોતે ઉપયોગમાં

લીધો હોય તો પછી ચર્પણ કરવી નહિ, તેની ખાસ મના કરે છે. ભગવાનને સારૂ ચીજ લાવતી વખતે તે સારી છે કે ખોટી તેની પરીક્ષા કરવા સારૂ સુંઘવી કે જુદી જ ચાખવી તે અર્ધી ભોગવેલી ન કહેવાય. પરંતુ તેને લાવ્યા પછી તેનો કોઈ ભાગ ઉપયોગ કરવાની ઇચ્છા થાય, કે ઉપયોગ થાય તે અર્ધી ભોગવેલી કહેવાય માટે આણેલી વસ્તુઓ ઉપર પ્રસાદી થયા વગર કોઇ-પણ પ્રકારની લાલસા કરવી નહિ અને ભૂલેચુકે લાલસા થઈ જાય તો પ્રભુની ક્ષમાં માંગવી કે મારાથી જે અપરાધ થયો છે તે પુનઃ હવે નહિ કરૂં, શ્રી ચરણનું ધ્યાન ધરવું. પછી મનનો નિગ્રહ કરી અન્ન અને વસ્ત્ર-અલંકાર, ફળ ફૂલ, મેવો વિગેરે જે કાંઈ હોય તે પોતે લાલસા કર્યા સિવાય પ્રભુને અર્પણ કરી ઉપયોગમાં લેવું. એમ કરવાથી કલિના દોષો નહિ લાગે.

દાન અને અર્પણ તફાવત:-

**तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम् ॥**
**दत्तापहारवचनं तथा च सकलं हरेः ॥ ६ ॥**
**न ग्राह्यमिति वाक्यं हि भिन्नमार्गपरं मतम् ॥**

સાન્વયપદાર્થ

**तस्मात्** તે કારણથી
**सर्वकार्ये**-લૌકિક અને વૈદિક સર્વ કાર્યમાં
**आदौ**-પ્રથમ જ
**सर्ववस्तुसमर्पणम्**-(પોતાને આવશ્યક એવી બધી વસ્તુનું સમર્પણ કરવું
**तथा च**- તેમજ
**हरेः**-શ્રી હરિનું
**सकलं**-બધું
**दत्तापहारवचनं**-શ્રીને દાન કરેલી વસ્તુ ફરી ઉપયોગમાં લેવી નહિ, એવું નિષેધ વચન
**हि**-નિશ્ચયપૂર્વક
**ग्राह्यम्**-**न**-દાન કરેલું પાછું લેવું નહિ
**इति वाक्यं** એ પ્રકારનું, વચન
**भिन्नमार्गपरम्** ભકિતમાર્ગથી જુદા પૂજામાર્ગનું
**मतम्**-માનેલું છે.

**सेवकानां यथा लोके व्यवहारः प्रसिद्धयति ७**
**तथा कार्यं समर्प्यैव सर्वेषां ब्रह्मता ततः**

**सेवकानाम्** સેવકોના
**लोके**-લોકમાં
**यथा**-જે પ્રકારે
**व्यवहारः**-વ્યવહાર
**प्रसिद्धयति**-પ્રસિધ્ધ છે.
**तथा**- તે પ્રકારે
**समर्प्य, एव** પ્રભુને સમર્પીને જ
**कार्यं**-બધુ કાર્ય કરવા યોગ્ય છે.
**ततः**-તે સમર્પણ કરવાથી
**सर्वेषां** સર્વે અર્પણ કરેલી વસ્તુને
**ब्रह्मता**-બ્રહ્મપણું એટલે નિર્દોષા પણું પ્રાપ્ત થાય છે.

**અર્થ**—માટે હંમેશાં વૈદિક કે લૌકિક સર્વ કાર્યના આરંભમાં પ્રભુને સર્વ વસ્તુનું અર્પણ કરવું.

વળી શ્રીમદ્ ભાગવતમાં કહે છે કે "આપેલું દાન, અને પ્રભુને અર્પેલું કંઈ પણ ગ્રહણ કરવું નહિ" આ વચન અન્ય પૂજામાર્ગને લાગુ પડે છે. ભકિતમાર્ગના સમર્પણનો પ્રકાર જુદો જ રીતનો છે-

સેવકોનો જેવી રીતે વ્યવહાર ચાલતો હોય-અર્થાત્ જે વ્યવહાર પ્રસિદ્ધ હોય તે પ્રમાણે સમર્પીને જ કાર્ય કરવું. તેથી જ સર્વ વસ્તુ નિર્દોષ અને બ્રહ્મરૂપ બને છે.

**વિવેચન**—સર્વ વસ્તુ ભગવાનને અર્પણ કરવી, એવો ખાસ નિયમ છે, પરંતુ એ શંકા થાય છે કે, ભગવાને કહ્યું છે કે 'મને અર્પણ કરેલો એક દીવો હોય અને તેનો પ્રકાશ પણ ઉપયોગમાં ન લેવો" એવું ભાગવતમાં કહ્યું છે તો ભગવાનને સમર્પણ કરેલી વસ્તુઓનો ઉપયોગ કેવી રીતે થાય? તે શંકાનું સમાધાન કરે છે.

**દાન અને અર્પણ બન્ને ભિન્ન** છે—સમર્પણ અને દાન, એમાં બહુ જ તફાવત છે. જે વસ્તુ જેની હોય તે તેને સોંપવી કે અર્પણ કરવી, એ **સમર્પણ**, અને પોતાનો હક્ક વસ્તુ ઉપરથી ઊઠાવી સામાપાત્રનો હક્ક સંકલ્પપૂર્વક બેસાડવો એ **દાન** કહેવાય છે. દાન કરેલી વસ્તુ ઉપયોગમાં લેવી એ શાસ્ત્રથી વિરુદ્ધ છે. પૂજામાગમાં સમર્પણનો ખ્યાલ પણ નથી, અને તેમાં દાનનો પ્રચાર છે, પૂજામાં પાત્રને દાન આપે છે તે કોઈ બ્રાહ્મણ કે દાન લેવા અધિકારી મનુષ્યજ હોય છે. આપણા ભક્તિમાર્ગમાં તો અર્પણ કરવાનું સાક્ષાત પ્રભુને જ છે. અને તે સર્વ ભગવાનની બનાવેલી વસ્તુઓ જ ભગવાનને અર્પણ કરવાની છે. અને ભગવાનના પ્રસાદથી જ ભક્ત નિર્વાહ કરી પોતે પવિત્ર બને છે. એ ભક્તનું ભૂષણ છે. પ્રભુ પોતે પણ કહે છે કે મને પત્ર, પુષ્પ, ફળ વિગેરે જો ભક્તિથી અર્પણ કરે છે તો હું સર્વ અંગીકાર કરું છું. **उच्छिष्टभोजिनो दासास्तव मायां जयेमहि** ॥ અને ભક્તો કહે છે કે હે ભગવન્ ! તમારી પ્રસાદી વસ્તુઓનો ઉપયોગ કરી અમે તમારી માયાને પણ તરી જઈએ છીએ, આ પ્રમાણે ભક્તિમાર્ગમાં સમર્પણથી સર્વ વસ્તુ પવિત્ર પ્રભુ રૂપ થાય છે, અર્પણ કરીને જ વાપરવાનો પ્રચાર છે. અને પાછું ન લેવું એવું જે વચન છે તે પૂજામાર્ગના દાનના વિષયને લાગુ પડે છે. ભક્તિમાર્ગમાં તેનો લેશ પણ નથી.

બ્રહ્મસંબંધ વખતે સર્વ પ્રભુને અર્પણ કરવાથી તે દેવદ્રવ્ય થઈ જતું નથી. તે પૂજામાર્ગીય છે.

પ્રભુના સુખને માટે સેવાના ઉપયોગમાં રાખેલી વસ્તુ જીવોએ વાપરવી નહિ

આ પ્રમાણે સમર્પિત કરવાથી બ્રહ્મતા થાય છે. દોષરહિત-પણું થાય છે. ભગવદીય થાય છે. અને કલિ વિગેરેનો કોઈ પણ પ્રકારનો દોષ લાગતો નથી. તેથી સેવામાં અધિકાર થાય.

સેવા પણ પ્રભુ પ્રેમથી સ્વીકારે છે. આ વાત સમજવવા ઉપસહારમાં દૃષ્ટાન્ત આપે છે.

**गंगात्वं सर्वदोषाणां गुणदोषादिवर्णना ॥ ८ ॥**
**गंगात्वेन निरूप्या स्यात्तद्वत्त्रापि चैव हि ॥८३॥**

**સાન્વયપદાર્થ:**

| | |
|---|---|
| **सर्वदोषाणां**–(જેમ શ્રીગંગાજીમાં મળેલા અપવિત્ર જલ સંબંધી બધા દોષોને | **गंगात्वेन**–શ્રી ગંગાજીરૂપે |
| **हि**–નિશ્ચયે કરીને | **एव**–જ |
| **गंगात्वं**–શ્રી ગંગાજીપણું પ્રાપ્ત થાય છે, | **निरूप्या**–નિરૂપણ કરવા લાયક |
| **च**–અને | **स्यात्**–થાય છે |
| **गुणदोषादिवर्णना**–ગુણ અને દોષ વગેરેનું વર્ણન થતું હતું (તે પણ ગંગાજીમાં મળી ગયા પછીથી) | **तद्वत्**–તેવી જ રીતે |
| | **अत्र**–અહીં |
| | **अपि**–પણ (સર્વ નિવેદન કરેલા પદાર્થોની બ્રહ્મતા એટલે નિર્દોષપણું પ્રાપ્ત થાય છે.) |

અર્થ—ગંગાજીમાં મળેલા દોષિત જગ કે સારા જળના દોષ કે ગુણ ગંગામાં મળ્યા પછી જુદા ગણાતા નથી. પરંતુ ગંગાજલ રૂપે જ કહેવાય છે તેમ. અહિયાં પણ બ્રહ્મસમ્બન્ધ પછી સમર્પણ કરેલા પદાર્થ માત્ર બ્રહ્મરૂપ થાય છે,

વિવેચન—ગંગાજીમાં પરનાળનું જળ જાય છે. અને સારૂ જળ પણ જાય છે, પરંતુ જ્યાં સુધી પરનાળનું જળ જુદું હોય છે. ત્યાં સુધી અપવિત્ર વિગેરે રહે છે. પરંતુ ગંગાજીમાં મળી ગયા પછી જેમ ગંગાજીરૂપ થતાં પવિત્ર થાય છે, અને બિલકુલ આ પરનાળનું જળ અને ગંગાજળ જુદું પડતું નથી. પણ પવિત્ર જલ ગણાય છે. તેવી રીતે અહિયાં પણ જ્યાંસુધી ભકિતમાર્ગીય આચાર્યદ્વારા નિવેદન થયું ન હોય ત્યાં સુધી જ

તેને પહેલા ગણાવેલા પાંચ દોષો બાધ કરી શકે છે, પરંતુ આત્મા અને દેહ વિગેરે પરમાત્માને અર્પણ કરી, સર્વ વસ્તુઓ પ્રભુમાં ઉપયોગ કરવાથી પવિત્ર બ્રહ્મરૂપ બને છે, તેને સેવામાં દોષ કંઇ પણ બાધ કરી શકતા નથી. માટે આચાર્ય પાસે ગદ્યમંત્ર ગ્રહણ કરી સેવાનો અધિકાર મેળવી, આત્મનિવેદનને હંમેશાં સ્મરણમાં રાખી, દીનતાપૂર્વક સેવા કરવી જેથી બ્રહ્મભાવ અને પરમાનન્દ ફળ સહેલાઈથી મેળવી શકાશે. ૮$\frac{૧}{૨}$

જેને દેવમાં જેવી શ્રદ્ધા, તેવી જ ગુરુમાં હશે; તેને આ કહેલા સિદ્ધાન્તો અમૃતરૂપ લાગે છે. એમ વેદ કહે છે.

*

## સિદ્ધાન્ત રહસ્યનું સ્વારસ્ય

૧. દેહ અને જીવના સર્વદોષો દૂર કરી ભગવાનની સેવાને લાયક બનાવવા માટે બ્રહ્મસંબંધ દીક્ષાની આવશ્યકતા છે. તે દીક્ષિત જીવનીજ સેવા પ્રભુ સ્વીકારે છે.

૨. બ્રહ્મસંબંધ દીક્ષાથી અહંતા મમતા દૂર થાય છે.

૩. આ દીક્ષા ગુરુ પરમ્પરાથી ચાલી આવેલા શ્રી મહાપ્રભુજીના વંશજ ગોસ્વામી આચાર્ય પાસે જ લઈ શકાય, સમ્પ્રદાયની રીત વિના લીધેલા મંત્ર ફળે નહિ. એમ શાસ્ત્રની આજ્ઞા છે.

આ ઉપર ઉપદેશમીમાંસા, ઉપદેશશંકાનિરાસવાદ અને બ્રહ્મસંબંધની ગદ્ય ટીકાઓ વાંચવા અમારી વિનંતિ છે.

૪. દાન અને સમર્પણ બે જુદાં છે.

૫. આપણા સમ્પ્રદાયના મંદિરોમાં ગૃહસેવા છે. તેમાં અને પોતાના ઘરમાં ગુરુદેવે સેવ્ય કરેલા શ્રી ઠાકુરજી પધરાવી શકાય. એમ પરંપરા છે–શ્રી હરિરાયજીએ ગ્રન્થમાં લખ્યું છે. તેમાં જે અર્પણ થાય તે ગુરુ આજ્ઞા પ્રમાણે જ થાય. આપણા ઘરમાં સેવા ન થાય તો ગુરુને ઘેર પધરાવવી.

૬. શ્રી મહાપ્રભુજી દ્વારા જીવોનો અંગીકાર પ્રભુ કરે છે. અને તેજ મુખ્યગુરૂ છે. અને શ્રીમદાચાર્યવંશ ગુરૂદ્વાર છે. માટે દીક્ષા શ્રીમદાચાર્યવંશ પાસેજ લેવી.

૭. સમ્પ્રદાયમાં આચાર્યવંશજો જે નિધિસ્વરૂપ પ્રભુની સેવા કરે છે. તે વંશપરંપરા પ્રાપ્ત સ્વરૂપો પોતાના જ શ્રી ઠાકુરજી છે. તેમાં ગુરૂની આજ્ઞાથી ગુરૂદ્વારાજ ગુરૂના શ્રી ઠાકુરજીને ભેટ મનોરથ વિગેરે કરી શકાય. તેથી એ મહાપ્રભુજીની કાનીથી જ પ્રભુ અંગીકાર કરે છે. એ ભાવના રાખી ગુરૂદ્વારા અર્પણ કરવું.

૮. બ્રહ્મસંબંધ મંત્ર સાક્ષાત્ શ્રીગોપીજનવલ્લભે શ્રી મહાપ્રભુજીને કહ્યો છે. તે મંત્ર શ્રી દામોદરદાસને પ્રથમ પ્રાપ્ત થયો.

૯. પ્રસાદી વસ્તુથી સર્વવ્યવહાર કરવો, એવો નિયમ હોવાથી પવિત્ર અન્ન–જળ–વસ્ત્ર મળે અને અપવિત્ર ઉચ્છિષ્ટ તામસ આહાર તજવાની ફરજ પડે છે.

૧૦. ગદ્યમંત્રમાં પંચાક્ષરનો નિત્ય જપ કરવો. ગદ્યમંત્રનું નિવેદન હંમેશાં સ્મરણ કરવાથી અભિમાન કે મમત્વ જેવા મહાન દોષ દૂર થઈ દીનતા આવે છે.

૧૧. આચારવિચારનું પાલન કરવું. તેનાથી ચિત્તશુદ્ધિ થાય, અને आचाराद् वर्धते आयु આયુષ્ય વધે છે.

૧૨. આટલું તો યાદ રાખજો કે પ્રભુએ જે જીવનો ગુરૂએ આપેલા બ્રહ્મસંબંધ દ્વારા અંગીકાર કર્યો. તે જીવનો ત્યાગ પ્રભુ કદાપિ પણ કરતા નથી. પ. ભ. રામદાસનો અપરાધ થયા છતાં પ્રભુએ તેમને ન તજ્યા.

॥ इतिश्रीमद्वल्लभाचार्यविरचितं सिद्धान्तरहस्यं संपूर्णम् ॥

---

આ પુસ્તકનું પ્રકાશન દ્રવ્ય સહાયથી થયું છે, આમાં મંગલાચરણ, પ્રાતઃસ્મરણ, શ્રીસર્વોત્તમ સ્તોત્ર, શ્રીયમુનાષ્ટક, બાલબોધ, સિધ્ધાન્ત મુક્તાવલિ, સિધ્ધાન્ત રહસ્ય, શ્રીકૃષ્ણાશ્રય, ચતુઃશ્લોકી પ્રકાશિત થયા. બીજા ગ્રંથો માટે આગળ બીજા પ્રકાશનો મેળવો.

श्रीकृष्णाय नमः

શ્રીકૃષ્ણાશ્રય સ્તોત્ર શ્રીભગવાનની સન્મુખ દર્શન કરતી વખતે અથવા દર્શનની ભાવના વખતે બોલવાનું છે.

અથ શ્રીકૃષ્ણાશ્રયસ્તોત્રમ્

सर्वमार्गेषु नष्टेषु कलौ च खलधर्मिणि,
पाषंडप्रचुरे लोके कृष्ण एव गतिर्मम ॥१॥

सर्व मार्गो बन्ध थया !

૧. અન્વયાર્થ–सर्वमार्गेषु (સર્વ માર્ગો) नष्टेषु નષ્ટ થવાથી च–(અને) खलधर्मिणि (ખલ શઠ ધર્મને) પ્રકટ કરનાર (कलौ) કળિયુગ लोके पाखंडप्रचुरे सति (લોકો) પાખંડી થયા છે. એવે સમયે कृष्ण एव (શ્રીકૃષ્ણ એજ) मम (મારી) गतिः (શરણ છે.)

સર્વ માર્ગો કર્મ, જ્ઞાન, ભકિત વગેરે નષ્ટ થયા છે. કારણ કે ખલ ધર્મવાળો ઘોર કલિકાળ વ્યાપી રહ્યો છે. લોકો પાખંડમાં ભળ્યા છે તે વખતે આપ શ્રીકૃષ્ણ એજ મારી ગતિ હો. મારૂં શરણ હો.

म्लेच्छाक्रांतेषु देशेषु पापैकनिलयेषु च,
सत्पीडाव्यग्रलोकेषु कृष्ण एव गतिर्मम. ।२॥

૨. અન્વયાર્થ देशेषु (દેશો) म्लेच्छाक्रान्तेषु મ્લેચ્છોથી ભરેલા છે. च (અને) पापैकनिलयेषु તે દેશ પાપના ધામરૂપ બની ગયાં છે. सत्पीडाव्यग्रलोकेषु સજ્જનને દુષ્ટ લોકો પીડે છે. આવા કઠીન દેશ–કાલમાં कृष्ण एव (શ્રીકૃષ્ણજ) मम (મારી) गतिः (શરણ હો.)

સુદેશ પણ અપવિત્ર થઇ ગયા ?

જે દેશોમાં યજ્ઞાદિ સત્કર્મ કરવાને આજ્ઞા કરી છે તેવા દેશો પ્રાયઃ સર્વ દેશો મ્લેચ્છોથી આક્રમિત થયા છે. પાપનાં

ધામ બની ગયા છે. સજ્જનોને પીડા થાય છે. તે જોઈ લોકોમાં ગભરાટ વધી પડયો છે. આવી કફોડી સ્થિતિમાં હું કયાં જાઉં ? શ્રીકૃષ્ણ એજ મારી ગતિ હો, મારૂં શરણુ હો.

गंगादितीर्थवर्येषु दुष्टैरेवावृतेष्विह
तिरोहिताधिदैवेषु कृष्ण एव गतिर्मम ॥३॥

૩. અન્વયાર્થ– गंगादितीर्थवर्येषु ( ગંગાદિ મોટાં મોટા તીર્થરાજ પણ दुष्टै: ( દુષ્ટોથી ) इह ( આ ભારતમાં ) आवृतेषु ( વીંટાયળા છે. ) तिरोहिताधिदैवेषु ( આધિદૈવિક તીર્થ દેવતા તિરોધાન થઇ ગયા છે. આવા સમયે ) कृष्ण एव ( શ્રીકૃષ્ણ જ ) मम ( મારી ) गति ( શરણુ હો. ) ૩

## તીર્થસ્થળ પણ બગડયાં ?

ગંગા વિગેરે પવિત્ર તીર્થોમાં દુષ્ટો અનાચારી અપવિત્ર કર્મ કરનાર ભરાઈ બેઠા અને ગંગાદિમાંથી આધિદૈવિક મૂર્તિમંત્ર સ્વરૂપ ગુપ્ત થઈ ગયું તો તીર્થો દ્વારા અમારો ઉદ્ધાર થવો અશકય છે. માટે શ્રીકૃષ્ણ વિના મારી કોઈ અન્ય ગતિ નથી, માટે એજ પ્રભુ મારી ગતિ હો. શરણુ હો.

अहंकारविमूढेषु, सत्सु पापानुवर्तिषु
लाभपूजार्थयत्नेषु कृष्ण एव गतिर्मम. ॥४॥

૪. અન્વયાર્થ–सत्सु ( સજ્જનો–સત્પુરૂષો–સંતો ). अहंकार विमुढेषु ( અહંકારથી મૂઢ બુધ્ધિના થયો છે. એટલું જ નહિ પણ पापानुवर्तिषु ( પાપમાં રચીપચી રહયા છે ) लाभपूजार्थयत्नेषु ( લાભ થાય અને માનમળે, પૂજાય એવા પ્રયાસો કરે છે, એટલે कृष्ण एव શ્રી કૃષ્ણ એજ ) मम મારી गतिः ( શરણુ હો ) ૪.

## સત્પુરુષો પણ બગડયા ?

ખરેખર જે સત્પુરુષો સત્પુરૂષરૂપે રહેવા જોઈએ તે ગુરૂસન્તો પણહાલની ગતિ જોતાં અહંકારથી જડ બન્યા છે. પાપને પોષનારા

બન્યા છે. પોતાને લાભ થાય અને પોતાની પૂજા થાય તે માટે પ્રયાસો કરે, તેવા કહેવાતા સત્પુરુષો અમારો શું ઉધ્ધાર કરશે ? માટે શ્રી કૃષ્ણ એ જ મારી ગતિ હો, મારૂં શરણ હો.

अपरिज्ञाननष्टेषु मंत्रेष्वव्रतयोगिषु
तिरोहितार्थदेवेषु कृष्ण एव गतिर्मम ॥५॥

૫. અન્વયાર્થ- मंत्रेषु ( મંત્રો પણ ) अपरिज्ञाननष्टेषु ( સાંગ અર્થ સાથે ભણવા જોઈએ તે અર્થ જ્ઞાન નષ્ટ થયું છે. ) अव्रतयोगिषु ( બ્રહ્મચર્યાદિ નિયમ મુજબ ભણતા નથી. ( तिरोहितार्थदेवेषु ) ( અર્થ અને દેવ તિરોહિત થયાં છે. એવા સમયે ) कृष्णएव ( શ્રી કૃષ્ણ જ ) मम મારી गतिः (શરણહો).

## મંત્રો પણ કામ કરતા નથી ?

બ્રહ્મચર્યાદિ નિયમસર વેદાધ્યયન કરવું જોઈએ. અર્થજ્ઞાન મેળવવું જોઈએ તે રીતે હાલ કોણ મંત્રો ભણે છે. ? પ્રણાલિ પૂર્વક નહિ ભણવાથી મંત્રનું જ્ઞાન, મંત્રના દેવતા, મંત્રના અર્થ જતા રહ્યા છે તો મંત્રો પણ શી રીતે તારશે ? માટે શ્રી કૃષ્ણ એજ મારી ગતિ હો, મારૂં શરણ હો.

नानावादविनष्टेषु सर्वकर्मव्रतादिषु
पाषंडकप्रयत्नेषु कृष्ण एव गतिर्मम ।६॥

અન્વયાર્થ- सर्वकर्म व्रतादिषु ( સર્વકર્મ અને ઉપવાસાદિવ્રતો ) नानावादविनष्टेषु ( અનેક પ્રકારના વાદોથી નાશ પામ્યા છે. ) पाषण्डैकप्रयत्नेषु ( કર્મ અને વ્રતોમાં પણ પાખંડ કરવાનો પ્રયાસ થાય છે કે આવા સમયે ) कृष्ण एव ( શ્રીકૃષ્ણ એજ ) मम ( મારૂં ) गतिः ( શરણ હો ).

## કર્મ અને વ્રત પણ લોપાયાં ?

અનેક વાદો કરી કર્મ અને વ્રત બગડયા, તેમાં પાખંડ ફેલાવવાને યત્ન કરવામાં આવ્યા. તો કર્મ અને વ્રતનું ખરૂં સ્વરૂપ શી રીતે

સમજીએ ? માટે શ્રી કૃષ્ણ મારી ગતિ હો. મારું શરણ હો.

**अजामिलादिदोषाणां नाशकोनुभवे स्थितः**
**ज्ञापिताखिलमाहात्म्यः कृष्ण एव गतिर्मम ।७।।**

૭. અન્વયાર્થ:-**अजामिलादिदोषाणाम्** ( અજામિલ જેવા પાપીનો દોષોને ) **नाशकः** ( તમે પ્રભુ નાશ કરો છો ) **अनुभवे** ( એવા અનુભવમાં ) **स्थितः** ( આપ શ્રીકૃષ્ણ પ્રભુ આવેલા છો ) **ज्ञापिताखिलमाहात्म्यः** ( એવા પાપીના પાપ દૂર કરીને આપે આપનું માહાત્મ્ય પ્રખ્યાત કર્યું છે એવા ) **कृष्ण एव** ( શ્રીકૃષ્ણજ ) **मम** મારું **गतिः** શરણ હો.

### હે પ્રભુ ! આપ કેવા છો ?

આપે અજામિલ જેવા મહા પાપીના દોષોને દૂર કરી તાર્યો છે. એમ અમે જાણ્યું છે. આપનું સમગ્ર માહાત્મ્ય અનુભવ્યું છે. પતિતપાવનપણું મેં જાણ્યું છે, તો હું આપ સિવાય બીજે ક્યાં જાઉં ? આપ શ્રીકૃષ્ણ એજ મારી ગતિ હો, મારું શરણ હો.

**प्राकृताः सकला देवा गणितानंदकं बृहत्,**
**पूर्णानन्दो हरिस्तस्मात्कृष्ण एव गतिर्मम ॥८॥**

અન્વયાર્થ :- **सकलाः** ( સર્વે ) **देवः** ( દેવો ) **प्राकृताः** ત્રિગુણાત્મક પ્રકૃતિથી થયેલા છે.) **बृहत्** (અક્ષરબ્રહ્મ) **गणितानन्दकम्** ( આનન્દને ગણી શકાય એવું છે. ) **पूर्णानन्दो हरिः** (આપ સર્વ દુ:ખના હર્તા હરિ પૂર્ણ અગણિત આનંદવાળા છો. માટે ) **कृष्ण एव** ( શ્રીકૃષ્ણ એજ ) **मम** ( મારું ) **गतिः** ( શરણ હો. )

### આપ સર્વોત્કૃષ્ટ છો.

વેદમાં આનંદની ગણત્રી કરતી વખતે પૂર્ણાનંદ આપ છો એમ વેદે પુકાર કરેલો છે. અક્ષર બ્રહ્મ ગણિતાનંદ છે એટલે ગણી શકાય એવો અપૂર્ણ આનંદવાળું છે. અને તેમાંથી પ્રકટ થયેલા દેવો પ્રાપ્ત છે. માટે આપ પૂર્ણાનંદ શ્રીકૃષ્ણ એજ મારી ગતિ હો, મારું શરણ હો.

विवेकधैर्यभक्त्यादिरहितस्य विशेषतः
पापासक्तस्य दीनस्य कृष्ण एव गतिर्मम ॥९॥

૯. અન્વયાર્થ : **विशेषतः** (વિશેષે કરીને) **विवेकधैर्यभक्त्यादिरहितस्य** (વિવેક ધૈર્ય અને ભકિતરહિત એવા મારે) **विशेषतः** (વધારામાં) **पापासक्तस्य** (પાપકર્મમાં આસકત એવા મારે) **कृष्ण एव** (શ્રીકૃષ્ણ એજ) **मम** (મારૂં) **गतिः** (શરણ હો)

હું જીવ કેવો છું તે આપ જાણો છો.

મારામાં વિવેક નથી. ધૈર્ય નથી. ભકિત નથી. અને કોઈ જાતની યોગ્યતા નથી. ઉલ્ટો હું તો પાપમાં આસક્ત અને પાપમાં ફસાયલો છું. દીન છું. માટે મારા કર્મ સામું ન જોતાં આપ શ્રી કૃષ્ણ એજ મારી ગતિ હો, મારૂં શરણ હો.

सर्वसामर्थ्यसहितः सर्वत्रैवाखिलार्थकृत्
शरणस्थसमुद्धारं कृष्णं विज्ञापयाम्यहम् ॥१०॥

૧૦. અન્વયાર્થ : **सर्वसामर्थ्यसहितः** (આપ સર્વસામર્થ્યવાળા) **सर्वत्रैव** (અને સર્વ સ્થળે) **अखिलार्थकृत्** (સર્વ અર્થ યોગક્ષેમ અને સર્વ પુરુષાર્થ સિધ્ધ કરનારા છો.) **शरणस्थसमुद्धारम्** (શરણે આવેલાનો ઉદ્ધાર કરો છો. એવા) **कृष्णं** (પરબ્રહ્મ શ્રીકૃષ્ણને) **अहं** (હું) **विज्ञापयामि** (વિજ્ઞાપન કરૂં છું)

આ હું આપનેજ વિજ્ઞાપના કરૂં છું કારણ કે?

આપ સર્વ સામર્થ્યવાળા છો, કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુમ્ સમર્થ છો. પાપીને પણ તેના પાપોને દૂર કરી તારવા સમર્થ છો, આપની ઈચ્છાથી રાજાનો રંક અને રંકનો રાજા બને છે; આપમાં અનેક સામર્થ્ય રહેલા છે. મારા સર્વ પુરૂષાર્થને આપ સિદ્ધ કરનારા છો, શરણે આવેલાને આપે તાર્યા છે અને તેના સર્વ મનોરથો પૂર્ણ કર્યા છે, એવા પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીકૃષ્ણચંદ્ર આપને હું વિજ્ઞાપન કરૂં છું કે મારી ગતિ આપ હો. મારૂં શરણ આપ હો.

**कृष्णाश्रयमिदं स्तोत्रं य पठेत्कृष्णसन्निधौ,**
**तस्याश्रयो भवेत्कृष्ण इति श्रीवल्लभोऽब्रवीत् ॥११॥**

૧૧. અન્વયાર્થ : **इदं** (આ) **कृष्णाश्रयस्तोत्रम्** (શ્રી કૃષ્ણાશ્રયસ્તોત્રને) **य** (જે કોઇ) **कृष्णसन्नधौ** (શ્રીકૃષ્ણની સન્મુખ **पठेत्** (પાઠકરે : સ્પષ્ટ ઉચ્ચાર પૂર્વક બોલે) **तस्य** (તેને) **कृष्ण:** (શ્રીકૃષ્ણ) **आश्रय:** (શરણરૂપ) **भवेत्** (થાય છે.) **इति** (એ પ્રમાણે) **श्रीवल्लभो** શ્રી મહાપ્રભુજી **अब्रवीत्** (કહે છે.)

**-: આ પાઠનું ફલ. :-**

આ કૃષ્ણાશ્રય સ્તોત્રને જે કોઇ શ્રીકૃષ્ણચંદ્રની સન્મુખ ઉચ્ચારશે તેને શ્રીકૃષ્ણની શરણાગતિ (આશ્રય) સિદ્ધ થશે. આ પ્રમાણે શ્રી વલ્લભ કહે છે.

(શ્રીમન્મહાપ્રભુજી પોતાનું નામ આપી આજ્ઞા કરે છે કે જરૂર આ પાઠથી શ્રીકૃષ્ણનું શરણ સિદ્ધ થયા વિના રહેશે નહિ.)

આ પ્રમાણે અખંડભૂમંડલાચાર્ય જગદ્‌ગુરૂ શ્રી ૧૦૮ શ્રીમદ્‌ વલ્લભાચાર્યવિરચિત કૃષ્ણાશ્રય સંપૂર્ણ.

શ્રીકૃષ્ણાશ્રયનું રહસ્ય

આ શ્રીકૃષ્ણાશ્રય પાઠ ભગવાનની સન્મુખ દર્શન કરતી વખતે કરવાનો છે.

આ શ્રીકૃષ્ણાશ્રયથી શ્રીમદાચાર્યચરણ દેશકાળની કર્મ-અને મંત્રની તીર્થ-અને ગુરુજનો સન્તો વિગેરેના અધઃપાતની બગડેલી સ્થિતિ રજુ કરે છે. શ્રી મહાપ્રભુજીના સમયે વાતાવરણ કલુષિત હતું. મ્લેચ્છોનું સામ્રાજ્ય હતું. કાલિના પ્રભાવથી પાખંડ વધી ગયાં. મંત્રો પણ બ્રહ્મચર્ય કે વિધિપૂર્વક ભણવામાં આવતા નથી. તેથી તેનાં અર્થ અને દેવનું તિરોધાન થવાથી નિષ્ફળ થયા વનમાં અને યજ્ઞોમાં દાંભિકતા વધી પડી. પાપીઓ સજ્જનોને દુઃખ દેવા લાગ્યા. આવા સમયે તીર્થોમાં પણ દુષ્ટ પુરૂષોએ કબજો

કરી લીધો. અને તીર્થ ભ્રષ્ટ કર્યાં. તીર્થના આધિદૈવિક દેવ હોય છે. તે ફલ આપે છે. મોક્ષ આપે છે. પરંતુ આવા ઘોર કાલિમાં તે દેવો તિરોધાન થઇ ગયા. આવા ભયંકર વિપરીત કાળમાં જીવ મુઝાય છે. ત્રિવિધ તાપથી સંસારના કલેશથી આ જીવને કોઈપણ સ્થાને વિશ્રાન્તિ મળતી નથી. જ્યારે કાલિનો પ્રભાવ વ્યાપે ત્યારે સત્ય, નીતિ, ધર્મ, સર્વ લોપાય અંધાધુંધી અને એક બીજાનું લુંટી ખાવાની અને નાશ કરવાની ઈચ્છાઓ પ્રકટે, ભાઇ ભાઇનો સંબંધ નહિ, પિતા પુત્રનો સંબંધ, નહીં, ગુરૂસેવકસંબંધ અદાનપ્રદાન વ્યવહાર, તથા ધર્મ કર્મમાં સર્વમાં કુટિલતા આવી જાય છે. આવા સમયે સાત્વિક જીવો **"कृष्ण एव गतिर्मम"** એવું બોલી હૃદયને પ્રભુશરણે કરે છે. અને ત્યાંથી તેને સબળ આશ્રયનું હૃદયબળ મળે છે. જીવ મનોબળથી દુઃખો તરે છે. શરણે આવેલાનાં સર્વ અર્થ કૃષ્ણ સિદ્ધ કરે છે. માટે આ ઘોર કાલમાં મહામંત્ર અષ્ટાક્ષર મહામંત્ર.

**श्रीकृष्णः शरणं मम**નો આન્તરઅભ્યાસ પાડવો જોઈએ. જીવ હરે-ફરે-બોલે સર્વ કરે. પણ આન્તરની જપધુન અષ્ટાક્ષરની ચાલુ રહે, એવો અભ્યાસ હંમેશાં પાડો. શ્રી સર્વોત્તમસ્તોત્રના નિત્ય ૩૫ અથવા ૧૦૮ પાઠ કરનાર હાલમાં મે ભગવદીયોનાં દર્શન કર્યા છે. આજ ખરો યજ્ઞ છે. વાઙ્મય તપ અને શરણુ સિદ્ધિ છે. આવી રીતે ધારાપ્રવાહથી જપ અને પાઠ કરતી વખતે દીનતા અને શરણુ ભાવન કરવું હું વિવેક ધૈર્ય અને ભકિત રહિત છું. પાપી છું. દીન છું. મને આપ શરણે લો.

મનોબળ મેળવવાની આ જ ખરી ચાવી છે. ત્યારે સ્પષ્ટ કહો કે-આ સિવાય સહેલો અને મહાન અને મૂર્ધન્ય બીજો કોઈ ઉપાય પણ નથી. તમે રોજ કરી જુઓ. જરૂર શરણાગતિ સિદ્ધ થશે જીવનમાં પલ્ટો આવી જશે, એમ શ્રી વલ્લભ કહે છે.

**-: શ્રી કૃષ્ણાશ્રય ગ્રન્થ પૂર્ણ થયો :-**

श्रीकृष्णः

# ચતુઃશ્લોકી

પુરૂષાર્થ એટલે જીવનનું અંતિમ ધ્યેય નક્કી કરી તેની પછળ સફળ પ્રયત્નો. પ્રયત્ન સફળ થાય ત્યારે જ પુરુષાર્થ કહેવાય; માટે પ્રયત્નને પુરૂષાર્થ ન કહેવાય. આપણા ભારતીય ધર્મશાસ્ત્રોમાં તેના ચાર ભાગ પાડવામાં આવ્યા છે. ધર્મ, અર્થ, કામ, મોક્ષ, આનો મર્મ એ છે કે, ગૃહસ્થાશ્રમમાં રહેનાર દૈવી સમ્પત્તિવાળો જીવ, સ્વધર્માચરણ કરતો નીતિપૂર્વક અર્થ સમ્પાદન કરે તે પછી ધર્મ અવિરૂદ્ધ શાસ્ત્રોકત કામ ભોગવે, કામનાઓ પણ એવી હોય કે ઉન્નતિ માર્ગે ખેંચે, એવા ભાગ્યશાળી જીવને ગુરુદ્વારા જ્ઞાન થતાં મોક્ષ મેળવે અર્થાત્ આ લોકમાં સુખી થઈ પરલોક મેળવે.

આ ચાર પુરૂષાર્થોની વ્યાખ્યાઓ અનેક પ્રકારની થઈ છે પણ રૂપીઆમાં કોઇ આની બેઆની ચાર આની આઠ આનીને પકડી લે એવુ છે. પૂરો રૂપીયો પૂર્ણ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ જ છે. જેમ રૂપીઆમાં આની બેઆની સર્વ આવી જાય છે તેવી રીતે શ્રીકૃષ્ણમાં સર્વે ધર્મો, સર્વે કામનાઓ અને સર્વ અર્થ શ્રીપતિ ધર્મિના મળવાથી સિદ્ધ થાય છે. એમ અત્રે કહેવું છે. આજ રહસ્ય.

પ્ર. તમારો ધર્મ ? ઉ. શ્રીકૃષ્ણ, પ્ર. તમારો અર્થ ? ઉ. શ્રીકૃષ્ણ પ્ર. તમારો કામ ઉ. શ્રીકૃષ્ણ, પ્ર. તમારો મોક્ષ ઉ. શ્રીકૃષ્ણ.

આવું ધ્યેય નક્કી કરો, એટલે આ લોકના અને વેદોકત સર્વ મનોરથ સિદ્ધ થશે.

**सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः**
**स्वस्यायमेव धर्मो हि नान्यः क्वापि कदाचन ॥१॥**

**અન્વયાર્થ—सर्वदा** (હમેશાં) **सर्वभावेन** (સર્વાત્મભાવથી) **व्रजाधिप** (વ્રજેશપ્રભુ શ્રીગોપીજન વલ્લભ ) **भजनीयः** (સેવવા) **स्वस्य** જીવને પોતાનો) **अयमेव** (આજ) **धर्मः** ( ધર્મપુરૂષાર્થ છે ) **अन्यः** (બીજો) **क्वापि** ( કોઇ પણ દેશમાં ) **कदाचन** ( (કોઇ પણ કાળમાં, **न** (નથી).

ભાવાર્થઃ—સર્વદા સર્વ પતિ પુત્રાદિ ભાવનાથી અને સર્વાત્મભાવથી પ્રભુ શ્રીગોપીજન વલ્લભને સેવવા. જીવનો આ સિવાય કોઈપણ દેશમાં અને કોઈ કાલમાં બીજો ધર્મ—પુરૂષાર્થ નથી.

અર્થ—પુરુષાર્થ કોણ ? ભગવાન

एवं सदा स्मकर्तव्यं स्वयमेव करिष्यति
प्रभुः सर्वसमर्थो हि ततो निश्चिन्ततां व्रजेत् ॥२॥

अन्वयार्थः एवं ( ઉપર પ્રમાણે સેવાધર્મ આચરવાથી ) स्वकर्तव्यं ( જીવનું આલોક અને પરલોકનું કર્તવ્ય ) स्वयमेव ( પ્રભુ પોતે જ ) करिष्यति ( કરશે ) प्रभुः ( શ્રી કૃષ્ણ પ્રભુ ) सर्वसमर्थः ( સમ્યક અર્થ રૂપે છે અથવા સમર્થ છે કર્તુમ્—અકર્તુમ્ અન્યથાકર્તુમ્ સમર્થ છે. ) ततः ( તેથી ભકતો ) निश्चिन्ततां ( નિશ્ચિન્તતાને ) व्रजेत् ( પ્રાપ્ત થવું.

ભાવાર્થઃ-ઉપર પ્રમાણે સેવાધર્મ આચરવાથી શરણાગત ભકતનાં સર્વ આલોક અને પરલોક સંબંધી કાર્ય સિદ્ધ કરી ભકિતવૃધ્ધિ કરી આનન્દ પ્રાપ્ત કરાવી આપવાનું સેવા યોગ્ય સામગ્રી મેળવી આપવાનું સર્વ આર્થિક કાર્ય પ્રભુ પોતે જ કરી આપે છે. પ્રભુ પોતે જ ભકતના સમ્યક્ સારા અર્થ રૂપ બની જાય છે.

કામ પુરુષાર્થ કોણ ? ભગવાન

यदि श्रीगोकुलाधीशो धृतः सर्वात्मना हृदि
ततः किमपरं ब्रूहि लौकिकैर्वैदिकैरपि ॥३॥

અન્વયાર્થ—यदि ( જો ) सर्वात्मना ( સર્વત્ર આત્મભાવથી અથવા સર્વ પ્રકારે ) હૃદયમાં श्रीगोकुलाधीशः શ્રી ગોકુલનાથજીને धृत : ધારણ કર્યા ततः ( ત્યાર બાદ ) किम् (શું) अपरं (બીજું लौकिकैः લૌકિક મનોરથો કરવાનું वैदिकैः= વૈદિક મનોરથો કરવાનું अपि પણ ब्रूहि ( બોલ શું પ્રયોજન છે ? )

ભાવાર્થ—હે દૈવ જીવ તું તારા મનને સાક્ષી તરીકે પૂછ કે

ગોશ્રીકુલાધીશ પ્રભુ સર્વજગતના નાથ તારા હૃદયમાં બિરાજ્યા, હવે લૌકિક સુખો કે વૈદિક સ્વર્ગાદિ સુખોની કામના કરવાની શી આવશ્યકતા છે. તારા હૃદયમાં બિરાજેલા એ શ્રીગોકુલાધીશે ગોકુળના જનોના સર્વમનોરથ પૂર્ણ કર્યા. તેમ તારા પણ કરશે જ. તું કામના લૌકિક સુખોની વૈદિક સુખોની કરૂં છું તે બંને પૂર્ણ કરનાર પ્રભુ હૃદયમાં બિરાજ્યા છે. તેમને ધારણ કર્યા પછી સર્વ મનોરથ સિધ્ધ જ માન, તું હજારો કામના સંકલ્પ કરશે. પણ ધાર્યું તો ધણીનું જ થશે, એ જ પ્રભુ હૃદયમાં પધારે પ્રકટ થાય તો શું બાકી રહે? ૩.

**अत सर्वात्मना शश्वत् गोकुलेश्वरपादयोः**
**स्मरणं भजनं चापि न त्याज्यमिति मे मतिः ॥ ४ ॥**

અન્વયાર્થ—**अतः** ( આ પૂર્વે ત્રણ શ્લોકમાં કહેલા કારણોથી -ધર્મ અર્થ અને કામ રૂપ પ્રભુ હોવાથી ) **गोकुलेश्वरपादयोः** શ્રી ગોકુલાધીશના ચરણકમળનું **सर्वात्मना** (સર્વભાવે) **शश्वत्** ( સદા ) **स्मरणं** ( સ્મરણ ) **च** ( અને ) **भजनं** ( સ્નેહપૂર્વક ભકિત **न त्याज्यम्** ( તજવી નહિ ) **इति** ( એ પ્રકાર ) **मे** ( શ્રી વલ્લભની ) **मतिः** ( અભિપ્રાય છે. )

ભાવાર્થ—એ વાતનો નિર્વિવાદ છે કે-શ્રી ગોકુલાધિપતિ પ્રભુએ વાણીથી બોલાય નહિ. મનથી કલ્પાય નહિ એવો પરમાનંદ શ્રી વ્રજભકતોને આપ્યો. આ પરમાનન્દ એટલે ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ જ કહેવાય.

આ પરમાનન્દને સેવે તો પરમાનન્દ મળે. ખરી વાત છે કે 'ब्रह्मभाव तु भक्तानां गृह एव विशिष्यते" બ્રહ્મભાવ કરતાં ભકતનાં ગૃહો પણ પરમાનન્દ પ્રભુના સ્મરણ ભજનથી પરમાનન્દરૂપ બની જાય છે. આવો દૈવી આનન્દમય ગૃહપરિકરમાં પોતે રહીને આનંદી જીવન જીવવાનું શ્રી મહાપ્રભુજીએ શિખવ્યું છે.

પરમાનન્દના ચરણનું સ્મરણ એટલે શું ? સિદ્ધાન્તમાં " **अनुभव जन्यमेव स्मरणम्**" આ વાત **नवस्मृति** : લોકના સુબોધિનીમાં છે. આ સ્મરણ અનુભવ જન્ય છે. લીલાભાવનાથી ભાવભાવના જેવું ઉચ્ચ કક્ષાનું સ્મરણ–તેનાથી–નિરોધ અને ભાવભાવન થાય. એ મોક્ષ કરતાં અધિક આનંદ–પરમાનન્દ આપે. એટલે સ્મરણ અને ભજન ન તજવું.

**सा परानुरक्तिरीश्वरे**

પરબ્રહ્મમાં અનુરકિત, પ્રીતિ. સ્નેહરસ તેજ ભકિત કહેવાય માટે ભકિત પણ રસ છે. ભકિત સ્વતંત્ર પુરૂષાર્થરૂપ છે. ભકિત જ ફળ છે. સાધન પણ તેજ છે.

**–ઃ ચતુઃશ્લોકી ગ્રંથ સમાપ્ત ઃ–**

---

સંવત ૨૦૩૬ થી નીચે પ્રમાણે અભ્યાસક્રમ રહેશે.

ગુજરાતી તથા હિંદી વિભાગની પરીક્ષાઓ ( સ્થાપના સં. ૧૯૮૨ )

(૧) પ્રથમ–પરીક્ષા ( ૧૦૦ ગુણાંક, ૩ કલાકનો એક પ્રશ્નપત્ર )

(૧) પુષ્ટિમાર્ગોપદેશિકા ભાગ ૧ લેખક પ્રકાશક શાસ્ત્રીજી ચીમનલાલ આવૃત્તિ ૧૭મી (કિં. ૩–૦૦ ગુણ ૮૦ (૨) શ્રીકૃષ્ણાશ્રય, મૂળ કંઠસ્થ અને અર્થ વિવેચન (પુ. મા. ભાગ ૧ માં કૃષ્ણાશ્રય છે) ગુણ (૨૦)

(૨) દ્વિતીયા પરીક્ષા ( ૧૦૦ ગુણાંક; ૩ કલાકનો એક પ્રશ્નપત્ર )

(૧) શુધ્ધાદ્વૈત પાઠાવલિ ભાગ ૧ ( મહાસભા પ્રકાશિત ) આવૃત્તિ ચોથી કિં. ૧–૫૦) ગુણ ૭૦ (સિદ્ધાંત રહસ્ય, વિવેકધૈર્યાશ્રય, ચતુઃશ્લોકી ભકિતવર્ધિની, નવરત્ન આ પાંચ ગ્રંથોના શ્લોકાર્થ અને વિવેચન તેમજ મંગળાચરણ, સિધ્ધાંત રહસ્ય અને ચતુઃશ્લોકીના શ્લોક મુખપાઠ કરવા. (૨) નિત્ય સેવા વિધિ ( શુ. પાઠાવલી ભાગ ૧ માં છે ) ( ગુણ ૧૫ ) (૩) સપ્તનિધિ સ્વરૂપની પ્રાકટ્ય વાર્તા (સંપૂર્ણ) ત્રીજી આવૃત્તિ (મહાસભા પ્રકાશિત) કિં. ૨–૫૦ (ગુણ ૧૫ (ચિત્રજીસહિત.)

## પુરુષાર્થ વિચાર

જેની જેવી મતિ તેવી પુરુષાર્થની વ્યાખ્યાઓ કરી છે. પ્રાણિ માત્ર ચાહે છે કે—"મન દુઃખાભાવપૂર્વક સુખપ્રાપ્તિ થઓ." એટલે "દુઃખ ન થાઓ અને સુખ થાઓ." આ ઉદ્દેશથી જગતમાં સર્વ કાર્ય કરે છે. ( સર્વનિર્ણય કારિકા–૧૬ ) પરન્તુ જીવને ઉલટું જ થાય છે. દુઃખ થાય છે. અને સુખ મળતું નથી. એટલે ખરા સુખ માટે જીવ બિચારો વલખાં મારે છે.

ખરું સુખ શ્રીકૃષ્ણના ચરણસેવનથી મળે છે.

દુઃખનો અભાવ પણ તેમના ચરણસેવનથી જ થાય.

દક્ષને યજ્ઞરૂપી ધર્મસિદ્ધિ પ્રભુકૃપાથી, ધ્રુવને અર્થસિધ્ધિ પણ પ્રભુકૃપાથી પૃથુરાજા અને ઇંદ્રને કામસિદ્ધિ પણ પ્રભુકૃપાથી અને પ્રચેતસાઓને મોક્ષ પણ પ્રભુકૃપાથી જ થયો છે આવા સબળ પ્રમાણ છે. પુરૂષાર્થસિદ્ધિ માટે શ્રીકૃષ્ણના ચરણની સેવા કરો. દુઃખ જશે સુખ મળશે. ( ભાગવતાર્થ નિબંધ સ્કંધ–૪ કારિકા–૪ )

ધર્મ–ધર્મ કરતાં ધર્મી પ્રભુ સ્વયં બળવા ન છે માટે જ સર્વ ધર્મ ત્યજી શરણે આવવાનું ઉપદેશે છે.

અર્થ : દ્રવ્ય, લક્ષ્મી, સમ્પતિ એ પુરૂષાર્થ નથી. તેનાથી દુઃખાભાવ અને સુખપ્રાપ્તિ નહિ થાય. અર્થથી ઘણાં અનર્થો થાય છે. અનર્થથી મેળવેલો અર્થ પૈસો તો મકાન ભયને અશાંતિને પેદા કરે છે. અર્થને આય કરવામાં ( મેળવવામાં ) અને વ્યય ખર્ચ કરવામાં પણ કલેશ છે, સંરક્ષણમાં તો જીવને નિંદ્રા પણ ન આવે. માટે શ્રીને ન ભજતા, શ્રીપતિને ભજવા.

કામ રજોગુણથી ઉત્પન્ન થાય છે. તેનાં ભાઇનું નામ ક્રોધ છે. **काम एष क्रोध एष रजोगुणसमुद्भवः** ગીતા, રજોગુણમાંથી કામ અને ક્રોધ જન્મ્યા છે. કામ દુઃખ—રોગ—કરે છે. કામનો આનંદ ત્યજી કામવિના પુરૂષોત્તમની કામના (ઇચ્છા) કરો.

આ ત્રણે પુરૂષાર્થનું સુખ લેવા, દુઃખ હરણ કરવાં હોય તો "સેવો શ્રી કૃષ્ણ કૃપાળ".

સંસાર દુઃખરૂપ છે. તેને અંબરીશ માફક પરમાનંદ રૂપ બનાવવો એ જ ખરો પુરૂષાર્થ છે. માટે ગૃહમાં રહી ધર્મ, અર્થ, કામ ભગવન્મય બની જાય એ માટે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ એમ દયારામભાઇ કહે છે.

મોક્ષ : ભગવત્સ્વરૂપલાભ વિના સર્વે મોક્ષ નકામાં છે. પરમાનન્દપ્રાપ્તિ એજ પરમ સુખ. આ રીતે ભગવત્સ્વરૂપના લાભ પૂર્વે જ આત્યન્તિક દુઃખનો અભાવ થાય છે. ભગવાન મળે તો સર્વે ચારે મોક્ષ સિધ્ધ થાય, પરમાનન્દ મળે.

વૃત્રાસુર ચતુઃશ્લોકીમાં પણ આજ રીતે સર્વ ભગવાનરૂપી પુરૂષાર્થને માગ્યા છે. "ધર્મ ભગવદ્દાસ્ય, અર્થ ભગવાન, કામ ભગવાનને નિરખવાની તીવ્ર ઇચ્છા. મોક્ષ ઉત્તમશ્લોકજન ( ભગવદીયો) સાથે સ્મરણ ભજન આપો".

આ જ વાત શ્રીવલ્લભ કહે છે. કે, પ્રભુ વિના બાકીના બધા પુરુષાર્થ નથી. પણ ફાંફાં છે.

પુરૂષાર્થોઽ :શબ્દાત્ બાદરાયણઃ ॥ બ્રહ્મસૂત્રમ્

—: ચતુઃશ્લોકી સમાપ્ત :—

---

તમોને મહાસભા વિનંતિ કરે છે કે—

આ ધાર્મિક પરીક્ષાઓમાં તમો કઈ રીતે ઉપયોગી થઈ શકો છો ? તે વિચરી જુઓ પરીક્ષાર્થી તરીકે, પરીક્ષક તરીકે, પ્રચારક તરીકે, અધ્યાપક તરીકે, દ્રવ્ય સહાયક તરીકે, તદુપરાંત તમારા અથવા તમારા વડીલના નામે ઈનામોની જાહેરાત કરીને, ધાર્મિક પુસ્તકો છપાવી આપીને, પરીક્ષાના ધાર્મિક પુસ્તકો તમારા ગામમાં પરીક્ષાર્થીને મફત વહેંચીને, કઈ રીતે તમો 'મહાસભા'ને મદદ કરી શકો છો કે નહીં ? તે વિચારી જુઓ. અવશ્ય આ સંસ્થા અથવા તેના કેન્દ્રને તમો ગમે તે સ્થિતિમાં હો, તો પણ ધારો તો તમે ઉપરની ગમે તે રીતે મદદ કરી શકો તેમ છો. આજે જ ઉપરને શરનામે પત્રવ્યવહાર કરી પોતાનો મનોરથ પૂરો કરો. (આજેજ ફોર્મ ભરી સુરત મોકલો.)

— ભાગ પહેલો સમાપ્ત —

**સંવત ૨૦૩૮ થી નીચે પ્રમાણે અભ્યાસક્રમ રહેશે.**

ગુજરાતી તથા હિંદી વિભાગની પરીક્ષાઓ [સ્થાપના સં. ૧૯૮૨]

[૧] **પ્રથમા પરીક્ષા** [૧૦૦ ગુણાંક; ૩ કલાકનો એક પ્રશ્નપત્ર]
[૧] પુષ્ટિમાર્ગીય પદેશિકા ભાગ ૧ લેખક પ્રકાશક શાસ્ત્રીજી ચીમનલાલ [ કિં. ૩-૦૦ ગુણ ૮૦ [ ૨ ] શ્રીકૃષ્ણાશ્રય, મૂળ કંઠસ્થ અને અર્થ વિવેચન [પુ. મા, ભાગ ૧ માં કૃષ્ણાશ્રય છે] ગુણ [૨૦]

[૨] **દ્વિતીયા પરીક્ષા** [૧૦૦ ગુણાંક; ૩ કલાકનો એક પ્રશ્નપત્ર]
[ ૧ ] શુધ્ધાદ્વૈત પાઠાવલિ ભાગ ૧ [ મહાસભા પ્રકાશિત ] [કિં. ૨-૦૦] ગુણ ૭૦ [ સિદ્ધાંત રહસ્ય, વિવેકધૈર્યાશ્રય, ચતુઃશ્લોકી ભક્તિવર્ધિની, નવરત્ન આ પાંચ ગ્રંથોના શ્લોકાર્થ અને વિવેચન તેમજ મંગળાચરણ સિધ્ધાંત રહસ્ય અને ચતુઃશ્લોકીના શ્લોક મુખપાઠ કરવા. [૨] નિત્ય સેવા વિધિ [શુ પાઠાવલી ભાગ ૧ માં છે] [ગુણ ૧૫] [૩] સ્વાનિધિ સ્વરૂપની પ્રાકટય વાર્તા [સંપૂર્ણ] [મહાસભા પ્રકાશિત] કિં. ૨-૫૦ [ગુણ ૧૫ [ચિત્રજીસહિત.]

[૩] **તૃતીયા પરીક્ષા** [૧૦૦ ગુણાંક; ૩ કલાકનો એક પ્રશ્નપત્ર
[૧] શુધ્ધાદ્વૈત પાઠાવલી ભાગ ૨ [પાઠ ૧થી૧૭] પાનું ૧થી૭૦ કિં. ૨-૦૦ [ગુણ ૭૦] [૨] ભક્તિપોષણ [મહાસભા પ્રકાશિત] કિં. ૧-૦૦ , ૧૫ [૩] ગીતાજી અધ્યાય ૧૨ અને ૧૫ શ્લોકાર્થ અને વિવેચન ગુણ ૧૫ [કિ. ૧/-અનુવાદક-ચીમનલાલ શાસ્ત્રીજી [મહાસભા પ્રકાશિત]

[૪] **ચતુર્થી પરીક્ષા** બે પ્રશ્નપત્ર[૧] શુધ્ધાદ્વૈત પા.ભા.૨[પાઠ ૧૮થી૩૪] [પાનુ ૭૧થી૧૪૦] [૧૦૦ અંક] [૨] ગીતાજી [મહાસભા પ્રકાશિત] અધ્યાય ૧૨ અને ૧૫ વિનાસંપૂર્ણ પુસ્તક ન્યાસાદેશ સહિત [૧૦૦અંક કિ. ૪-૫૦

[૫] **પાંચમી પરીક્ષા** બે પ્રશ્નપત્ર [૧] શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત પ્રદીપ [કિં. ૫-૦૦] [અંક ૧૦૦] સંપૂર્ણ પુસ્તક- [પ્રશ્નપત્ર ૨] નિશ્ચિત કરેલા શિક્ષાપત્રો [૩] મૌખિક પરીક્ષાનો તથા પંચમીના કોર્સનો કાગળ સુરતથી મંગાવો [કુલ ૩૦૦ અંક] નોંધ ઉપરના તમામ પાઠય પુસ્તક વી.પી.થી સુરતથી મળી શકશે, કિંમત ઉપરાંત પોસ્ટ ખર્ચ અને રવાનગી ખર્ચ અલગ થશે. આજે જ પત્ર લખો :

મધુસૂદન શાસ્ત્રી, ૧૦-૩૧૦ મોટામંદિરની પોળ, સુરત ૩૯૫૦૦૩

આગામિ પરીક્ષા તારીખ-